સ્કેનીંગ થયેલ છે.

રાજકોટ
મહાનગરપાલિકા

અંદાજપત્ર

વર્ષ : ૨૦૧૪–૨૦૧૫

રાજકોટ મહાનગરપાલિકા

અંદાજપત્ર ૨૦૧૪–૨૦૧૫

અનુક્રમણિકા

નં.	વિગત	ભાગ	પાના નં.
૧.	મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની નોંધ		૦૧ થી ૨૩
૨.	મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની દરખાસ્ત		૨૪ થી ૨૯
૩.	સ્થાયી સમિતિના ચેરમેનશ્રીની નોંધ		૩૦ થી ૪૫
૪.	સ્થાયી સમિતિનાં ઠરાવ		૪૬ થી ૫૧
૩.	કોર્પોરેશન ફંડ એકત્રીત અંદાજપત્ર		૦૧ થી ૦૧
૪.	**મહેસુલી અંદાજપત્ર**	ભાગ–૧	
	–મહેસુલી આવક અંદાજપત્ર	૧–અ	૦૨ થી ૦૭
	–મહેસુલી ખર્ચ અંદાજપત્ર	૧–બ	૦૮ થી ૩૩
૫.	**મુડી અંદાજપત્ર**	ભાગ–૨	
	–મુડી આવક અંદાજપત્ર	૨–અ	૩૪ થી ૩૬
	–મુડી ખર્ચ અંદાજપત્ર	૨–બ	૩૭ થી ૪૫
૬.	**અનામત અંદાજપત્ર**	ભાગ–૩	
	–અસાધારણ દેવું અંદાજપત્ર		૪૬ થી ૪૬
	–એસ્ટાબ્લીશમેન્ટ શેડયુલ		૪૭ થી ૪૯
	–સીકીંગ ફંડ અંદાજપત્ર		૫૦ થી ૫૦
	–પેન્શન ફંડ અંદાજપત્ર		૫૧ થી ૫૧

રાજકોટ મહાનગરપાલિકા

કમિશનરશ્રીની નોંધ

૧. પ્રાસ્તાવિકઃ

મહાનગરપાલિકાનું વાર્ષિક અંદાજપત્ર નાણાંનાં જમાખર્ચનો હિસાબ જ માત્ર નથી, પરંતુ પ્રવર્તમાન વર્ષમાં આપણાં શહેરની સુવિધામાં વધારો કરવાનાં શુભ હેતૂસર અમલમાં મુકવામાં આવેલી પરિયોજનાઓ અને આગામી વર્ષનાં નવા આયોજનની બ્લ્યુ પ્રિન્ટ પણ છે. રાજકોટ શહેર વધી રહ્યું છે. જે માત્ર વૃદ્ધિ નથી. વિકાસ પણ છે. આપણે રોજ આ શહેરને વિકસતુ જોઇ રહ્યા છીએ એટલે કદાચ એની ખાસિયતનો ખ્યાલ આવતો નથી. પણ વર્ષો પછી રાજકોટની મુલાકાતે આવતા લોકો કે પછી પરપ્રાંત કે વિદેશી પ્રતિનિધિ મંડળ રાજકોટની મુલાકાતે આવે ત્યારે એમનાં મુખેથી શહેરનાં વિકાસનાં વખાણ આપણી સૌની કામગીરીને પોરસાવે છે. છતાં ઘણું કરવું બાકી રહી જાય છે. ઘણી નવી વાત પણ ઉમેરાતી જાય છે. રાજકોટ શહેરમાં હવે રાજકોટ મહાનગરપાલિકાની કામગીરીનું ફલક માત્ર રસ્તા, ગટર, લાઇટ, પાણી અને સફાઇની સેવા પુરતું મર્યાદિત નથી.

વર્ષ ૨૦૧૨-૧૩નાં અંદાજપત્રમાં શિક્ષણ અને આરોગ્ય સેવા પર ભાર મુકવામાં આવ્યો હતો. આ શહેરનાં ગરીબ લોકોનાં બાળકોને ઉત્તમ કક્ષાનાં શિક્ષણ માટે શાળા/આંગણવાડીની માળખાકીય સુવિધાઓ વધારવામાં આવી. સાથે સાથે અર્બન હેલ્થ સોસાયટીનાં માધ્યમથી દવાખાના વધ્યા, નવી સાધન સુવિધાની આપૂર્તિ થઇ તેમજ સેવા વધુ સુદ્રઢ બની. પ્રવર્તમાન વર્ષ ૨૦૧૩-૧૪નું અંદાજપત્ર રજૂ કરતી વખતે પાણી અને પરિવહનને પ્રાધાન્ય અપાયું હતુ. પાણી તો ખૈર પ્રાણપ્રશ્ન છે જ. જે કરીએ તે ઓછું પડે. ચાલુ વર્ષે નવા ઇએસઆર-જીએસઆર અને નવી ડી.આઇ. પાઇપલાઇનનું કાર્ય હાથ ધરાયું. જે આગામી વર્ષે પણ ચાલુ રહેશે. તેની સાથે શહેરી પરિવહન જેવી મરજિયાત ફરજને પણ હાથ પર લીધી. થોડી મુશ્કેલી જરૂર પડી પણ પરિવહન સેવા અત્યંત જરૂરી હતી. અને હવે એ કાર્યરત બની છે. રાજકોટ શહેરનાં લોકો એનો મહત્તમ ઉપયોગ કરે એ જરૂરી છે. વધતી જતી ટ્રાફિક સમસ્યાનાં હલ માટે આ લઘુત્તમ જરૂરિયાત છે.

આગામી વર્ષ ૨૦૧૪-૧૫ માટે પાણી અને પરિવહનનાં વિષયને તો લક્ષમાં લીધા જ છે. પરંતુ લોકો માટે આવાસ યોજનાનું મહત્વકાંક્ષી કાર્ય હાથ ધર્યું છે. શહેરમાં જમીનની કિંમત વધારે હોવાનાં કારણે ખાનગી ક્ષેત્રમાં બનતા મકાનો મોંઘા હોય છે. મહાનગરપાલિકા પોતે આવાસ નિર્માણ કરે ત્યારે જમીનની કિંમત ગણત્રીમાં લેવાતી નથી. પરિણામે લોકોને પોષાય તેવા ભાવે આવાસ ઉપલબ્ધ થાય છે. શહેરનાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે મોટે પાયે આવાસ નિર્માણનું આયોજન આગામી વર્ષે કાર્યાન્વિત થશે. શહેરની વિવિધ ટાઉન પ્લાનિંગ સ્કીમ્સમાં ઘણાં પ્લોટ્સ નબળા વર્ગનાં લોકોનાં આવાસ માટે અનામત હોય જ છે. એમાં આવાસ બનાવવાનું કાર્ય અત્યાર સુધીમાં ચાલી રહ્યું છે. શહેરભરમાં ઉત્પન્ન થતાં ઘન કચરા નિકાલનાં પાયામાં સંકળાયેલા એવા સફાઇ કામદાર કર્મચારીઓ માટે પણ આવાસ યોજનાનું નિર્માણ કાર્ય ગતિમાં છે. આવાસ નિર્માણ માટે વિવિધ રાજ્ય અને કેન્દ્રની આંશિક સહાય મહાનગરપાલિકાને મળે છે, પણ પોતાનાં આર્થિક ફાળા ઉપરાંત મહાનગરપાલિકા જમીનની કિંમત

ગણત્રીમાં લેતી નથી. લાભાર્થીઓને આંતરિક માળખાકીય સુવિધા પણ વિના મૂલ્યે પ્રાપ્ત થાય છે. આ લાભ માટે વાર્ષિક આવક મર્યાદા એક લાખ રૂપિયા કે તેનાથી ઓછી હોય છે. આગામી વર્ષે મા. મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત એક લાખથી અઢી લાખ અને અઢી લાખથી પાંચ લાખ સુધીની વાર્ષિક આવક મર્યાદા ધરાવતા મધ્યમ વર્ગને પણ પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપનાં માધ્યમથી એલ.આઇ.જી. અને એમ.આઇ.જી. અફોર્ડેબલ હાઉસિંગનો લાભ મળશે. આ ઉપરાંત રાજકોટમાં પોતાનાં કામધંધા માટે આવી વસેલા લોકોને ભાડેથી મકાન મળી રહે તે માટે રેન્ટલ હાઉસિંગનો એક મહત્વકાંક્ષી પ્રોજેક્ટ પણ આગામી બજેટમાં સૂચવી રહ્યો છું.


આગામી વર્ષમાં આવાસ સાથે શહેરની સમગ્ર સામાજિક માળખાકીય સેવાઓનું યોગ્ય આયોજન અને ઇચ્છનીય વિકાસ થાય તે જરૂરી છે. શહેરનાં સામાન્ય નાગરિકને તમામ નાગરિક સુવિધા પોતાની નજીક મળી રહે તે જરૂરી છે. દરેક વોર્ડમાં એક કોમ્યુનિટી હોલ અંતર્ગત આ વર્ષે ચાર નવા કોમ્યુનિટી હોલ્સ, ચાર નવી શાકભાજી માર્કેટ, આંગણવાડીનાં નવા ૨૪૫ મકાનો, રેસકોર્સનાં રમતગમતનાં મેદાનોનું અદ્યતનિકરણ ઉપરાંત ઇસ્ટ અને વેસ્ટ ઝોનમાં નવા રમતગમત મેદાન સંકુલ, ટીપી સ્કીમ્સનાં રમતગમતનાં મેદાન તેમજ મ્યુનિસિપલ શાળાઓનાં મેદાનનો વોલીબોલ, ફૂટબોલ, હોકી, બાસ્કેટબોલ વગેરે ગ્રાઉન્ડ્સ તરીકે વિકાસ અને આવા મેદાનોનો શાળાઓ કે સંસ્થાઓને ટોકન ફી ધોરણે ઉપયોગની તક, વેસ્ટ ઝોનમાં એક સ્વિમિંગ પૂલ, બે નવા દવાખાના, નવા બાગબગીચા, ઇસ્ટ અને વેસ્ટ ઝોનમાં લાઇબ્રેરી, નાગરિક સુવિધા આપૂર્તિ માટે બે નવી વોર્ડ ઓફિસ, ઇસ્ટ-વેસ્ટ ઝોન ઓફિસનું વિસ્તૃતિકરણ, એક નવું સિવિક સેન્ટર અને એક નવો રેકર્ડ રૂમ, આજી-ન્યારી એમ્યુઝમેન્ટ પાર્ક, વોંકળા આધુનિકીકરણ(ગ્રીન વેયઝ), ત્રણ ઝોનમાં એક રાત્રિ બજાર, જ્યુબિલી ગાર્ડન બેન્ડ સ્ટેન્ડ જેવા ઐતિહાસિક વારસાની જાળવણી સહિત હેરિટેજ અંગેના કાર્ય, છ પે એન્ડ યુઝ ટોયલેટ, ત્રણ મોબાઇલ ટોયલેટ, બાળસ્મશાન સહિત સ્મશાનો વગેરેનું મહત્વકાંક્ષી આયોજન આગામી વર્ષે હાથ પર લેવા સૂચવવામાં આવ્યું છે. શહેરમાં વસતા નાગરિકો માટે સામાજિક માળખાકીય સુવિધા યોજનાઓ દ્વારા સાંસ્કૃતિક, રમતગમત સેવાઓમાં ઇજાફો થશે, ફરવાફરવાનાં સ્થળોનો વિકાસ થશે અને જરૂરી નાગરિક સુવિધા વધશે.

આમ આગામી વર્ષનાં બજેટનો મધ્યવર્તી વિચાર રાજકોટ શહેરમાં આવાસ સુવિધાની આપૂર્તિ(Affordable Housing) અને સામાજિક માળખાકીય સેવા(Social Infrastructure Projects)નો વિકાસ રહેશે. આ બન્ને વિચારને કેન્દ્રમાં રાખી, એ ઉપરાંત મહાનગરપાલિકાની તમામ અનિવાર્ય સેવાઓનાં વિકાસનાં અનેક નવા સંકલ્પો સાથે વર્ષ ૨૦૧૩-૧૪નું રીવાઇઝડ બજેટ અને વર્ષ ૨૦૧૪-૧૫નાં બજેટની દરખાસ્ત જીપીએમસી એક્ટ-૧૯૪૯, કલમ-૯૫ અન્વયે સ્થાયી સમિતિમાં રજૂ કરી રહ્યો છું.

૨. નાણાંકીય આયોજનઃ

બજેટ ઉડતી નજરે

રકમ રૂા. લાખમાં



(રકમ ₹ લાખમાં)

				કમિશનરશ્રી એ સુચવેલ	
વિગત	૨૦૧૦-૧૧ ખરેખર	૨૦૧૧-૧૨ ખરેખર	૨૦૧૨-૧૩ ખરેખર	૨૦૧૩-૧૪ રીવાઈઝ	૨૦૧૪-૧૫ અંદાજ
રેવન્યુ બજેટ	૨૬૮૪૪.૨૯	૨૮૯૭૪.૮૫	૩૧૦૫૬.૮૩	૩૭૨૫૨.૦૯	૪૪૮૦૬.૦૩
કેપિટલ બજેટ	૧૮૦૦૩.૭૨	૧૬૯૨૨.૧૬	૨૨૮૭૦.૯૪	૪૪૧૬૬.૦૦	૧૫૪૨૪૩.૮૭
અસાધારણ બજેટ	૧૮૧૦.૮૯	૮૭૮.૪૧	૧૫૧૦.૨૫	૧૬૩૮.૯૨	૩૩૩૦.૦૦
કુલઃ	૪૬૬૫૮.૯૦	૪૬૭૭૫.૪૨	૫૫૪૩૮.૦૨	૮૩૦૫૭.૦૧	૨૦૨૩૭૯.૯૦

(રકમ ₹. લાખમાં)

હિસાબી સદર	ખરેખર			કમિશનરશ્રી એ સુચવેલ	
				સુધારેલ અંદાજ	અંદાજ
	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫
પુરાંત બાકી	૧૧૪૨૩.૧૬	૯૫૭૩.૯૫	૧૩૬૭૮.૬૯	૧૯૧૦૧.૨૪	૧૧૨૭૨.૪૭
મહેસુલી આવક	૨૮૭૨૧.૦૫	૨૭૭૩૬.૦૩	૩૨૦૭૯.૯૯	૪૧૬૮૪.૫૪	૪૬૦૫૩.૬૯
મૂડી આવક	૧૪૨૭૭.૭૫	૨૨૨૬૫.૭૨	૨૭૨૭૦.૩૩	૩૧૯૦૪.૭૮	૧૪૧૯૧૬.૧૮
લોન આવક	0.00	0.00	0.00	0.00	0.00
કુલ આવક	૪૨૯૯૮.૮૦	૫૦૦૦૧.૭૫	૫૯૩૫૦.૩૨	૭૩૫૮૯.૩૨	૧૮૭૯૬૯.૮૭
સિલકસહ આવક	૫૪૪૨૧.૯૬	૫૯૫૭૫.૭૦	૭૩૦૨૯.૦૧	૯૨૬૯૦.૫૬	૧૯૯૨૪૨.૩૪
મહેસુલી ખર્ચ	૨૬૮૪૪.૨૯	૨૮૯૭૪.૮૫	૩૧૦૫૬.૮૩	૩૭૨૫૨.૦૯	૪૪૮૦૬.૦૩
મૂડી ખર્ચ	૧૮૦૦૩.૭૨	૧૬૯૨૨.૧૬	૨૨૮૭૦.૯૪	૪૪૧૬૬.૦૦	૧૫૪૨૪૩.૮૭
કુલ ખર્ચ	૪૪૮૪૮.૦૧	૪૫૮૯૭.૦૧	૫૩૯૨૭.૭૭	૮૧૪૧૮.૦૯	૧૯૯૦૪૯.૯૦
સિલક બાકી	૯૫૭૩.૯૫	૧૩૬૭૮.૬૯	૧૯૧૦૧.૨૪	૧૧૨૭૨.૪૭	૧૯૨.૪૪
સુચિત કરવેરા આવક	0.00	0.00	0.00	0.00	0.00
સુધારેલ સિલક	૯૫૭૩.૯૫	૧૩૬૭૮.૬૯	૧૯૧૦૧.૨૪	૧૧૨૭૨.૪૭	૧૯૨.૪૫
પુરાંત બાકી	૫૧૫૭.૨૪	૫૨૮૧.૧૫	૯૫૬૧.૫૬	૧૪૬૯૧.૨૩	૧૫૬૫૧.૭૬
અનામત આવક	૧૯૩૪.૮૦	૫૧૫૮.૮૨	૬૬૩૯.૯૨	૨૫૯૯.૪૫	૨૭૩૧.૦૦
અનામત જાવક	૧૮૧૦.૮૯	૮૭૮.૪૧	૧૫૧૦.૨૫	૧૬૩૮.૯૨	૩૩૩૦.૦૦
સિલક	૫૨૮૧.૧૫	૯૫૬૧.૫૬	૧૪૬૯૧.૨૩	૧૫૬૫૧.૭૬	૧૫૦૫૨.૭૬

રાજકોટ મહાનગરપાલિકાનું દેવું

(રકમ ₹. લાખમાં)

અનુ. નં.	લોનની વિગત		૦૧–૦૪–૧૩ ની ખુલતી સિલક	વર્ષ દરમ્યાન આવેલ લોન	કુલ લોન	વર્ષ દરમ્યાન લોનની પરત ચુકવણી	૩૧–૦૩–૧૪ ના લોન બાકી
૧	રાજય સરકારશ્રી						
	૧) વિકાસ કામે લોન (ફાયર વિસ્તૃતીકરણ)	(૦૭૨૧)	૧૪.૩૧		૧૪.૩૧	૪.૭૭	૯.૫૪
	૨) પાણી પુરવઠા માટે (અર્બન વોટર સપ્લાય)	(૧૬૦૬)	૦.૦૦		૦.૦૦	૦.૦૦	૦.૦૦
	૩) એન.એસ.ડી.પી.	(૨૭૫૪)	૦.૦૦		૦.૦૦	૦.૦૦	૦.૦૦
	૪) જી.એસ.ડી.એમ.એ.	(૨૭૬૧)	૫૬૫.૯૪		૫૬૫.૯૪	૪૧.૩૮	૫૨૪.૫૬
	રાજય સરકારશ્રી કુલ		૫૮૦.૨૫	૦.૦૦	૫૮૦.૨૫	૪૬.૧૫	૫૩૪.૧૦
૨	ભાદર પાણી પુરવઠા યોજના એલ.આઈ.સી. મુંબઈ	(૦૭૨૪)	૦.૦૦		૨૪.૮૩	૯.૮૫	૧૪.૯૮
૩	સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર (નર્મદા પાણી પુરવઠા માટે)	(૧૬૦૮)	૦.૦૦		૦.૦૦	૦.૦૦	૦.૦૦
૪	યુનિયન બેંક ઓફ ઈન્ડિયા (આવાસ યોજના)		૦.૦૦		૦.૦૦	૦.૦૦	૦.૦૦
૫	સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર (કર્મચારી મકાન લોન)	(૦૭૦૩)	૦.૦૦		૦.૦૦	૦.૦૦	૦.૦૦
૬	ડિબેન્ચર પરત ચૂકવણી (યુનિયન બેંક લોન)		૩૩.૬૫		૩૩.૬૫	૩૩.૬૫	૦.૦૦
૭	ડિબેન્ચર (આઈ.ઓ.બી.)		૦.૦૦		૦.૦૦	૦.૦૦	૦.૦૦
	કુલ લોન (રેગ્યુલર)		૬૧૩.૯૦	૦.૦૦	૬૩૮.૭૩	૮૯.૬૫	૫૪૯.૦૮
૮	રાજય સરકારશ્રી (વિશ્વ બેંક)		૫૪૩.૦૦		૫૪૩.૦૦		૫૪૩.૦૦
૯	૮૬–૮૭ની અછત લોન (રાજય સરકાર)		૧૭૧૫.૩૪		૧૭૧૫.૩૪		૧૭૧૫.૩૪
	કુલ લોન (ડિસ્પ્યુટેડ)		૨૨૫૮.૩૪	૦.૦૦	૨૨૫૮.૩૪	૦.૦૦	૨૨૫૮.૩૪
	કુલ દેવું		૨૮૭૨.૨૪	૦.૦૦	૨૮૯૭.૦૭	૮૯.૬૫	૨૮૦૭.૪૨

અનિર્ણીત જવાબદારીઓ

વિશ્વબેંક તરફથી રાજય સરકારશ્રી દ્વારા પાણી પુરવઠા બોર્ડને મળેલ ₹.૫૪૩ લાખની તેમજ ૧૯૮૬–૮૭ની અછતમાં પાણીની કટોકટી વખતે ટ્રેઈન દ્વારા રાજય સરકારે પાણી પૂરું પાડેલ તેનાં ₹.૧૭૫૦ લાખની રકમ વિવાદમાં છે. આ રકમને ગ્રાંટ તરીકે ગણવા અંગે સરકારશ્રી સાથે યોગ્ય રજૂઆત ચાલુ છે.

3. કરવેરા દરખાસ્ત:

મહાનગરમાં નવા મૂડીકૃત કાર્યો(Capital Projects) કેન્દ્ર અને રાજ્ય સરકારની સહાયથી થાય અને તે તમામ યોજનાં પૂર્ણ થાય ત્યારે તેની નિભાવણી મરામત દર વર્ષે થતી કરવેરાની મહેસૂલી આવક(Revenue Income)માંથી થવી જોઇએ. કરવેરાની આવક સ્થિર આવક છે. એમાં ઉત્તરોત્તર વધારો થતો નથી. જ્યારે વીજળી, ઇંધણમાં સમયાંતરે વધારો અવશ્ય થાય છે. આ સંજોગોમાં કરવેરામાં વધારો થતો રહેવો જોઇએ. પણ એમ થતું નથી. કરવેરા વધારવાની જગ્યાએ આગામી વર્ષે જે કરવેરા છે તેની પૂર્ણ રિકવરી થાય એવું આયોજન કર્યું છે. આગામી વર્ષે દરેક મિલ્કત કરવેરાનાં રડાર પર અચૂક આવી જાય, આખી કરવેરા પદ્ધતિનું નવેસરથી કમ્પ્યુટર પ્રોગ્રામિંગ થાય અને આકારણી/ વેરા વસૂલાતની ખાસ ઝુંબેશનું આયોજન છે. કરચોરી ડામવા અને બાકી લેણાં નાણાંની ભરપાઇનાં વહીવટી પગલાંનાં આયોજનને લક્ષ્યમાં લેતા આગામી વર્ષે નવા કરવેરા કે હાલ પ્રવર્તમાન કરવેરામાં વધારો કરવાની કોઇ દરખાસ્ત કરવામાં આવી નથી.

૪. વિકાસના કામો:

શહેરનાં નવવિકસિત વિસ્તારને શહેરી માળખાકીય સેવાઓથી જોડવા માટે વિવિધ કેન્દ્ર/રાજ્ય સરકારશ્રીની યોજના તથા પોતાના આવક સ્ત્રોતનો ઉપયોગ કરીને મહાનગરપાલિકા કાર્ય કરે છે. આગામી વર્ષે મહત્તમ કાર્યો મા. મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતી શહેરી વિકાસ યોજના અંતર્ગત થશે જે નોંધપાત્ર છે.

૪.૧ ભૌતિક આંતર માળખાકીય સુવિધાઓ

'સ્વર્ણિમ જયંતી માન. મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' યુ.ડી.પી.-૭૮ હેઠળ સરકારશ્રી તરફથી ફાળવવામાં આવનાર ગ્રાંટમાંથી નીચે દર્શાવ્યા મુજબના ભૌતિક આંતર માળખાકીય સુવિધાઓ પુરી પાડવા અંગેનું આયોજન આગામી વર્ષ હાથ ધરવામાં આવનાર છે. આમ ભૌતિક આંતર માળખાકીય સુવિધાઓ નીચે દર્શાવ્યા મુજબ (મુદ્દા નં ૪.૧.૧ થી ૪.૧.૪) પુરી પાડવા ચાલુ વર્ષે રીવાઇઝ જોગવાઇ ₹૧૫૭૭૭ લાખ અને આગામી વર્ષે ₹ ૨૨૩૭૧ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

૪.૧.૧ રસ્તા

રાજકોટ શહેરનાં કાલાવડ રોડ, યુનિ. રોડ, નાનામવા રોડ, મોરબી રોડ, પેડક રોડ, રેસકોર્સ રિંગ રોડ, શારદા બાગ મેઇન રોડને 'ગૌરવ પથ / સુવિધા પથ' તરીકે વિકસાવાની કામગીરી કરવામાં આવી છે. તેમજ ૧૫૦ ફુટ રિંગ રોડથી પશ્ચિમે નાનામવા રોડ અને રૈયા રોડનો સિમેન્ટ કોંક્રીટ રોડ તરીકે વિકાસ કરવાની કામગીરી ચાલુ છે.

વર્ષ ૨૦૧૪-૨૦૧૫માં રાજકોટ શહેરનાં મુખ્ય માર્ગો કોસ્ટ ઇફેકટીવ, વધુ મજબુત અને ટકાઉ બને અને વરસાદી પાણીના ભરાવાના કારણે રસ્તાઓની સપાટી તૂટે નહીં તે માટે રસ્તા કામની નવી ટેકનોલોજી જેવી કે પોલીમરાઇઝડ રોડ, માઇક્રો-સરફેસિંગ અને સી.સી. રોડનો ઉપયોગ વધારવા પ્રાથમિક તબક્કે દરેક ઝોનમાં ૫ થી ૬

કિ.મી. લંબાઇનાં રસ્તા તૈયાર કરવા આયોજન કર્યું છે. વધુમાં, આગામી વર્ષે ન્યારી ડેમ જતા રસ્તાનો વિકાસ કરવા માટે પણ જોગવાઇ કરવામાં આવી છે. શહેરમાં આવેલ તમામ ટી.પી.સ્કીમનાં રસ્તાઓ મેટલિંગ કરવાના આયોજન છે.

આમ, ઉપરોક્ત વિગતોએ સમગ્ર રસ્તા કામો માટે રીવાઈઝડ અંદાજ ₹ ૭૯૧૨.૬૩ લાખ અને નવા વર્ષ ૨૦૧૪-૧૫માં ₹ ૧૨૧૫૫.૮૫ લાખના કામો કરવા માટે આયોજન છે.

૪.૧.૨ ગરીબ સમૃધ્ધિ યોજના

રાજકોટ શહેરનાં આર્થિક રીતે પછાત ગરીબ વિસ્તારોમાં લઘુત્તમ માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા ચાલુ વર્ષે રીવાઈઝડ અંદાજ ₹ ૩૨૦૭ લાખ અને નવાં વર્ષ ૨૦૧૪-૧૫માં ₹ ૩૦૩૨ લાખના કામો કરવા માટે આયોજન છે. જે પૈકી નોંધનીય સ્લમ વિસ્તારોમાં વ્યક્તિગત શૌચાલય અને વ્યક્તિગત ડ્રેનેજ જોડાણ મહાનગરપાલિકાનાં ખર્ચે કરવામાં આવશે.

૪.૧.૩ જન ભાગીદારી

રાજકોટ શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાં આવેલ ખાનગી સોસાયટીઓમાં રસ્તા, પાણી, ગટર વિગેરે માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા ચાલુ વર્ષે રીવાઈઝડ અંદાજ ₹ ૪૦૦૦ અને નવાં વર્ષ ૨૦૧૪-૧૫માં ₹ ૩૦૦૦ લાખના કામો કરવા માટે આયોજન છે.

૪.૧.૪ અન્ય

વધુમાં રાજકોટ શહેરનાં નાગરિકોને અન્ય માળખાકિય સુવિધા મળી રહે, તે માટે પૂર્વ અને પશ્ચિમ ઝોનમાં હૈયાત ઓફિસનું વિસ્તૃતિકરણ, તમામ ઝોનમાં વોંકળા સુધારણાં, બાળકો માટેનું સ્મશાન, મધ્યસ્થ રેકર્ડ જાળવણી માટે આધુનિક સેન્ટ્રલ રેકર્ડ કચેરી, વિગેરે માટેનું આયોજન કરેલ છે.

૪.૨ સામાજિક આંતર માળખાકીય સુવિધાઓ

'સ્વર્ણિમ જયંતી માન. મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' યુ.ડી.પી.-૭૮ હેઠળ સરકારશ્રી તરફથી ફાળવવામાં આવનાર ગ્રાંટમાંથી નીચે દર્શાવ્યા મુજબના સામાજિક આંતર માળખાકીય સુવિધાઓ પુરી પાડવા અંગેનું આયોજન આગામી વર્ષ હાથ ધરવામાં આવશે. આ સમગ્ર વિગતોએ સામાજિક આંતર માળખાકીય સુવિધાઓ પુરી પાડવા ચાલુ વર્ષ રીવાઇઝડ ₹ ૨૨૫૩ લાખ અને આગામી વર્ષે ₹૯૦૩૭ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે જેની ટૂંકી વિગત નીચે મુજબ(૪.૨.૧ થી ૪.૨.૭માં) દર્શાવવામાં આવી છે.

૪.૨.૧ આરોગ્યલક્ષી તેમજ શૈક્ષણિક

રાજકોટ શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાં બે આરોગ્ય કેન્દ્રો, બે વોર્ડ ઓફિસ, છ કોમ્યુનિટી ટોઇલેટ્સ, બે મોબાઇલ ટોઇલેટ્સ અને શૈક્ષણિક હેતુ માટેના બાંધકામો હાથ ધરવાનું આયોજન છે. આગામી વર્ષે વેસ્ટ ઝોનમાં બે આરોગ્ય

કેન્દ્ર, પૂર્વ અને પશ્ચિમ ઝોનમાં વોર્ડ ઓફિસ, શહેરનાં ત્રણેય ઝોનમાં નવી ૨૪૫ આંગણવાડીઓ બનાવવાનું આયોજન છે.

૪.૨.૨ ઓડિટોરિયમ / કોમ્યુનિટી હોલ / મલ્ટિ એક્ટિવિટી સેન્ટર

રાજકોટ શહેરમાં પૂર્વ ઝોન વિસ્તારમાં ઓડિટોરિયમ અને કોમ્યુનિટી હોલ, સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં કોમ્યુનિટી હોલ અને વેસ્ટ ઝોન વિસ્તારમાં મલ્ટિ એક્ટિવિટી સેન્ટરનું કામ પ્રગતિમાં છે. આગામી વર્ષે વેસ્ટ ઝોન વિસ્તારમાં ઓડિટોરિયમ, કોમ્યુનિટી હોલ, પૂર્વ ઝોન વિસ્તારમાં બે કોમ્યુનિટી હોલ, અને સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં એક કોમ્યુનિટી હોલ બનાવવાનું આયોજન છે. વધુમાં, રાજકોટ મહાનગરપાલિકા તરફથી લોકોને લગ્ન પ્રસંગે અને અન્ય સામાજિક પ્રસંગો માટે ઉપયોગ થાય તે હેતુસર પાર્ટી પ્લોટ વિકાસ કરવાનું આયોજન કરેલ છે.

૪.૨.૩ શાકભાજી માર્કેટ

રાજકોટ શહેરનાં લોકોને આયોજનબધ્ધ સામાજિક સુવિધા પુરી પાડવા માટે પૂર્વ ઝોન અને પશ્ચિમ ઝોનનાં વિસ્તારોમાં ચાર નવી શાકભાજી માર્કેટ બનાવવા માટેનું આયોજન છે.

૪.૨.૪ લાઇબ્રેરી

રાજકોટ શહેરનાં લોકોની વાંચન માટે પુસ્તકોની સુવિધા મળી રહે તેમજ યુવાનોને સ્પર્ધાત્મક પરિક્ષા અનુલક્ષીને પુરતું જ્ઞાન પ્રાપ્ત થાય તે હેતુથી પૂર્વ અને પશ્ચિમ ઝોન વિસ્તારમાં લાઇબ્રેરી બનાવવાનું આયોજન છે.

૪.૨.૫ સ્પોર્ટસ કોમ્પલેક્ષ

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં લોકોને રમત-ગમતનાં હેતુ માટે પ્રોત્સાહન મળે તે માટે પૂર્વ અને પશ્ચિમ ઝોનમાં સ્પોર્ટસ કોમ્પલેક્ષ વિકસાવવા આયોજન છે.

૪.૨.૬ સિટી સિવિક સેન્ટર અને વોર્ડ ઓફિસ

રાજકોટ શહેરનાં નાગરિકોને તેઓનાં રોજિંદા પ્રશ્નો અંગે નજીકમાં જ સુવિધા મળી રહે, તે હેતુસર સેન્ટ્રલ ઝોનમાં જામનગર રોડ પર વધુ એક સિવિક સેન્ટર અને પૂર્વ ઝોનમાં વોર્ડ નં.-૫ અને પશ્ચિમ ઝોનમાં વોર્ડ નં.-૨૧માં નવી વોર્ડ ઓફિસ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

૪.૨.૭ સ્મશાન

રામનાથપરા અને રૈયા રોડ સ્મશાનમાં વિદ્યુત્તભઠ્ઠી આગામી વર્ષમાં કાર્યાન્વિત થઇ જશે. તે સાથે જિલ્લા ગાર્ડન પાસેનું બાળ-સ્મશાનનું રીનોવેશન અને પશ્ચિમ ઝોનમાં મવડી ખાતે નવા બાળસ્મશાનની દરખાસ્ત છે. આ બાળસ્મશાનોમાં પ્રાર્થના-હૉલ સહિતની અન્ય સગવડતા કરાશે.

૪.૨.૮ રાજકોટ ઝૂલોજિકલ પાર્ક વિસ્તૃતિકરણ

પ્રદ્યુમ્ન પાર્ક સ્થિત ઝૂલોજિકલ પાર્કનાં વિસ્તૃતિકરણનાં ભાગ રૂપે વર્ષ ૨૦૧૩-૨૦૧૪માં ₹૫૦૦ લાખનાં ખર્ચે નવા છ એન્કલોઝર અને ઇન્ટરપ્રીટેશન સેન્ટરની કામગીરી ચાલુ છે. તેમજ વર્ષ ૨૦૧૪-૨૦૧૫માં વધુ પ્રાણીઓનાં એન્કલોઝર જેવા કે જંગલી ગધેડા, સફેદ વાઘ, પક્ષીઓ, માછલીઘર, વિગેરે બનાવવાનું આયોજન છે. જે માટે અંદાજે ₹ ૬૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

૪.૨.૯ આજી નદી સુધારણા

શહેરની મધ્યમાંથી પસાર થતી આજી નદીની સુધારણા વિષે પ્રિ- ફિઝિબિલીટી કાર્યવાહી શરૂ થઇ ચૂકી છે, આજી રીવર ફ્રન્ટ લાંબા ગાળાની યોજના છે, પરંતુ તેનું વિસ્તૃત પ્લાનીંગ આગામી વર્ષમાં હાથ ધરવામાં આવશે, જેમાં નદીમાં ભળતા દૂષિત પાણી, દબાણ, બાઉન્ડ્રી વોલ, માર્કેટ, બગીચા વિગેરેનો સમાવેશ થઇ જાય છે.

૪.૩ અર્બન મોબિલિટી

રાજકોટ શહેરનાં મુખ્ય માર્ગો પર રેલ્વે ફાટકનાં કારણે લોકોને અસુવિધા ન થાય તે માટે શહેરનાં ભગવતીપરા અને મોરબી રોડ ઓવરબ્રીજ બની રહ્યાં છે. તેમજ જામનગર રોડ આર.ઓ.બી. વિસ્તૃતિકરણની કામગીરી પ્રાથમિક તબકકે પ્રગતિમાં છે. અંબિકા ટાઉનશીપ રોડ પર હાઇલેવલ બ્રીજ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. તેમજ રામનાથપરા પર હાઇ લેવલ બ્રીજ, રૈયા રોડ અને મવડી રોડ જંકશન પર ફલાય ઓવર બ્રીજ બનાવવા પ્રિ-ફીઝીબીલીટીની કામગીરી ચાલુ છે. વધુમાં આગામી વર્ષે કાલાવડ રોડ - ૧૫૦ ફુટ રિંગ રોડ જંકશન પર અન્ડર બ્રીજ બનાવવાનું આયોજન છે.

આમ, ઉપરોક્ત વિગતોએ બ્રીજ તથા ટ્રાફિક માટે રીવાઈઝડ અંદાજ ₹ ૧૨૫૨ લાખ અને નવાં વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માં ₹ ૫૬૧૭ લાખના કામો કરવા માટે આયોજન છે.

૫. પાણી પૂરવઠોઃ

રાજકોટ મહાનગરપાલિકા વોટર વર્કસ શાખા શહેરમાં વસતા આશરે ૧૪ લાખની વસતિને શુધ્ધ પીવાનું પાણી પુરૂ પાડવાની આવશ્યક સેવા આપે છે. જે માટે શહેર કુલ ૨૩૦ એમ. એલ. ડી. ક્ષમતાના પાંચ ફિલ્ટર પ્લાન્ટ આવેલ છે. તેમજ હેડ વર્કસની સંખ્યા ૧૯ જેટલી થાય છે. ઉપરાંત બલ્ક વોટર પમ્પિંગ સ્ટેશન ૧૧ સમાવેશ થાય છે. આ ઉપરાંત ચાર સ્વિમિંગ પૂલ પણ વોટર વર્કસ શાખા દ્વારા નિભાવવામાં આવે છે. પાણી એ રાજકોટનો પ્રાણ પ્રશ્ન છે. આ ક્ષેત્રે સતત સુધારા વધારા વિષે વિચાર કરવાની આવશ્યકતા છે. આગામી વર્ષે પાણીની આપૂર્તિ અને પાણી વિતરણને વધારે સુદ્રઢ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

૫.૧ પાણીની આપૂર્તિ

મહાનગરપાલિકા હસ્તકના ન્યારી-૧ ડેમની ઉંચાઇ વધારવા અને તે સુરક્ષિત કરવા માટેનો પ્રોજેકટ કાર્યાન્વિત થયો છે. ₹ ૫૪૦૦ લાખનાં ખર્ચે અમલી બનનાર આ પ્રોજેકટમાં ન્યારી-૧ ડેમની ઉંચાઇ ૧ મીટર વધશે, જેના પરિણામે ન્યારી-૧ ની પાણીની સંગ્રહશકિતમાં જે હાલમાં ૯૦૦ mcft છે, જે વધીને ૧૨૦૦ mcft થશે, જેનાંથી પશ્ચિમ ઝોનની ૨.૫ લાખ જેટલી વસ્તીને ચાર મહિના ચાલે તેટલું વધારાનું પાણી મળશે, આ ઉપરાંત રામપરબેટીની યોજના અંતર્ગત ડેમ બનાવી પાણીની ઉપલબ્ધતા ચકાસવાની (પ્રિ-ફિસિબિલીટી રિપોર્ટ) જોગવાઇ આગામી બજેટમાં કરવામાં આવી છે.

૫.૨ મશિનરી ઇન્વેન્ટરી (સ્પેર્સ)

સમગ્રપણે જોતાં ઉપરોક્ત તમામ પમ્પિંગ સ્ટેશનો પર ઇલેક્ટ્રિકલ તથા મિકેનિકલ મશિનરીનો ખૂબ મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે. જેમાં સમયાંતરે લાંબા વપરાશના કારણે તથા ઘસારાથી તેની આવરદામાં તેમજ કાર્યક્ષમતામાં ઘટાડો થતો હોય છે. આથી સમયાંતરે મશિનરી બદલવાની તેમજ આકસ્મિક સંજોગો માટે સ્પેર મશિનરી (ઇન્વેન્ટરી) રાખવી જરૂરી જણાય છે. આગામી વર્ષે વિવિધ કેપેસિટીનાં પોલ્ડર તેમજ અન્ય વર્ટિકલ અને હોરિઝોન્ટલ પમ્પ્સ મળીને કુલ 15 પમ્પ્સ અને એની જરૂરી એસેસરીઝ ખરીદ કરવા ખાસ જોગવાઇ કરી છે. આ પમ્પ્સ વિવિધ સ્થળે ઉપયોગમાં આવી શકે છે. તેમજ ડેમનાં પાણીનાં લેવલ ઓછા હોય તો પણ સરળતાથી પાણી લઇ શકાય તેવા છે.

મશિનરી રીપ્લેશમેન્ટનાં કામો પ્રોજેકટ વર્ક હેઠળ સરકારશ્રીની વિવિધ વિકાસ યોજનાઓ અંતર્ગત ફાળવવામાં આવતી નાણાંકીય જોગવાઇ હેઠળ કરવામાં આવે છે. જયારે નિભાવ મરામત અને સ્પેર્સ (ઇન્વેટરી) રાજકોટ મહાનગરપાલિકાના ફંડમાંથી જોગવાઇ કરવાની થાય છે. આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન વોટર વર્કસ શાખાના ત્રણેય ઝોન માટે સંયુકતપણે ઇન્વેન્ટરી રાખવા માટે થઇને મશિનરી ખરીદ કરવાના કામે આશરે ₹૧૫૦ લાખની બજેટ જોગવાઇ રાખવામાં આવી છે.

૫.૩ પાઇપ લાઇન સુધારણા

રાજકોટ શહેરમાં પાણી વિતરણ માટે એ.સી. પ્રેસર પાઇપ લાઇન્સ છે. આ પાઇપલાઇન્સ ક્રમશ: બદલીને ઉચ્ચતર ગુણવત્તા ધરાવતી ડી. આઇ. પાઇપ લાઇન્સ નાંખવાનું કાર્ય હાથ ધર્યું છે. હાલનાં વર્ષમાં વોર્ડ નં 13 અને 14માં આ કામગીરી પૂર્ણતાનાં આરે છે. આગામી વર્ષમાં વોર્ડ નં. ૦૩ તથા ૦૪ (પાર્ટ)માં નવા ઝોનલ હેડવર્ક (ઈ. એસ. આર. / જી. એસ. આર.-રેલનગર) આધારિત વિસ્તારમાં જુદા-જુદા ડાયામીટરની ડી.આઈ. ડ્રિસ્ટ્રિબ્યુશન, સર્વિસ પાઇપલાઇન તથા યુ.પી.વી.સી. નળ કનેકશન સાથેના નેટવર્ક નાખવાનું કામ હાથ ધરાશે. આ વિસ્તારમાં પાઇપલાઇન નેટવર્કની ડીઝાઇન તૈયાર કરવામાં આવી છે. આ ડીઝાઇન મુજબ પ્રથમ તબક્કામાં ₹૬૫૧ લાખના ખર્ચે અંદાજિત ૬.૩ કિ.મી. લંબાઇની, ૬૦૦મી.મી. ડાયાની ડી.આઇ. મેઇન લૂપ પાઇપ લાઇન નાખવાની કામગીરી પૂર્ણતાનાં તબક્કે છે તેમજ ડીઝાઇન મુજબ બીજા તબક્કાની આ જ વિસ્તારમાં જુદા-જુદા ડાયામીટરની ડી.આઇ.

ડ્રિસ્ટ્રિબ્યુશન, સર્વિસ પાઈપ લાઈન તથા યુ.પી.વી.સી. નળ કનેકશન સાથેના નેટવર્ક નાખવાનાં કામમાં ₹૧૯૦૦ લાખનાં ખર્ચનો અંદાજ છે. પાણી વિતરણ વ્યવસ્થામાં ડી.આઈ પાઈપ લાઈન નેટવર્કનાં કારણે (૧) પાઈપલાઈનના જોઇન્ટમાંથી લીકેજના કારણે થતો પાણીનો વ્યય ઘટાડી શકાશે. (૨) પાણી વિતરણમાં ગંદા પાણી અંગેની સમસ્યાઓ ઓછી કરી શકાશે.(૩) પાણી વિતરણ દરમ્યાન પાઈપ લાઈનની અવાર-નવાર તૂટ ફૂટની ઘટનાઓ નહીંવત થશે, જેના કારણે પાણીનો બગાડ અટકાવી શકાશે. (૪) પાણીનો બગાડ/પાણીની ઘટ ઓછી કરીને ઓપરેશન ખર્ચ ઘટાડી શકાશે. (૫) પાણી વિતરણ વ્યવસ્થામાં ઓછા લીકેજ તથા તૂટ ફૂટને કારણે નિભાવ-મરામત ખર્ચ પણ ઘટાડી શકાશે. સદરહુ પ્રોજેક્ટમાં મીટરિંગ પ્રથા દાખલ કરવાનું પણ આયોજન હેઠળ છે, જેના કારણે નિયમિત રીતે પુરતા પ્રમાણમાં, પુરતા જથ્થામાં તમામ લોકોને પીવાનું પાણી ઉપલબ્ધ કરાવી શકાશે.

૫.૪ બલ્ક મીટર અને કન્ઝયુમર મીટર્સ (SCADA):

સ્કાડા (સુપરવાઇઝરી કંટ્રોલ એન્ડ ડેટા એકવીઝીશન) અંતર્ગત વિતરણ થતા પાણીનો જથ્થો માપી શકાશે. ડી. આઇ. પાઇપલાઇન્સની સાથે મીટરિંગ પ્રથાથી પાણી વિતરણ દરમ્યાન લોકોને વધતા-ઓછા પ્રમાણમાં વિતરણ થતા પાણીના જથ્થા અંગેની પાણી વિતરણ ખામીને દુર કરી શકાશે. પાણી વિતરણ વ્યવસ્થાનો સંપૂર્ણ હિસાબ રાખી શકાશે. પાણી વિતરણ વ્યવસ્થાની ઐતિહાસિક તથા હાલની માહિતીના કારણોસર પાણી પુરવઠાની માંગ તથા વિતરણ વ્યવસ્થા જાળવી શકાશે. પાણી વિતરણ વ્યવસ્થામાં કમ્યુટરાઇઝેશનનો સરળતાથી અમલ કરી શકાશે. પાણી વિતરણ વ્યવસ્થાનું સંપૂર્ણ ઓડિટ કરી શકાશે. પાણી વિતરણ વ્યવસ્થામાં નોન રેવન્યુ વોટર ઘટાડી શકાશે. આ વર્ષે બલ્ક મીટર્સ/ કન્ઝયુમર મીટર્સ માટે કુલ ₹૪૯૩ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

૬. ભૂગર્ભ ગટર યોજનાઃ

શહેરનાં વિકાસને ધ્યાને લઈને સમગ્ર શહેરને ભૂગર્ભ ગટરની સુવિધા પુરી પાડવાની નેમ સાથે શહેરના બાકી રહેતા તમામ વિસ્તારોમાં ભૂગર્ભ ગટરની સુવિધા આપવા સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે. જે મુજબ ભૂગર્ભ ગટર યોજના ફેઈઝ-૧ અને ફેઈઝ-૨ પાર્ટ-૧ (મુખ્યત્વે હાલનો સેન્ટ્રલ ઝોન)માં સમાવિષ્ટ ૪૦ ચો.કિ.મી. જેટલા વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજના કાર્યરત છે. જેમાં ૭ ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશનો તથા ૪૪.૫ એમ.એલ.ડી. ક્ષમતાનો ૧ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માધાપર ખાતે હાલ કાર્યરત છે. વધુમાં જે એનએનયુઆરએમ હેઠળ મંજૂર થયેલા ડ્રેનેજ પ્રોજેકટ ફેઈઝ-૨ પાર્ટ-૧ અંતર્ગત માધાપર ખાતે ૪૪.૫ એમ.એલ.ડી. ક્ષમતાનો વધારાનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનું કામ પણ ગતિમાં છે. આ કામના ખર્ચની જોગવાઈ આગામી વર્ષ ૨૦૧૪-૧૫નાં બજેટમાં કરવામાં આવી છે. ભૂગર્ભ ગટર યોજના ફેઈઝ-૩, પાર્ટ-૧ હેઠળ (રૈયા- પાર્ટ, નાના મવા- પાર્ટ, મવડી- પાર્ટ - મુખ્યત્વે હાલના વેસ્ટ ઝોન પૈકીના વિસ્તાર)માં મોટા ભાગની કામગીરી પૂર્ણ થયેલ છે. જેમાં ૩ ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશનો તથા ૫૧ એમ.એલ.ડી. ક્ષમતાનો ૧ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ રૈયા ખાતે હાલ કાર્યરત છે.

૬.૧ ભૂગર્ભ ગટર યોજના ફેઈઝ-૨, પાર્ટ-૨

વોર્ડ નં. ૨, ૩, ૫, ૬, ૧૬, ૧૭ માટે ₹ ૧૯૨૦૦ લાખનો ડી.પી.આર. જેએનએનયુઆરએમ હેઠળ મંજુર થયો છે. જે અંતર્ગત ડ્રેનેજ કલેક્ટિવ સીસ્ટમ (મેઈન પાઈપલાઈન), રાઇઝિંગ મેઈન પાઈપ લાઈન નાખવાની તથા

ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશનોના બાંધકામની કામગીરી હાલ ચાલુ છે. તથા ગવરીદડ ખાતે ૭૦ એમ.એલ.ડી. ક્ષમતાનો ૧ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

૬.૨ ભૂગર્ભ ગટર યોજના ફેઈઝ-૩, પાર્ટ-૨

રૈયા-પાર્ટ, નાના મવા-પાર્ટ, મવડી-પાર્ટ - મુખ્યત્વે હાલના વેસ્ટ ઝોન પૈકીના બાકી રહેતા વિસ્તાર વોર્ડ નં. ૧-પાર્ટ, ૧૧-પાર્ટ, ૧૩-પાર્ટ, ૨૧-પાર્ટ માટે ₹ ૧૫૨૦૦ લાખનો ડી.પી.આર. તૈયાર કરવામાં આવ્યો હતો. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આ યોજનાની કામગીરી હાલ ચાલુ છે. જે અંતર્ગત ડ્રેનેજ કલેક્ટિવ સીસ્ટમ (મેઈન પાઈપલાઈન) નાખવાની તથા ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશનોના બાંધકામની કામગીરી હાલ ગતિમાં છે તથા રૈયા ધાર ખાતે ૫૬ એમ.એલ.ડી. ક્ષમતાનો ૧ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

અન્ય શહેરોની સરખામણીએ રાજકોટ શહેરનુ ભૂતળ સખત અને ખડકાળ હોય, ડ્રેનેજ કામો માટે સક્ષમ કોન્ટ્રાકટર્સ ઓછો રસ ધરાવતાં હોઇ સમગ્ર પ્રોજેકટ પૂર્ણ કરવા માટે આયોજિત સમયથી વિશેષ સમય પસાર થાય છે. ઉપરોકત વિગતે બન્ને ડી.પી.આર. મુજબની કામગીરી પૂર્ણ થયેથી શહેરના તમામ વિસ્તારોમાં ભૂગર્ભ ગટરની સુવિધા ઉપલબ્ધ થઈ શકશે.

૭. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટઃ

ધન કચરા (વ્યવસ્થાપન અને નિયંત્રણ) નિયમો - ૨૦૦૦ અન્વયે રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા રાજકોટ શહેરમાંથી ઉત્પન્ન થતા અંદાજિત ૪૫૦ મે.ટન જેટલા ધન કચરાનો નિકાલ વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા કરવામાં આવે છે.

૭.૧ પ્રાઇમરી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ

રાજકોટ શહેરના વોર્ડ નં.૧ થી ૨૩ ના વિસ્તારોમાં સફાઇ કરવા માટે વિવિધ વિસ્તારોમાં સફાઇ કરવા માટે મિત્રમંડળની યોજના અનુસા'ર ₹ ૬૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. રાજકોટ શહેરમાં મિનિ ટીપર દ્વારા ઘરેઘરેથી કચરો એકઠો કરવા માટે ચાલુ વર્ષમાં મિનિ ટીપર નંગ-૪૭ તથા આગામી વર્ષમાં મિનિ ટીપર નંગ-૭૦ ખરીદવા ₹ ૪૧૭ લાખની જોગવાઇ કરવામાં આવી છે. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના ઉપયોગ માટે ૨૦૦૦ નંગ વ્હીલબરો ખરીદવા ₹ ૧૨૦ લાખની જોગવાઇ છે તથા ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર માટે ₹૧૦૦ લાખની જોગવાઇ છે.

૭.૨ સેકન્ડરી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ

હાલમાં ૧૫૦ ફુટ રિંગ રોડ પર યશધામ પાસે ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશન આવ્યું છે. આ ગાર્બેજ સ્ટેશન ઓપન ટાઇપ છે. આ ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશનને બંધ કરી રૈયાધાર ખાતે 12000 ચો. મી. ક્ષેત્રફળ જમીનમાં નવુ સેમિકલોઝ ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશન બનાવવાનું આયોજન છે. આ અંગે બજેટમાં સિવિલ વર્કનાં ₹ ૫૮૦ લાખ તથા બે નંગ સ્ટેટીક કોમ્પેકટર, બે નંગ ૨૦ કયુ.મી.નાં હોપર તથા છ નંગ હૂકલોડર ખરીદવા માટે ₹ ૪૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. આ ઉપરાંત હાલમાં કે.એસ.ડીઝલ પાસે ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશન છે જેને સેમિકલોઝડ્ ગાર્બેજ

ટ્રાન્સફર સ્ટેશનમાં કન્વર્ટ કરવા સિવિલ વર્કનાં ₹૧૬૦ લાખ તથા બે નંગ સ્ટેટીકસ કોમ્પેકટર, બે નંગ ૨૦ કયુ.મી.નાં હોપર તથા છ નંગ હુક લોડર ખરીદવા માટે ₹ ૪૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

૭.૩ ટર્શરી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ

રાજકોટ શહેરમાંથી ઉત્પન થતા ઘન કચરાના નિકાલ માટે નાકરાવાડી ગામ ખાતે પ્રોસેસિંગ પ્લાન્ટ બનાવવામાં આવ્યો છે, આ પ્રોસેસિંગમાંથી વધતા કચરાનો વૈજ્ઞાનિક ધોરણે નિકાલ કરવા માટે લેન્ડફીલ સાઇટનો પ્રથમ સેલ બનાવવામાં આવ્યો છે, જે હાલ કાર્યરત છે. લેન્ડફીલ સાઇટનો ૪લાખ ટન કેપેસિટીનો સેકન્ડ સેલ બનાવવા માટે ₹ ૨૦૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. લેન્ડફીલ સાઇટ માટે ક્રાઉલર ડોઝર ખરીદવા માટે ₹ ૪૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

જેએનએનયુઆરએમ અને સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રી વિકાસ યોજના અંતર્ગત સને ૨૦૧૪-૧૫ ના બજેટના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ માટે અનુક્રમે ₹ 2100 લાખ તથા ₹ 2200 લાખની જોગવાઇ કરવામાં આવી છે.

૮. રોશનીઃ

શહેરમાં સ્ટ્રીટલાઇટ સુવિધા આપવામાં રાજકોટ મહાનગરપાલિકા રાજયમાં મોખરે છે. રોશની શાખા દ્વારા સ્ટ્રીટલાઇટ્સ સહિત તમામ ઇલેક્ટ્રીકલ ઉર્જાનાં વપરાશની વિવિધ કામગીરી કરવામાં આવે છે.

૮.૧. સ્ટ્રીટ લાઇટ્સ

હાલમાં શહેરમાં અંદાજિત ૪૭,૦૦૦ નંગથી વધુ સ્ટ્રીટલાઇટ્સ છે. તેમજ આગામી વર્ષમાં અંદાજિત 3000 નંગ નવી સ્ટ્રીટલાઇટ્સ ઇન્સ્ટોલ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

૮.૨. એલઇડી/હાઇમાસ્ટ લાઇટિંગ/મોન્યુમેન્ટલ લાઇટિંગ

સ્ટ્રીટલાઇટની સુવિધાથી સભર રાજકોટ શહેરમાં આ વર્ષે આધુનિકીકરણ અને ઉર્જા બચતનાં ભાગ રૂપે રેસકોર્સ રિંગ રોડ ઉપર આર્ટિસ્ટિક વીજપોલ ઇન્સ્ટોલ કરી, LED લાઇટીંગ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે આગામી ૨ માસમાં પુરી થશે. આ ઉપરાંત આગામી વર્ષમાં રેસકોર્સ સંકુલમાં આવેલ ફૂટબોલ ગ્રાઉન્ડમાં નેશનલ લેવલનું સ્પોર્ટસ ફ્લડ લાઇટીંગ, રેસકોર્સ સંકુલનાં બ્યુટીફીકેશન પ્રોજેકટ અંતર્ગત છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાને ફલડ લાઇટીંગ (જુદા-જુદા રંગનું પ્રોગ્રામેબલ લાઇટીંગ સંયોજન) થી પ્રકાશિત કરવાનું આયોજન, રેસકોર્સ સંકુલમાં તથા પવનપુત્ર ચોકમાં હાઇમાસ્ટ લાઇટીંગ ટાવરનું આયોજન છે.

શહેરમાં ઉર્જા બચતના ભાગરૂપે પરંપરાગત ટ્યુબલાઇટ અને સોડીયમ લાઇટ ફિક્ષચરની જગ્યાએ તબક્કાવાર રીતે LED લાઇટ ફીક્સચરથી રીપ્લેસમેન્ટ કરવા આયોજન થશે. સબબ આગામી ૫ વર્ષમાં તમામ મુખ્ય માર્ગો ઉપર હયાત સોડીયમ લાઇટ તથા ટ્યુબલાઇટ ફિક્ષચરની જગ્યાએ LED લાઇટીંગ ફિક્સચર ઇન્સ્ટોલ કરવામાં આવશે. નાનામવા ચોકથી નાનામવા ગામ, કાલાવડ રોડ જકાતનાકાથી અંબિકા ટાઉનશીપ તથા રૈયાચોકડીથી

રૈયાગામ સુધીના સીસી રોડનું કામ પુરૂ થયેથી LED લાઇટીંગનું આયોજન છે. શહેરનાં બ્યુટિફિકેશનનાં ભાગરૂપે બેડીનાકા તથા રૈયાનાકા ટાવર, જયુબીલી ગાર્ડનમાં મોન્યુમેન્ટલ લાઇટીંગ કરવામાં આવશે.

૮.૩ સોલાર ગ્રિડ

સેન્ટ્રલઝોન કચેરીમાં સોલારગ્રિડ ઇન્સ્ટોલેશન કરવામાં આવશે. કેન્દ્ર અને રાજ્ય સરકારની આર્થિક સહાયથી આ પ્રોજેક્ટ પૂર્ણ થતા વીજળીની બચત થશે. આ ઉપરાંત મહાનગરપાલિકાનાં વીજળીનો વપરાશ કરતા તમામ એકમોનું ધનિષ્ઠ એનર્જી ઓડિટ હાથ ધરવામાં આવશે.

૮.૪ સ્મશાન

રામનાથપરા મુક્તિધામ ખાતે ઇલે. ક્રિમેશન ફર્નેસ (બે યુનિટ) તથા ગેસ આધારિત ક્રિમેશન ફર્નેસ (એક યુનિટ) ઇન્સ્ટોલ કરવાની કામગીરી ચાલુ છે. રૈયા મુક્તિધામનું સિવિલ કામ પુર્ણ થયે, ઇલે. ક્રિમેશન ફર્નેસ(એક યુનિટ) તથા ગેસ આધારિત ક્રિમેશન ફર્નેસ(એક યુનિટ) ઇન્સ્ટોલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

૮.૫ એનર્જી ઓડિટ

મહાનગરપાલિકામાં વીજળીનો ઠેર ઠેર ઉપયોગ કરવામાં આવે છે. વીજળી ખર્ચમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. પછી તે સ્ટ્રીટલાઇટ હોય કે પમ્પિંગ મશિનરી. આ સાધનો સમયાંતરે લેસ એનર્જી એફિસિઅન્ટ થઇ જાય છે. એટલે કે વીજળીનો વપરાશ થવો જોઇએ તે કરતા વધારે થાય છે. ઘણી વાર આવા એકમો અતિ ખર્ચાળ બની રહેતા હોય છે. એનર્જી ઓડિટથી વીજળીનો વ્યય ક્યાં થાય છે?-તે ખબર પડે છે અને તેથી જરૂરી પગલાં સમયસર લઇ શકાય છે.

ઉપરોક્ત તમામ બાબતોએ આગામી બજેટમાં કુલ ₹ ૧૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

૯. આરોગ્ય તથા શિક્ષણઃ

૯.૧ આરોગ્ય

શહેરીજનોનાં આરોગ્ય માટે રસીકરણ, માતૃબાળ કલ્યાણ કાર્યક્રમ, વાહકજન્ય તેમજ પાણીજન્ય રોગચાળા પર નિયંત્રણ, જન્મમરણ નોંધણી, ફૂડ રજિસ્ટ્રેશન તેમજ સ્મશાન ગૃહ સંચાલન કરવામાં આવે છે. હાલ અર્બન હેલ્થ સોસાયટીનાં માધ્યમથી કુલ 16 આરોગ્ય કેન્દ્રો કાર્યાન્વિત છે. ચાલુ વર્ષે 3 આરોગ્ય કેન્દ્રોનું મકાનનું બાંધકામ ચાલી રહ્યું છે. આ નિર્માણ પૂર્ણ થયેથી કુલ 19 આરોગ્યકેન્દ્રો કાર્યરત થશે. આગામી વર્ષે પશ્ચિમ ઝોનમાં બે નવા આરોગ્યકેન્દ્રનું નિર્માણ કરવામાં આવશે. જેનાં કારણે એક લાખ જેટલી પછાત વર્ગની વસ્તીને આરોગ્ય સેવાઓ જેવી કે ડોક્ટરી તપાસ, દવા, રસીકરણ વગેરે વિના મૂલ્યે પ્રાપ્ત થશે. આ માટે કુલ ₹ ૨૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. આ ઉપરાંત દરેક વર્ષે કરવામાં આવે છે તેમ રાજકોટ શહેરનાં ગરીબ દર્દીઓને કિડની, હૃદય, ડાયાબિટીસ, કેન્સર તેમજ આંખનાં રોગની નજીવા દરે સારવાર મળી રહે તે માટે શહેરની નામાંકિત મોટી હોસ્પિટલ્સને અનુદાન પેટે ₹ 150 લાખની જોગવાઇ કરવામાં આવી છે.

૯.૨ શિક્ષણ

શિક્ષણ સેવાઓનાં વિસ્તરણ રૂપે બે નવી શાળાઓનાં બાંધકામનું આયોજન છે, આ ઉપરાંત હાઇસ્કુલમાં સી.સી.ટી.વી. કેમેરા અને કમ્પ્યુટર ઇન્સ્ટોલ કરવામાં આવશે, રમતગમત ક્ષેત્રે વિદ્યાર્થીઓનો વિકાસ થાય તે હેતૂસર 'શેર-અ-સ્પોર્ટસ ગ્રાઉન્ડ' અંતર્ગત મ્યુનિસિપલ હાઇસ્કુલ્સનાં મેદાનો પર હોકી, ફુટબોલ, વોલીબોલ તથા બાસ્કેટબોલ વિગેરે મેદાનો બનાવાશે, જેનો સહયારો ઉપયોગ વિવિધ મ્યુનિસિપલ હાઇસ્કુલ્સનાં વિદ્યાર્થીઓ કરી શકશે.

૧૦. જાહેર સલામતી:

રાજકોટ ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસ માત્ર રાજકોટ શહેર જ નહીં પણ સમગ્ર સૌરાષ્ટ્રમાં આપત્તિ વ્યવસ્થાપનનું કાર્ય કરે છે. ચાલુ વર્ષે શરૂ થયેલા બે નવા ફાયર સ્ટેશનનાં નિર્માણનાં કાર્ય આગામી વર્ષમાં સંપન્ન થશે. એ સાથે ચાર નવા ફાયર ફાઇટર વાહનો પણ લેવામાં આવી રહ્યા છે. આગામી વર્ષમાં પણ પાંચ નવા વોટર ટેન્ડર વાહનો અને જરૂરી સાધનસામગ્રી ખરીદવામાં આવશે.

આ ઉપરાંત હાઇ-રાઇઝ બિલ્ડિંગમાં આગ લાગે તો ૪૫ મીટર ઊંચાઇ સુધી અગ્નિશમન અને બચાવકાર્ય કરી શકે તે માટે નવું હાઇડ્રોલિક પ્લેટફોર્મ વાહન તો વસાવવામાં આવ્યું છે. પણ રાજકોટ અને રૂડા વિસ્તારમાં બહુમાળી મકાનોની સંખ્યા દિન પ્રતિદિન વધતી જાય છે. રાજકોટ શહેર કોમ્પેક્ટ સિટી બનવા તરફ અગ્રેસર છે ત્યારે હવે રાજકોટ શહેરમાં આગામી બે વર્ષમાં એનાથી પણ ઊંચા બિલ્ડિંગ બનશે. આ સંજોગોમાં બે વર્ષમાં હાઇ રાઇઝ બિલ્ડિંગ સલામતીનાં ધારાધોરણ કડક રીતે અમલમાં આવે, ફાયર ઇન્સ્ટોલેશન્સની જાળવણી, નિભાવણી થઇ છે કે કેમ?- એ માટે ખાસ ટેકનિકલ સેલ બનશે. આ સેલ શહેરની નિર્મિત તેમજ નિર્માણાધીન ઇમારતોમાં ફાયર ઇન્સ્ટોલેશન સુવિધાનો અભ્યાસ કરી તેમાં રહી ગયેલી ક્ષતિઓ અને નિભાવ મરામતની ઊણપને દૂર કરવા માટે કડક પગલાં લેશે. આ ઉપરાંત તે પછીનાં વર્ષમાં હાઇડ્રોલિક પ્લેટફોર્મ સહિત કયા નવા વાહનો/સાધનોની આવશ્યકતા રહેશે, તેનું સૂચન કરશે. જેની ખરીદીની પ્રક્રિયા તે પછી હાથ ધરવામાં આવશે. આ બધા કાર્યો માટે આગામી બજેટમાં કુલ ₹300 લાખની જોગવાઇ કરવામાં આવી છે.

૧૧. આવાસ યોજના:

આવાસ બનાવવા એ મહાનગરપાલિકાની મરજિયાત ફરજ છે, તેમ છતાં રાજકોટમાં ગરીબ લોકો માટે આવાસ બનાવવાનો પહેલો પ્રોજેક્ટ છેક એંસીનાં દાયકામાં સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. ત્યાર પછી મહાનગરપાલિકા દ્વારા આવાસનાં અનેક પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવ્યા છે. આગામી વર્ષે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને મહાનગરપાલિકાનાં સ્વયં ફાળાથી આવાસ અંગે ઘણું મહત્વકાંક્ષી આયોજન કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકાની આવાસ યોજનાની ખાસિયત એ છે કે એમાં જમીનની કિંમત ગણવામાં આવતી નથી. ઉપરાંત આર્થિક રીતે નબળા લોકોની આવાસ યોજનામાં આંતરિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર પણ મહાનગરપાલિકા તરફથી કરી દેવામાં આવે છે. આગામી વર્ષે ઓછી અને મધ્યમ આવક ધરાવતા લોકો માટે આવાસની સુવિધાનું મહત્વકાંક્ષી આયોજન

સૂચવવામાં આવ્યું છે. નીચે દર્શાવ્યા અનુસાર તમામ આવાસ યોજનાઓ અંતર્ગત મહાનગરપાલિકાનાં આગામી બજેટમાં કુલ ₹ ૬૨૬૩૦ લાખની જંગી જોગવાઇ રાખવામાં આવી છે.

૧૧.૧ એફોર્ડેબલ હાઉસિંગ

ઓછી તેમજ મધ્યમ આવક ધરાવતા નાગરિકો માટેની આવાસ યોજના L.I.G.-II તથા M.I.G.-I હેઠળ અંદાજે ૧૨૦૦ યુનિટનું આયોજન વેસ્ટ ઝોનની નગર રચના યોજના નં. ૨, ૩ અને ૫ (નાનામવા) માં કરવામાં આવશે. L.I.G.-II માં અંદાજે ૪૧.૦૦ થી ૫૦.૦૦ ચો.મી. નો કાર્પેટ એરિયા રાખવામાં આવશે. જેમાં ૧ બેડરૂમ, ૧ હોલ, રસોડું, બાથરૂમ, ટોયલેટ તથા શક્ય હોય તો સ્ટડી રૂમ/ચિલ્ડ્રન રૂમ/ડાઈનિંગ એરિયા રાખવામાં આવશે. આ યુનિટની મહત્તમ વેચાણ કિંમત ₹ ૧૧,૦૦,૦૦૦/- રાખવાની રહેશે અને ₹૧,૦૦,૦૦૦/- થી ₹૨,૫૦,૦૦૦/- ની આવક ધરાવતાં લોકોનો લાભાર્થીઓ તરીકે આમાં સમાવેશ થશે. M.I.G.-I માં અંદાજે ૫૧.૦૦ થી ૬૫.૦૦ ચો.મી. નો કાર્પેટ એરિયા રાખવામાં આવશે. જેમાં ૨ બેડરૂમ, ૧ હોલ, રસોડું, બાથરૂમ, ટોયલેટ તથા શક્ય હોય તો સ્ટડી રૂમ/ચિલ્ડ્રન રૂમ/ડાઈનિંગ એરિયા રાખવામાં આવશે. આ યુનિટની મહત્તમ વેચાણ કિંમત ₹૨૨,૫૦,૦૦૦/- રાખવાની રહેશે અને ₹૨,૫૦,૦૦૦/- થી ₹૫,૦૦,૦૦૦/- ની આવક ધરાવતાં લોકોનો આમાં લાભાર્થીઓ તરીકે સમાવેશ થશે.

૧૧.૨ પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપ સ્લમ રિહેબિલિટેશન પ્રોગ્રામ

રાજ્ય સરકારની પોલીસી ઉપર આધારિત પી.પી.પી..નાં ધોરણે સ્લમ રિહેબિલિટેશન અંતર્ગત શહેરના હિંગળાજનગર,ઘનશ્યામનગર, રૈયાધાર, રેલનગરનું મફતિયું અને શિવાજીનગર સ્લમ વિસ્તારમાં રહેતા લોકો માટે આવાસ બનાવાવનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ યોજના માટે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરેલી નીતિ અનુસાર ડેવલપરને ટી. ડી. આર. અને વધારાના એફ. એસ. આઈ.ની છૂટ આપવામાં આવશે.

૧૧.૩ રાજીવ આવાસ યોજના

રાજીવ આવાસ યોજના (આરએવાય) અંતર્ગત ઝૂંપડપટ્ટીનાં સ્થળે પુન:વસનની યોજના અંતર્ગત કીટીપરા અને ગોકુલનગરમાં ૬૦૦ નવા આવાસો બનાવવાનું આગામી વર્ષમાં આયોજન છે. આ ઉપરાંત શહેરના ચોક્કસ સ્થળો ઉપર રેન્ટલ હાઉસિંગનું નિર્માણ કરવાનું આયોજન છે. આ યોજના માટે કેન્દ્ર સરકાર દ્વારા રાજીવ આવાસ યોજના - અંતર્ગત ૫૦% સહાય તેમજ રાજ્ય સરકાર દ્વારા પ્રોજેક્ટ કોસ્ટ ના ૨૦% જેટલી સહાય આપવામાં આવશે. રેન્ટલ આવાસ યોજનામાં ૨૦૦-૨૨૫ ચો ફૂટના સ્ટુડીયો ટાઈપ એપાર્ટમેન્ટ બનાવવમાં આવશે જે લાભાર્થીઓને ભાડા પેટે આપવામાં આવશે. રેન્ટલ આવાસ યોજનામાં ચોક્કસ એરિયામાં ડોર્મિટરીની પણ વ્યવસ્થાનું આયોજન છે.

૧૧.૪ સ્લમ કવાર્ટસ રીનોવેશન

આશરે ત્રીસ વર્ષ પહેલા બનેલા જામનગર રોડ પરનાં સ્લમ કવાર્ટસનું રીનોવેશન કરવાનું આયોજન પણ આગામી વર્ષનાં બજેટમાં સૂચવવામાં આવ્યું છે.

૧૨. બાગ બગીચા અને પ્રાણી સંગ્રહાલય:

શહેરની સુંદરતામાં વધારો થાય, શહેર સુરમ્ય અને પર્યાવરણમય-હરિયાળું બને અને શહેરના નાગરિકો માટે હરવા-ફરવાના સૌમ્ય અને પ્રાકૃતિક સ્થળો મળે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસની સાથોસાથ શહેરના હૈયાત બગીચાઓના નિભાવ, ઋતુ આનુસંગિક સુધારાઓ, નવા બગીચાઓ, પ્રાણી સંગ્રહાલય, સામાજિક વનીકરણ, ઘનિષ્ઠ વનીકરણ, રોડ સાઇડ વૃક્ષારોપણ, સિનિયર સિટિઝન પાર્ક તથા શહેરનાં રાજમાર્ગ ઉપર હરિયાળી છવાય તેવી કાર્યવાહી કરવામાં આવે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી વર્ષમાં ઉપરોકત વિગતોએ નીચે દર્શાવ્યા મુજબ શહેરના વિકાસની સાથોસાથ સુરમ્ય શહેરની કામગીરી કરવા જઇ રહ્યું છે.

૧૨.૧ નવા બગીચાઓ

શહેરના વિકસીત વસ્તારોનાં ખુલ્લી જગ્યા, ગાર્ડન વિગેરેના પ્લોટ તેમજ આજી ડેમ તથા ન્યારી ડેમનાં વિસ્તારમાંના ખુલ્લા ટેકરાળ ભાગોમાં તેમજ ટેકરાળ ભાગોમાં તેમજ મોરબીરોડ, મવડી વિતાર, રૈયા વિસ્તાર વિગેરેમાં મળી અંદાજિત કુલ ૧.૦૦ લાખ.ચો.મી. ના કુલ ૧૪ સ્થળોમાં કામગીરી હાથ ધરવાનું આયોજન છે. જે કામગીરી હાથ ધરવાથી શહેરના હૈયાત બગીચાઓ ઉપરથી ભારણ ઘટશે તેમજ આ લોકોને સવિશેષ સુવિધાઓ પ્રાપ્ત થશે સાથોસાથ શહેરમાં હરિયાળીનો વ્યાપ વધશે તેમજ શહેરની સુંદરતામાં વધારો થશે. આ ઉપરાંતથી ઉક્ત સ્થળો તેમજ હયાત બગીચાઓને લગત બાલક્રિડાંગણના વિસ્તારોમાં રમતગમતના સાધનો, બેઠક વ્યવસ્થા તેમજ વયસ્ક લોકોને સવિશેષ સુવિધાઓ આપવાનું આયોજન છે. આ ઉપરાંત શહેરના હયાત બગીચાઓ વિગેરેમાં અપાતા પાણીનો બચાવ થાય અને એકરૂપતાથી પિયત અપાય તે હેતુ ધ્યાને લઇ રેસકોર્ષ સંકુલ, આજી-ન્યારી, ચંદ્રશેખર આઝાદ ઉદ્યાન વિગેરેમાં સ્પ્રિન્કલર સીસ્ટમથી પિયત આપવાની અને પાણી બચાવવાનું કાયમી આયોજન છે.

૧૨.૨ વૃક્ષારોપણ

શહેરમાં સવિશેષ પ્રમાણમાં હરિયાળી થાય, તેમજ શહેરનું પર્યાવરણ સુધરે તેમજ ભવિષ્યમાં આ વૃક્ષારોપણ ભાગોએ લોકઉપયોગમાં સુવિધા (સિનિયર સિટિઝન પાર્ક) ઉભા થાય શહેરમાં રોડ સાઇડ પ્લાન્ટેશન (૫૦૦૦ વૃક્ષો) સામાજિક વનિકરણ નદી કાંઠાના વિસ્તારોમાં ઘનિષ્ઠ વનિકરણ, મહાનગરપાલિકાના વસ્તારોમાંના અન્ય મિલ્કત, આજી ન્યારી ડેમ વિતાર વિગેરેમાં મળી અંદાજ ૧૫,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવાનું આયોજન છે. આ ઉપરાંત શહેરના રાજમાર્ગોની મધ્યવર્તી લાઇનમાં બ્યુટિફિકેશન તથા ટ્રાફિક જંકશન્સ વિગેરેના નિર્માણ તથા જાળવણી વિ. ની કામગીરી અંદાજિત ૧૦ કિ.મી. હાથ ધરી શકાશે. સાથોસાથ ચાલુ વર્ષે જુના શહેરમાં અગાઉના આયુષ્ય મર્યાદા, ટ્રાફિક નિયમન તેમજ માનવ સર્જીત નુકશાનીને કારણે દુર કરાયેલ વૃક્ષોની જગ્યાએ એટલે કે ખાલી જગ્યાઓમાં પુનઃ વૃક્ષારોપણ કરવાનું આયોજન છે. ઉપરોકત વિગતો સાથોસાથ જનભાગીરી યોજના હેઠળ શહેરના મુખ્ય રસ્તાઓ મધ્યેના ટ્રાફિક સર્કલ્સ વિગેરેનો વિકાસ અંદાજ ૧૦ સ્થળે કરવામાં આવશે.

ઉપરોક્ત બાગબગીચા અને વૃક્ષારોપણ માટે આગામી વર્ષનાં બજેટમાં કુલ ₹ ૧૨૦૦ લાખની જોગવાઇ કરવામાં આવે છે.

૧૨.૩ રાજકોટ ઝૂલોજિકલ પાર્ક

પ્રદ્યુમ્ન પાર્ક ખાતે હાલ આધુનિક અભિગમ મુજબનું પ્રાણી સંગ્રહાલય બનાવવામાં આવી રહ્યુ છે. પ્રાણી સંગ્રહાલયનો કુલ વિસ્તાર ૧૩૭ એકર છે. જેમાં મોટાભાગના વિસ્તારને વૃક્ષારોપણથી આવરી લેવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન રસેસ, મકાક, કોમન લંગુર તથા ઘરીયાલનાં પાજરાની કામગીરી પુર્ણ થતા અન્ય ઝુ પાસેથી પ્રાણીઓ મેળવી પ્રદર્શિત કરવામાં આવેલ છે. તથા લોંમડી, શિયાળ, વરૂ, ઝરખ અને સફેદ વાઘના પાજરાઓની કામગીરી ચાલુ છે. જે માર્ચ-૨૦૧૪ સુધીમાં કામગીરી પુર્ણ થશે. ઉકત પાજરાઓની બાંધકામની કામગીરી પૂર્ણ થયે ઉકત પાજરાઓના વન્યપ્રાણીઓ લાવી પ્રદર્શિત કરવામાં આવશે. પ્રાણીસંગ્રહાલય ખાતે પધારતા મુલાકાતીઓ માટે જુદા જુદા વિસ્તારની સંસ્કૃતિ તથા ત્યાંના વન્યપ્રાણીઓ વિશે તથા તેના રહેઠાણ વિશે જાણકારી મેળવી શકે તે માટે આધુનિક ઇન્ટરપ્રિટેશન સેન્ટરનાં બાંધકામની કામગીરી ચાલુ છે.

આગામી વર્ષમાં રાજકોટ ઝૂલોજિકલ પાર્ક ખાતે આગામી વર્ષમાં ઘુડખર, માછલીઘર, સરીસૃપઘર, નાના પ્રાણીઓનું પાંજરુ, સ્મોલ કેટ, દેશી મોર, સફેદ મોર, પોપટઘર, નાના પક્ષી, ઇમુ તથા ફિઝન્ટનાં પાંજરા બનાવી વન્યપ્રાણીઓ વસાવવામાં આવશે તથા મુલાકાતીઓ માટે આકર્ષક ઇન્ટરપ્રીટીશન સેન્ટર કાર્યરત કરવામાં આવશે. આ તમામ માટે આગામી વર્ષનાં બજેટમાં કુલ ₹ ૬૦૦ લાખની જોગવાઇ રાખવામાં આવી છે.

આ ઉપરાંત પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપનાં ધોરણે આજી તેમજ ન્યારી ડેમ ઉપર એમ્યુઝમેન્ટ પાર્ક અને લાલપરી રાંદરડા ટ્વિન લેક ડેવલપમેન્ટનો પ્રોજેકટ પણ હાથ ધરવામાં આવશે.

આ ઉપરાંત આજી ડેમ પર નવીન માછલીઘરનાં નિર્માણનું પણ આયોજન આગામી બજેટમાં કરવામાં આવ્યું છે.

૧૩. ઇ-ગવર્નન્સ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સમય અને આધુનિક ટેક્નોલોજી સાથે તાલ મિલાવી શહેરીજનોને ઝડપી અને પારદર્શક સેવાઓ મળી રહે તે માટે ઇ-ગવર્નન્સના પ્રોજેકટ હેઠળ મહાનગરપાલિકાની અલગ અલગ સેવાઓને એક છત્ર નીચે આવરી લઇ RITEeGovernance પ્રોજેકટ અંતર્ગત નાગરિકોને મહાનગરપાલિકાની ઇ-ગવર્નન્સની સેવાઓનો મહત્તમ લાભ મળે તે હેતુથી મહાનગરપાલિકાના માગણા માટે અલગ અલગ વ્યવસ્થા જેવી કે છ નાગરિક સુવિધા કેન્દ્ર, ૨૦ પોસ્ટ ઓફિસ, ચાર કીઓસ્ક, IVRS, મોબાઇલ, ક્રેડીટ કાર્ડ/ડેબિટ કાર્ડ, નેટ બેંકિંગ તેમજ હપ્તાથી પેમેન્ટ કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે, જે માટે રાજકોટ સમગ્ર દેશમાં અગ્રેસર છે. આ ઉપરાંત QR Code જન્મ, મરણ, લગ્ન સર્ટિફિકેટ તેમજ પ્રોપર્ટી ટેક્ષ ડીમાન્ડ બિલ, નોટીસમાં પ્રીન્ટ કરવામાં આવે છે, જેના દ્વારા મહાનગરપાલિકાના દરેક ડોક્યુમેન્ટની શ્રધ્ધેયતાની ઓનલાઇન મોબાઇલ દ્વારા ચકાસણી કરી શકાય છે. આ ઉપરાંત વેબસાઇટ પરથી ડીજિટલ સીગ્નેચર સાથેના દાખલા મળી શકે તે માટેનુ અમલીકરણ ચાલુ કરવામાં આવનાર છે. દરેક ઝોનમાં કર્મચારીઓની હાજરી માટે ફેઇસ ડીટેકટર મુકવામાં આવ્યા છે.આ ઉપરાંત ચાલુ નાણાંકીય વર્ષમાં મહાનગરપાલિકાની દરેક ઓફિસમાં તેમજ વોર્ડ ઓફિસમાં પણ ફેઇસ ડીટેકટર મુકવામાં આવનાર

છે. આ ઉપરાંત બધીજ વોર્ડ ઓફિસને એકબીજા સાથે જોડવા માટે (WANકનેકટીવીટી) માટેની કાર્યવાહી અંતિમ તબક્કામાં છે, આ ઉપરાંત આ સાથે રાજકોટ મહાનગરપાલિકાની તમામ ઓફિસને જોડી RMC Intranet ચાલુ કરવામાં આવશે. સરકારી કામમાં ફાઇલ એક ટેબલથી બીજા ટેબલ ફરતી રહે છે, નિર્ણય લેવામાં કોઇવાર વિલંબ થતો હોય છે, આ પ્રશ્નનાં નિરાકરણ માટે ફાઇલ ટ્રેકીંગ સિસ્ટમનો કમ્પ્યુટર પ્રોગ્રામ અમલી બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

રાજકોટ મહાનગરપાલિકા એમ-ગવર્નન્સ આધારિત સેવાઓમાં સમગ્ર દેશમાં અગ્રેસર છે. આ સેવાઓનો વ્યાપ વધારી મહાનગરપાલિકાની તમામ સેવાઓ સ્માર્ટ ફોન પર જ મળી રહે તે માટેની એપ્લીકેશન RMC-App લોંચ કરવામાં આવશે.

આ સાથે આવતા નાણાંકીય વર્ષમાં ઇ-વોર્ડ ઓફિસ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવશે. આ માટે આવતા નાણાકીય વર્ષમાં ₹ ૪૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. આવતા નાણાકીય વર્ષમાં રાજકોટના નાગરિકોને વધુ સારી સેવા મળી રહે તે માટે માઇક્રોચીપ અને QR Code આધારિતમલ્ટી પર્પઝ RMC Smart Card (પાયલોટ પ્રોજેક્ટ) લોંચ કરવામાં આવશે, આ માટે આવતા નાણાકીય વર્ષમાં ₹ ૨૫ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. ચાલુ સાલમાં જન્મના દાખલા ડીજિટલ સહી સાથે મળી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવશે. આ સુવિધાનો વ્યાપ વધારી મરણના દાખલા તેમજ લગ્નના દાખલા પણ ડીજિટલ સહી સાથે મળી શકે તેવી વ્યવસ્થા આવતા નાણાકીય વર્ષમાં કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મહાનગરપાલિકાની તમામ સેવાઓનો GIS આધારિત ડેટાબેઝ તૈયાર કરેલ છે, જેનું અપડેશન કરવું જરૂરી છે, આ માટે GIS સેલની જોગવાઇ આગામી બજેટમાં કરવામાં આવી છે.

આ તમામ કામગીરી માટે આગામી બજેટમાં કુલ ₹ ૫૨૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

૧૪. શહેરી પરિવહન સેવાઃ

રાજકોટ શહેરમાં પોતાનાં વાહનો ધરાવતા લોકોની સંખ્યા ઘણી છે. શહેરમાં ટ્રાફિક સમસ્યા દિન પ્રતિદિન ગંભીર થતી જાય છે. આ માટે માસ ટ્રાન્સપોર્ટેશન સેવા એક માત્ર વિકલ્પ છે. આ મરજિયાત ફરજ છે અને આર્થિક રીતે પોષણક્ષમ નથી. તેમ છતાં શહેરની વૃદ્ધિ અને વિકાસની પરિપેક્ષમાં બસ સેવા શરૂ કરવા સિવાય કોઇ વિકલ્પ રહેતો નથી.

૧૪.૧ બીઆરટીએસ અને આરએમટીએસ

રાજકોટનાં શહેરીજનો બસ દ્વારાએક જગ્યાએથી બીજી જગ્યાએ જઇ શકે તે હેતુથી તબક્કાવાર આયોજન કરી શહેરી પરિવહન યોજના અમલમાં મુકવામાં આવી છે. જેનાં પ્રથમ તબક્કામાં બી.આર.ટી.એસ બસ સેવા કાર્યાન્વિત કરવામાં આવી છે. હાલ બી.આર.ટી.એસ. બસ સેવાનાં પ્રથમ તબક્કામાં ૧૫૦ ફુટ રિંગ રોડ પર માધાપર ચોકડી થી ગોંડલ ચોકડી સુધીનો વિસ્તાર આવરી લેવામાં આવેલ છે, જેમા રોજનાં ૧૩ થી ૧૪ હજાર મુસાફરો આ સેવાનો લાભ લઇ રહ્યા છે. રાજકોટ શહેરનાં લોકોને બી.આર.ટી.એસ બસ સેવાની સાથે સાથે શહેરનાં અન્ય વિસ્તારોમાં પણ પુરતા

પ્રમાણમાં શહેરી બસ સેવાનો લાભ મળે તે હેતુ થી રાજકોટ માસ ટ્રાન્સપોર્ટ સર્વિસનાં(RMTS) નામાભિધાન હેઠળ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રથમ તબકકે ૪૦ મીડી બસ અને ૨૦ સ્ટાડર્ન્ડ બસ મળીને કુલ ૬૦ બસ શહેરનાં વિવિધ ૩૦ રૂટો સિટી બસ સેવા કાર્યરત થઇ ચૂકી છે. જેનો દરરોજ ૧૪૦૦૦ જેટલા શહેરીજનો લાભ લઇ રહ્યા છે. સિટી બસ સર્વિસ અન્વયે હાલમાં ત્રિકોણબાગ ખાતે કંટ્રોલ રૂમ કાર્યરત છે તથા ટુંક સમયમાં હોસ્પીટલ ચોક અને ભક્તિનગર સર્કલ ખાતે વધારાના બે કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવશે. રાજકોટનાં શહેરીજનોને શહેરી બસ સેવાનો સુરક્ષિત તથા સમયબદ્ધ રીતે લાભ મળી શકે તે હેતુથી શહેર તથા આસપાસનાં મહત્તમ વિસ્તારને આવરી લઇ લઘુત્તમ અંતરેથી બસ સુવિધા મેળવી શકે તેવુ આયોજન કરવામાં આવેલ છે. શહેરીજનો સરળતાથી સિટી બસનો ઉપયોગ કરી શકે, તે માટે શહેરમાં નજીકનાં અંતરે હાલમાં ૧૫૦ પીક-અપ સ્ટેન્ડ તથા બસ શેલ્ટર્સ મૂકવામાં આવેલ છે અને દરેક પીક-અપ સ્ટેન્ડ તથા બસ શેલ્ટર ઉપર દરેક રૂટનાં મેપ અને ટાઇમ ટેબલ મૂકવામાં આવેલ છે તથા વધારાના કુલ ૨૫૦ પીક-અપ સ્ટેન્ડ લગાવવા માટેની કામગીરી પ્રગતિ છે. સમગ્ર શહેરી વિસ્તાર તેમજ શહેરની આજુ બાજુ આવેલ નજીકનાં વિસ્તારો જેવા કે ઠેબચડા ગામ, ત્રંબા (કસ્તુરબા ધામ), કોઠારિયા ગામ, વાવડી, કણકોટ,માધાપર, ઘંટેશ્વર, એસ.આર.પી. કેમ્પ, ગવરીદળ, બેડી, નવાગામ, માલિયાસણ વિગેરે જેવા ગામનાં લોકોને પણ સિટી બસ સેવા નો લાભ મળે તે પ્રકારે આયોજન કરી અમલમાં મુકવામાં આવેલ છે. વધુમાં શહેર થી નજીક નાં ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારો જેવા કે શાપર – વેરાવળ તેમજ લોધીકા – જી.આઇ.ડી.સી. માટે પણ સરકારશ્રીમાંથી જરૂરી મંજુરી મળતા સિટી બસ સેવા નાં રૂટ ચાલુ કરવામાં આવ્યા છે.

૧૪.૨ વિદ્યાર્થી, સીનિયર સિટિઝન અને વિકલાંગ વ્યક્તિઓ માટે ખાસ સુવિધા

શહેરમાં રહેતા વિદ્યાર્થીઓ, સીનીયર સિટિઝન તથા વિકલાંગ વ્યકિત ઓને રાહત દરે સિટી બસની સુવિધા મળી શકે તે માટે વિધાર્થીઓ, વિકલાંગ વ્યકિતઓ, સીનીયર સિટીઝનો વિગેરે માટે કન્સેશનલ ટીકીટ તેમજ પાસની સુવિધા આપવામાં આવેલ છે. વિશેષમાં આગામી સમયમાં શહેરી પરિવહન નો રોજીંદો ઉપયોગ કરતા લોકો માટે માસિક, ત્રીમાસિક,છ માસિક તથા વાર્ષિક પાસ રાહત દરે આપવામાં આવનાર છે. જેના અનુક્રમે ૨૦%, ૨૫% ,૩૦% તથા ૩૫% કન્સેશન આપવામાં આવશે.

સામાન્ય રીતે સિટી બસ સર્વિસ નો લાભ મહિકલાઓ, સિનિયર સિટિઝન તથા વિદ્યાર્થીઓ વધુ પ્રમાણમાં ઉપયોગ કરતા હોય છે. જેથી ખાસ કરીને મહિલાઓની સુરક્ષા માટે મહિલા સંચાલિત બસ ચલાવવામાં આવશે. જેમાં ડ્રાઇવર તથા કંડક્ટર પણ મહિલા જ હશે.

૧૪.૩ પરિવહન સેવાઓને સુદ્રઢ બનાવવાનાં પ્રયાસો

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સિટી બસ સર્વિસને વધુ આધુનિક તથા કાર્યદક્ષ બનાવવા માટે આયોજન કરવામાં આવેલ છે. જેમાં ₹ ૫૭૫ લાખના ખર્ચે વ્હીકલ ટ્રેકીંગ સીસ્ટમ તથા પેસેંજર ઈન્ફોર્મેશન સીસ્ટમ તથા બસની અંદર જ CCTV કેમેરા સહિતની ITMS(Intelligent Traffic Management System) ની સુવિધા આપવામાં આવનાર છે. વધુ માં સિટી બસ સર્વિસ અને બી.આર.ટી.એસ. સર્વિસ નું એક જ જગ્યા એથી સંકલન થઈ શકે તે રીતે આયોજન કરીને અત્યાધુનિક સેન્ટ્રલ કન્ટ્રોલ રૂમ બનાવવામાં આવશે. શહેરી જનો ને સિટી બસ સર્વિસને લગત તમામ પ્રકારની

માહિતી મળી રહે તે માટે મોબાઈલ એપ્લીકેશન ડેવલપ કરવામાં આવી રહી છે તથા વેબસાઈટ પરથી પણ તમામ માહિતી ઉપલબ્ધ કરાવવા માટેનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સિટી બસ તાજેતરમાંજ શરૂ કરવામાં આવેલ હોય, હાલ શહેરીજનો દ્વારા પર્યાપ્ત પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવતો નથી. જેથી વધુને વધુ શહેરીજનો સિટી બસ સર્વિસનો ઉપયોગ કરે તે માટે IEC એક્ટીવીટી સમયમાં મુકવામાં આવનાર છે. જેના માટે કુલ ₹ ૨૫ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. શહેરીજનોને શહેરી પરીવહન સુવિધા વધુને વધુ ઝડપી અને કાર્યદક્ષતાથી આપી શકાય તે માટે સિટી બસનું સતત આધુનિકરણ તથા મોનીટરિંગ કરવુ ખુબ જ જરૂરી છે. સિટી બસ સર્વિસથી સમગ્ર શહેરને આવ્રી શકાય તે હેતુથી આગામી વર્ષ માટે સિટી બસનાં ઓપરેશન માટે કુલ ₹ ૧૬૮૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. જે પૈકી ₹ ૯૧૫ લાખ ટીકીટની આવકમાંથી તથા સિટી બસ ઉપર એડ્વર્ટાઈઝમેન્ટ આવક ₹ ૧૫ લાખ મળીને કુલ ₹ ૯૩૦ લાખની આવક થવાનો અંદાજ છે.

૧૪.૪ અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ

શહેરીજનોને સિટી બસ સર્વિસ અવિરતપણે આપી શકાય તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અર્બન ટ્રાન્સપોર્ટ ફંડની રચના કરવામાં આવશે. તાજેતરમાં જ રાજ્ય સરકાર દ્વારા રાજકોટ શહેર માટે બી.આર.ટી.એસ. કોરિડોર માટે ૦.૭૫ FSI તથા શહેરના અન્ય વિસ્તારો માટે ૨૫% વધારાની FSI મંજુર કરવામાં આવી છે. આ વધારાની FSI ના કારણે શહેરમાં વર્ટીકલ ડેવલપમેન્ટ વધશે. જેના કારણે શહેરમાં ગીચતા વધશે. આવા સંજોગોમાં માસ પરિવહનની સગવડતાથી શહેરની ટ્રાફિકની સમસ્યામાં તથા એન્વાયરોમેન્ટમાં સુધારો કરી શકાશે. રાજકોટ મહાનગરપાલિકાને થનાર વધારાની FSI ની આવકનાં ૨૫% જેટલી રકમ શહેરી પરિવહન માટે જરૂરી અર્બન ટ્રાન્સપોર્ટ ફંડમાં આપવામાં આવશે. આ ઉપરાંત રાજકોટ શહેરમાં જુદી જુદી જગ્યાએ પે એન્ડ પાર્ક બનાવવામાં આવશે. આ પે એન્ડ પાર્ક અન્વયે થનાર આવક પણ અર્બન ટ્રાન્સ પોર્ટ ફંડમાં સમાવેશ થશે. આ અર્બન ટ્રાન્સપોર્ટ ફંડનો મુખ્ય ઉદેશ શહેરીજનોને વધુને વધુ શહેરી પરિવહનની સુવિધા આપવાનો છે.

૧૫. સ્વરોજગાર, તાલીમ અને મહિલા સશક્તિકરણની યોજનાઓ:

સુવર્ણ જયંતી શહેરી રોજગાર યોજના અંતર્ગત ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૫૦ લાભાર્થીઓને ₹૫૦ લાખ સબસીડી સાથે ₹ ૨૦૦ લાખની લોન સ્વરોજગારી માટે બેંકો દ્વારા અપાવવા આયોજન કરેલ છે. આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫માં પણ આ યોજના અંતર્ગત ₹ ૫૦ લાખથી વધુની સબસીડી સહાય ચુકવવા આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકારશ્રીની મહિલા સશક્તિકરણ અંગેની મહત્વકાંક્ષી યોજના 'મિશન મંગલમ' હેઠળ હાલ સુધીમાં ૬૫૦ સેલ્ફ હેલ્પ ગ્રુપની રચના કરવામાં આવેલ છે. આ સેલ્ફ હેલ્પ ગ્રુપને આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫માં ₹ ૧૫૦ લાખ જેટલુ રીવોલ્વીંગ ફંડ ચુકવવા આયોજન કરેલ છે. ઉપરાંત વધુમાં વધુ સેલ્ફ હેલ્પ ગ્રુપને સ્વરોજગારલક્ષી તાલીમ અને સ્વરોજગાર આપી શકાય તેવી કાર્યવાહી કરવામાં આવશે.

૧૬. ઉપસંહારઃ

મહાનગરપાલિકાની કામગીરી ઘણી જટિલ છે. રાજકોટ મહાનગરપાલિકા નગરજનોની રોજબરોજની અનેક જરૂરિયાતો સાથે સદાકાળ જોડાયેલી છે. પાણી વિના જીવન શક્ય નથી. પેય જળ મહાપાલિકા આપે છે. કચરો સાફ કરે છે. ગંદા પાણીનો નિકાલ પણ એની જવાબદારી છે. રસ્તા પર રાત્રે અંધારા ન છવાય તે માટે સ્ટ્રીટલાઇટ્સ છે. રસ્તા પર તો બધા ચાલે જ છે અથવા વાહન ચલાવે છે. બાગબગીચા કે પ્રાણી સંગ્રહાલય જેવી ફરવા ફરવાની સુરમ્ય સુવિધા છે. ગરીબ લોકો માટે મફત તબીબી સારવાર છે. રમવા અને ભણવા માટે આંગણવાડી અને શાળાઓ છે.મૃત્યુ થાય તો સ્મશાન સેવાઓ છે. ટૂંકમાં જન્મથી મૃત્યુ પર્યંત મહાનગરપાલિકા સાથે દરેક નાગરિક સતત જોડાયેલો રહે છે.

આ બધી સેવા સર્જવી અને નભાવવી દુષ્કર કાર્ય છે. આર્થિક સાધનો ટાંચા છે. જકાતની અવેજીમાં મળતી ગ્રાન્ટ આવકમાં કોઇ વધારો થતો નથી. ઇંધણ વીજળી મોંઘા થતા જાય છે. છતાં વિપરીત સંજોગામાં પણ સેવામાં વિક્ષેપ પડવા દીધો નથી. કેપિટલ વર્ક્સ માટે કેન્દ્ર સરકાર/ રાજ્યસરકાર તેમજ મહદ અંશે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વિકાસની હરણફાળ ભરવામાં આપણને મદદ કરે છે.

આ તમામ કાર્યમાં સૌનો સહકાર મળ્યો છે. આ શહેરનાં નાગરિકોએ ઘણી વાર ફરિયાદ સ્વરૂપે, ઘણી વાર સૂચન સ્વરૂપે અમને માર્ગદર્શન આપ્યું છે. આ તકે સૌ પ્રથમ હું એમનો આભાર માનું છું.રાજકોટનાં વિવિધ ઔદ્યોગિક તેમજ વાણિજ્યિક સંગઠનો પણ શહેરની સમસ્યામાં અમારી પડખે છે, એનો મને આનંદ છે. શહેરની વિવિધ બિન સરકારી સંસ્થાઓ રોજબરોજનાં કાર્યોમાં અમારી સહભાગી છે. તેમનો પણ આ તકે આભાર માનું છું.

રાજકોટ શહેરનાં અખબારો અને ઇલેક્ટ્રોનિક માધ્યમોને રાજકોટ મહાનગરપાલિકાની ગતિવિધિ સાથે અપાર લગાવ છે. તેઓ રાજકોટ મહાનગર અને પાલિકાને જોડવાનું કાર્ય કરે છે. કોઇ પણ ઓર્ગેનાઇઝેશનમાં એનાં ટોપ મેનેજમેન્ટને કરવાપાત્ર કાર્ય અને થયેલ કાર્ય, કાર્યનો નિષ્કર્ષ, લોક-સંતુષ્ટિનું પ્રમાણ વગેરે નક્કી કરવા એક પદ્ધતિ છે જેને મેનેજમેન્ટ ઇન્ફોરમેશન સિસ્ટમ (એમ.આઇ.એસ.) કહે છે. રાજકોટ શહેરની ચોથી જાગીર અમારા માટે આદર્શ એમ.આઇ.એસ. છે. એ ક્યારે ય ખોટી હોતી નથી. હંમેશા હકારાત્મક હોય છે. અને મહાપાલિકાનો દ્રષ્ટિકોણ પણ લોકો સમક્ષ સુપેરે મુકવામાં સમર્થ છે. એમનો વિશેષ આભાર માનું છું.

શહેરનાં ચૂંટાયેલા પ્રતિનિધિશ્રીઓ, પદાધિકારીશ્રીઓએ હંમેશા વહીવટી તંત્રને જરૂરી માર્ગદર્શન અને પીઠબળ પુરું પાડ્યું છે. તેઓ સાચા અર્થમાં પ્રજાનો અવાજ વહીવટી તંત્રને પહોંચાડે છે અને એ રીતે નાના મોટા કામકાજમાં એમનું નોંધનીય યોગદાન છે. રાજકોટ મહાનગરપાલિકાનાં અધિકારીઓ કર્મચારીઓ કર્મનિષ્ઠ છે. ઘણાં કાર્ય ખાસ કરીને કેટલીક ક્ષેત્રીય કામગીરી ઘણી અઘરી હોય છે. છતાં મારા કાર્યકાળ દરમ્યાન તેઓને વિપરીત

સંજોગામાં પણ જોખમી કામગીરી બજાવતા મેં જોયા છે. અધિકારીશ્રી, કર્મચારીશ્રીઓને આ તકે ખાસ ધન્યવાદ આપું છું.

રાજકોટ શહેર બહેતર બને, એનો ઉત્તરોતર વિકાસ થાય, શહેરી સેવાઓ સમયસર સૌને સમરસ રીતે મળી શકે અને કુદરતી આફતો કે તકલીફોમાં પણ આપણે આપણી પોતાની કાળજી લઇ શકીએ એટલું જ નહીં પણ અન્યને મદદ કરી શકીએ એવી મારી નિષ્ઠા છે. એવી મારી શ્રદ્ધા છે.

મહાનગરપાલિકાનાં કમિશ્નર તરીકે સતત ત્રીજા વર્ષે અંદાજપત્ર રજૂ કરવાની તક મને મળી છે. રાજકોટ શહેર સાથે આત્મીયતા છે. સૌનો સમરસ વિકાસ થાય, જનસામાન્યની અપેક્ષાની અમે આપૂર્તિ કરી શકીએ એવા આયોજન સાથે, આવાસ અને સામાજિક માળખાકીય સુવિધાઓને કેન્દ્રમાં રાખી, બાકી તમામ પાયાની સુવિધાનાં આયોજનની દરખાસ્તો સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરું છું.

તારીખઃ-૨૮-૦૧-૨૦૧૪.

અજય ભાદૂ (I.A.S.)
કમિશનર

આર.એમ.સી.સી.૫૭૬

રાજકોટ મહાનગરપાલિકા
કમિશનર વિભાગ,
રાજકોટ. તા. ૨૭/૦૧/૨૦૧૪

પ્રતિ,
સેક્રેટરીશ્રી,

રાજકોટ મહાનગરપાલિકાનું નાણાંકીય વર્ષ–૨૦૧૩–૧૪ નું પુરવણી અંદાજપત્ર તેમજ નાણાંકીય વર્ષ સને–૨૦૧૪–૧૫ નું અંદાજપત્ર તૈયાર કરી આ સાથે રજુ કરેલ છે. જે સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભામાં રજુ કરાવી જરૂરી ઠરાવ કરાવશો.

(સહી)અજય ભાદૂ
કમિશનર
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

આર.એમ.સી.સી.૫૭૮

રાજકોટ મહાનગરપાલિકા,
કમિશનર વિભાગ,
તા.૨૭/૦૧/૨૦૧૩

પ્રતિ,
સેક્રેટરીશ્રી,

સને ૨૦૧૪–૧૫ ના વર્ષ માટે મહાનગરપાલિકા દ્વારા વસૂલવામાં આવનાર સામાન્યકર, સફાઈકર, શિક્ષણ ઉપકર, ફાયરટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબતી કર તથા પાણી ચાર્જની રકમ મિલ્કત ધારકો પોતાની ભરવાપાત્ર રકમ માટે પ્રોત્સાહિત થાય તેમજ મહાનગરપાલિકાની લેણી નિકળતી રકમ માંગણા નોટિસ વગર સહેલાયથી મળી રહે તે માટે નીચે મુજબ વળતર યોજના જાહેર કરવાં દરખાસ્ત છે.

(૧) નવા નાંણાકીય વર્ષ વસૂલાત શરૂ કર્યાની તારીખથી ૩૧ મે ૨૦૧૪ સુધીમાં સામાન્ય કર, સફાઈકર, શિક્ષણ ઉપકર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ કર, દિવાબતી કર તથા પાણી ચાર્જનું વ્યાજ/નોટિસ ફી સહિતની પૂરેપૂરી રકમ ભરપાઈ કરી આપનારને સને ૨૦૧૪–૨૦૧૫ ની સામાન્ય કર, સફાઈકર, શિક્ષણ ઉપકર, ફાયર ટેક્ષ, ચડત વેરાની ડ્રેનેજ કર, દીવાબતી કર તથા પાણી ચાર્જની રકમનાં ૧૦% વળતર આપવું.

(૨) ઉપરોકત (૧)માં જણાવેલ મુદ્દત પૂરી થયેલ ત્યાર પછીના ૩૦ દિવસની અંદર એટલે કે ૧ જૂન–૨૦૧૪ થી ૩૦ જૂન–૨૦૧૪ સુધીમાં સામાન્ય કર, સફાઈકર, શિક્ષણ ઉપકર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ કર, દિવાબતી કર તથા પાણી ચાર્જ ટેક્ષનું વ્યાજ/નોટિસ ફી સહિતની ચડત વેરાની પૂરેપૂરી રકમ ભરપાઈ કરી આપનારને સને ૨૦૧૪–૧૫ ની સામાન્ય કર, સફાઈ કર, શિક્ષણ ઉપકર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબતી કર તથા પાણી ચાર્જની રકમનાં ૫% વળતર આપવું.

(૩) ઉપરોકત (૧) તથા (૨)માં જણાવેલ વિગતો ઉપરાંત ફકત મહિલાઓના નામે જ હોય તેવી મિલ્કતોમાં આપવામાં આવનાર વળતર ઉપરાંત વિશેષ ૫% વળતર આપવું.

ઉપરોકત મુજબની વળતર યોજના અમલી બનાવવાના નિતિ વિષયક નિર્ણય અર્થેની આ દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ રજુ કરાવી ઘટિત ઠરાવ કરાવશો.

(સહી)અજય ભાદૂ
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

આર.એમ.સી.સી.૫૭૭

રાજકોટ મહાનગરપાલિકા,
કમિશનર વિભાગ,
તા.૨૭/૦૧/૨૦૧૪

પ્રતિ,
સેક્રેટરીશ્રી,

આગામી નાણાકીય વર્ષ ૨૦૧૪–૨૦૧૫ દરમિયાન બી.પી.એમ.સી. એકટ–૧૯૪૯ ની કલમ ૧૨૭, ૧૨૯ તથા ૯૯ હેઠળ જુદા–જુદા કરવેરા જેવા કે, સામાન્યકર, સફાઈકર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ ટેક્ષ, પાણી ચાર્જ તથા થીયેટર ટેક્ષ, દિવાબતી કર નિયત કરવાનાં થાય છે, તે નીચે મુજબ દર્શાવેલ છે.

૧. **<u>સામાન્ય કર</u> :**

તા. ૧/૪/૨૦૧૪ થી ૩૧/૩/૨૦૧૫નાં સમયગાળા માટે, જમીનોની તથા મકાનોની કિંમતોની નીચે જણાવેલ દરો મુજબ સામાન્યકર લેવા દરખાસ્ત છે. જેમાં બી.પી.એમ.સી. એકટ–૧૯૪૯ની કલમ–૧૩૨માં જણાવેલ જમીનો તથા મકાનો કરમુકત રહેશે. નીચે કોલમ–૧ માં જણાવેલ કરપાત્ર કિંમતવાળા મકાનો તથા જમીનો ઉપરનો સામાન્ય કર કોલમ–૨માં, દર્શાવ્યા મુજબનો રહેશે.

કરપાત્ર કિંમત	સામાન્ય કરના દર
કોલમ–૧	કોલમ–૨
રૂા. ૦ થી વધુ રૂા. ૬૦૦ સુધી	કરમુકત
રૂા. ૬૦૧ થી વધુ રૂા. ૨૦૦૦ સુધી	૧૨ ટકા
રૂા. ૨૦૦૧ થી વધુ રૂા. ૫૦૦૦ સુધી	૧૫ ટકા
રૂા. ૫૦૦૧ થી વધુ રૂા. ૭૦૦૦ સુધી	૨૩ ટકા
રૂા. ૭૦૦૧ થી વધુ રૂા. ૧૦,૦૦૦ સુધી	૨૫ ટકા
રૂા. ૧૦,૦૦૧ થી વધુ માટે	૩૦ ટકા

૨. **<u>થીયેટર ટેક્ષ</u> :**

સને ૨૦૧૪–૨૦૧૫ ના વર્ષ દરમિયાન થીયેટર ટેકસ નીચે મુજબ વસૂલ કરવા દરખાસ્ત છે.

(અ) સિનેમા પ્રત્યેક શો દીઠ ..... રૂા. ૫૦–૦૦

૩. **<u>ખુલ્લા પ્લોટ</u> :**

સને ૨૦૧૪–૨૦૧૫ ના વર્ષ માટે ખુલ્લા પ્લોટ ઉપર ટેકસ વસૂલ કરવાનો દર સને ૨૦૦૬–૨૦૦૭નાં વર્ષ માં જ.બો.ઠ. નં. ૪૧ તા. ૨૦/૦૨/૨૦૦૬ થી મંજૂર થયા મુજબ યથાવત રહેશે.

૪. **<u>ફાયર ટેક્ષ</u> :**

સને ૨૦૧૪–૨૦૧૫ ના વર્ષ માટે ફાયર ટેક્ષના દર સને ૨૦૦૭–૨૦૦૮ના વર્ષમાં જ.બો.ઠ. નં. ૪૫ તા.૧૮/૦૨/૨૦૦૮ થી મંજૂર થયા પ્રમાણે યથાવત રહેશે.

૫. **<u>વાહન કર</u> :**

સને ૨૦૧૪–૧૫ માટે વાહન કરના દર સને ૨૦૦૮–૨૦૦૯ ના વર્ષમાં જ.બ.ઠ.નં.૪૨ તા.૨૦/૦૨/૨૦૦૮ થી મંજુર થયા મુજબ સામેલ પત્રકની વિગતે આજીવન વાહન કર વસુલ કરવો.

વાહન નું આયુષ્ય --→		૦-૧	૧-૨	૨-૩	૩-૪	૪-૫	૫-૬	૬-૭	૭-૮	૮-૯	૯-૧૦
વાહનની આયુષ્ય સંદર્ભ વાહન કરની ટકાવારી	વાર્ષિક કર	૧૦૦%	૯૫%	૯૦%	૮૫%	૮૦%	૭૫%	૭૦%	૬૫%	૬૦%	૫૦%
૧)- મોટર લોરી											
ક-૩૦વેટ નો બોજો ખેંચી જવા માટે	૧૨	૧૨૦	૧૧૪	૧૦૮	૧૦૨	૯૬	૯૦	૮૪	૭૮	૭૨	૬૬
ખ-૩૦થી૬૦ હંદ્રવેટનોબોજો ખેંચી જવા માટે	૧૮	૧૮૦	૧૭૧	૧૬૨	૧૫૩	૧૪૪	૧૩૫	૧૨૬	૧૧૭	૧૦૮	૯૯
ગ- ૬૦થી૯૦ હંદ્રવેટનોબોજો ખેંચી જવા માટે	૨૪	૨૪૦	૨૨૮	૨૧૬	૨૦૪	૧૯૨	૧૮૦	૧૬૮	૧૫૬	૧૪૪	૧૩૨
ઘ- ૯૦થી૧૨૦ હંદ્રવેટનોબોજો ખેંચી જવા માટે	૩૦	૩૦૦	૨૮૫	૨૭૦	૨૫૫	૨૪૦	૨૨૫	૨૧૦	૧૯૫	૧૮૦	૧૬૫
ચ- ૧૨૦થી૧૫૦ હંદ્રવેટનોબોજો ખેંચી જવા માટે	૩૬	૩૬૦	૩૪૨	૩૨૪	૩૦૬	૨૮૮	૨૭૦	૨૫૨	૨૩૪	૨૧૬	૧૯૮
છ- ૧૫૦ હંદ્રવેટથી ઉપર	૪૨	૪૨૦	૩૯૯	૩૭૮	૩૫૭	૩૩૬	૩૧૫	૨૯૪	૨૭૩	૨૫૨	૨૩૧
૨) ટ્રેલરો											
ક- ૪૦ હંદ્રવેટથી ઓછું	૬	૬૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩
ખ- ૪૦ હંદ્રવેટથી વધુ	૧૨	૧૨૦	૧૧૪	૧૦૮	૧૦૨	૯૬	૯૦	૮૪	૭૮	૭૨	૬૬
૩) ખાનગી મોટરો											
ક- ૧૫ હંદ્રવેટથી ૩૦ હંદ્રવેટ	૬	૬૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩
ખ- ૩૦ હંદ્રવેટથી વધુ	૧૨	૧૨૦	૧૧૪	૧૦૮	૧૦૨	૯૬	૯૦	૮૪	૭૮	૭૨	૬૬
ગ) ભાડે ફેરવવાની	૬	૬૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩
૪) મોટર સાયકલ/ઓટોરીક્ષા											
ક-૨૦૦ પાઉન્ડ થી ઓછું	૩	૩૦	૨૯	૨૭	૨૬	૨૪	૨૩	૨૧	૨૦	૧૮	૧૭
ખ-૨૦૦ પાઉન્ડ થી વધું	૬	૬૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩

૬. **<u>દિવાબતી કર</u> :**
સને ૨૦૧૪–૨૦૧૫ ના વર્ષ માટે દિવાબતી કરના દર સને ૨૦૧૦–૨૦૧૧ના વર્ષમાં જ.બો.ઠ. નં. ૫૪ તા.૧૬/૦૨/૨૦૧૦ થી મંજૂર થયા પ્રમાણે યથાવત રહેશે.

૭. **<u>સફાઈ કર</u> :**
સને ૨૦૧૪–૨૦૧૫ ના વર્ષ માટે સફાઈ કરના દર સને ૨૦૧૦–૨૦૧૧ના વર્ષમાં જ.બો.ઠ.નં. ૫૩ તા. ૧૬/૦૨/૨૦૧૦ થી મંજૂર થયા પ્રમાણે યથાવત રહેશે.

૮. **<u>પાણી દર</u> :**
સને ૨૦૧૪–૨૦૧૫ ના વર્ષ માટે પાણી વેરાના દર જ.બો.ઠ.નં. ૫૧ તા. ૧૬/૦૨/૨૦૧૦થી મંજૂર થયા પ્રમાણે નીચે મુજબ ના રહેશે.

(અ) લો–રાઈઝ રહેણાંક તથા ફ્લેટ ટાઈપના મકાનો અને રહેણાંક સિવાયના મકાનો માટે નળ કનેકશન સાઈઝ પ્રમાણે પાણી પૂરું પાડવા માટે ઉપયોગ પ્રમાણે દર કેલેન્ડર માસ અથવા તેના ભાગ માટે નીચે પ્રમાણે પાણીના દર રહેશે.

૧/૨ ઈંચ કનેકશનનો પ્રકાર	હાલનો દર
રહેણાંક કનેકશન	વાર્ષિક રૂા. ૮૪૦/–
બીન–રહેણાંક કનેકશન	વાર્ષિક રૂા. ૧૬૮૦/–

(બ–૧) મીટરથી પાણી પૂરું પાડવામાં આવતું હોય તો તથા મીટર દ્વારા પાણી દેવાનું ફરજિયાત હોય છતાં મીટર બેસાડવામાં આવેલ ન હોય કે મીટર બંધ હોય તો આકારવાનો ઓછામાં ઓછો દર નીચે પ્રમાણે રહેશે.

નળ કનેકશનની સાઈઝ	હાલનો સરકાર માન્ય શાળા તેમજ સરકારી રહેણાંક ઉપયોગ માટેવપરાશનાં નળ કનેકશનનો ઓછામાં ઓછો માસિક દર	બીન રહેણાંક તેમજ બાગબગીચાનાં વપરાશમાં નળ કનેકશનનો ઓછામાં ઓછો માસિક દર
૩/૪" (૨૦ મી.મી.)	૫૦૪	૪૦૬૦
૧" (૨૫ મી.મી.)	૮૪૦	૬૭૨૦
૧ ૧/૪" (૩૦ મી.મી.)	૧૨૬૦	૧૦૦૮૦
૧ ૧/૨" (૪૦ મી.મી.)	૨૧૦૦	૧૬૮૦૦
૨" (૫૦ મી.મી.)	૩૩૬૦	૨૬૮૮૦
૨ ૧/૨" (૬૫ મી.મી.)	૫૦૪૦	૪૦૩૨૦
૩" (૮૦ મી.મી.)	૮૪૦૦	૬૭૨૦૦
૪" (૧૦૦ મી.મી.)	૧૨૬૦૦	૧૦૦૮૦૦
૬" (૧૫૦ મી.મી.)	૧૮૯૦૦	૧૫૧૨૦૦
૮" (૨૦૦ મી.મી.)	૨૫૨૦૦	૨૦૧૬૦૦
૧૨" (૩૦૦ મી.મી.)	૩૩૬૦૦	૨૬૮૮૦૦

(બ–૨) શહેરનાં હાઈરાઈઝ રહેણાંક મકાનો કે જેમાં મીટરથી પાણી પૂરું પાડવામાં આવતું હોય તો તથા મીટર દ્વારા પાણી દેવાનું ફરજિયાત હોય છતાં મીટર બેસાડવામાં આવેલ ન હોય કે મીટર બંધ હોય તો આકારવાનો ઓછામાં ઓછો દર નીચે પ્રમાણે છે.

નળ કનેકશનની સાઈઝ	હાલના રહેણાંક મકાનો માટેનો ઓછામાં ઓછો માસિક દર
૩/૪" (૨૦ મી.મી.)	૩૦૨
૧" (૨૫ મી.મી.)	૫૦૪
૧ ૧/૪" (૩૦ મી.મી.)	૭૫૬
૧ ૧/૨" (૪૦ મી.મી.)	૧૨૬૦
૨" (૫૦ મી.મી.)	૨૦૧૬
૨ ૧/૨" (૬૫ મી.મી.)	૩૦૨૪
૩" (૮૦ મી.મી.)	૫૦૪૦
૪" (૧૦૦ મી.મી.)	૭૫૬૦
૬" (૧૫૦ મી.મી.)	૧૧૩૪૦
૮" (૨૦૦ મી.મી.)	૧૫૧૨૦
૧૨" (૩૦૦ મી.મી.)	૨૦૧૬૦

(ક) મીટરથી લેવામાં આવતાં પાણીના સરકાર માન્ય શાળા માટે રૂા. ૧૨/– તેમજ રહેણાંક ઉપયોગ માટે રૂા.૨૪/– દર ૧૦૦૦ લીટર દીઠ તેમજ સરકાર માન્ય શાળા તેમજ રહેણાંક સીવાયનાં જેવા કે બાગ–બચીગા, ઉદ્યોગ વ્યવસાયિક ઉપયોગ માટે દર ૧૦૦૦ લીટર દીઠ રૂા. ૪૨/– અથવા લઘુતમ દર એ–બેમાંથી વધારે હોય તે વસૂલ કરવાનો રહેશે. ૩/૮" (૧૦ મી.મી.) સાઈઝના નળ કનેકશન માટેનો પાણી કર, ૧/૨"(૧૫ મી.મી.) ના નિયત દર પ્રમાણે પાણી કર નિયત કરી તે પ્રમાણે વસૂલ કરવાનો રહેશે.

૯. **ડ્રેનેજ ટેક્ષ :**

સર્ને ૨૦૧૪–૨૦૧૫ ના વર્ષ માટે સને ૨૦૧૧–૨૦૧૨ના વર્ષમાં જ.બો.ઠ. નં. ૫૧ તા. ૧૯/૦૨/૨૦૧૧થી મંજૂર થયા મુજબ ડ્રેનેજ ટેક્ષ નેટ કરપાત્ર રકમનાં ૫% અથવા રૂા. ૩૦૦/– બે માંથી જે વધારે હોય તે પ્રમાણે યથાવત રહેશે.

ઉપરોકત મુજબની કર વસુલ કરવાની દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ રજુ કરાવી ઘટીત ઠરાવ કરાવશો.

(સહી)અજય ભાદૂ
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

રાજકોટ મહાનગરપાલિકાના સને ૨૦૧૪-૧૫ ના વાર્ષિક બજેટ અંગે સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી રાજેન્દ્રસિંહ ઝાલાનું પ્રેસ નિવેદન.

તા. ૦૬/૦૨/૨૦૧૪

રાજકોટ મહાનગરપાલિકાનું સને ૨૦૧૪-૧૫ નું ૩.૨૦૨૩.૮૦ કરોડનું બજેટ મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સ્થાયી સમિતીની મંજૂરી અર્થે મુકવામાં આવેલ. મ્યુનિસિપલ કમિશનરશ્રીએ આ બજેટમાં આવાસ યોજના, ફ્લાયઓવર બ્રીજ, પાણી- પુરવઠા, ભૂગર્ભ ગટર યોજના, ઓડીટોરીયમ કોમ્યુનીટી હોલ, રસ્તા કામ, આરોગ્ય લક્ષી સેવા, રાજીવ આવાસ યોજના વૃક્ષારોપણ, શહેરી ટ્રાન્સપોર્ટેશન, ઝુઓલોજી પાર્ક, સ્મશાન સુવિધા, બલ્ક મીટર્સ અને કન્ઝ્યુમર મીટર્સ, પુસ્તકાલય, આજી રીવર ફ્રન્ટ, સોલીડવેસ્ટ મેનેજમેન્ટ, અગ્નિશામક દળ, ઈ-ગવર્નન્સ વિગેરે યોજનાઓમાં બજેટ જોગવાઈઓ રાખવામાં આવેલ આ ઉપરાંત મ્યુનિસિપલ કમિશનરશ્રીએ જુદા જુદા આવકના સ્ત્રોત મારફત આવક દર્શાવવામાં આવેલ છે.

મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સ્થાયી સમિતીમાં રૂ. ૨૦૨૩.૮૦ કરોડનું રજુ કરેલ બજેટ અંગે મે તથા અમારા સાથી સ્થાયી સમિતીના સભ્યશ્રીઓ દ્વારા તમામ બાબતે ગહન ચર્ચા વિચારણા કરી જ્યાં કોઈ નવી કરવેરાની દરખાસ્ત લાવ્યા વિના જ્યાં બિન જરૂરી ખર્ચ લાગ્યો ત્યાં કાપ મુક્યો અને જે યોજનાઓમાં જરૂર પડે ત્યાં વધારો કાર્યો અને નવી યોજનાઓ મૂકી રાજકોટના આમ નાગરિકને મહત્તમ સુવિધા આપી શકાય અને રાજકોટના નાગરિક ટેક્સની રકમ ભરે છે તેનું તેમને પૂરેપૂરું વળતર મળી રહે તે તમામ બાબતોને નજર સમક્ષ રાખી મ્યુનિસિપલ કમિશનરએ સુચવેલ બજેટમાં સ્થાયી સમિતી દ્વારા વધારો કરી ૩.૨૦૪૨.૨૧ કરોડનું કરવામાં આવેલ છે. આમ અંદાજ પત્રમાં કુલ રૂ. ૨૦૦૦ લાખનો વધારો કરવામાં આવ્યો છે તેનો મને આનંદ છે.

આપણા મહાન વૈજ્ઞાનિક ડો.એ.પી.જે. અબ્દુલ કલામ જયારે ભારતના રાષ્ટ્રપતિ હતા ત્યારે તેમણે એક બહુ સરસ વાત કરી હતી, તેમણે એક મંત્ર આપ્યો હતો અને કહ્યું હતું કે વર્ષો સુધી આપણે ભારતને ડેવલોપીંગ નેશન એટલે કે વિકાસશીલ દેશ તરીકે જોયો, અનુભવ્યો હવે આપણે વિકસિત રાષ્ટ્ર બનવાનું છે. તેમની આ જ વાત આપણે આપણા મહાનગર રાજકોટના વિકાસ માટે પણ હવે અમલી બનાવવાની છે.ગુજરાતના મોટા શહેરોમાં અનોખું મહત્વ ધરાવતું અને એક અલગ મિજાજ, અલગ માહોલ, અલગ જીવનશૈલી ધરાવતું રાજકોટ વિકસી રહ્યું છે, આયોજનો સતત થઇ રહ્યા છે અને તેનો અમલ પણ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા થઇ જ રહ્યો છે. વિકાસની આ સતત પ્રક્રિયાના ભાગ રૂપે રાજકોટ મહાનગરપાલિકાના આ વર્ષના અંદાજ પત્રમાં પણ પ્રજાલક્ષી દ્રષ્ટીકોણ અપનાવ્યો છે. મહાનગરપાલિકાના વહીવટી વડા કમિશનરશ્રી અજય ભાદૂએ વર્ષ ૨૦૧૪-૧૫ નું અંદાજપત્ર સ્થાયી સમિતી સમક્ષ મુક્યું હતું મે અને મારા સાથીઓએ તેમની દરખાસ્તો પર વિચાર વિમર્શ કર્યો છે. મિત્રો, ભારતના એક ભૂતપૂર્વ નાણા પ્રધાને એક વખત કહ્યું હતું કે, ડેવલોપમેન્ટ ઇઝ અ પ્રોસેસ, ઈટ્સ નોટ એન ઇવેન્ટ અર્થાત વિકાસ એ કોઈ એક જ દિવસમાં ઘટી જતિ ઘટના નથી તે સતત ચાલતી પ્રક્રિયા છે. રાજકોટનો વિકાસ પણ આ રીતે સતત ચાલી રહેલી પ્રક્રિયા છે. જે રાજકોટ આપણે જોઈએ છીએ તે ભારતીય જનતા પાર્ટીના વર્ષોના શાસન, તેના પ્રજાકીય પદાધિકારીઓ, પૂર્વ મેયરો તથા સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનો અને તમામ ચુંટાયેલા પ્રતિનિધિઓના વિઝન, મહેનત અને પારદર્શક પ્રયાસોનું પરિણામ છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસને રાજ્યના વહીવટનો

મંત્ર બનાવ્યો છે. ચોમેર વિકાસ, વિકાસ અને વિકાસની ચર્ચા છે. ત્યારે રાજકોટના આ વર્ષના અંદાજપત્રમાં પણ અમે રાજકોટની જનતાને ધ્યાને રાખી કમિશનરશ્રીના સુચનોમાં કેટલાક હકારાત્મક ફેરફાર કર્યા છે. **મિત્રો, કોઈ બાળકને આપણે ૧૦૦ રૂપીયા આપીએ તો તે પુસ્તક ખરીદશે કે લોટરીની ટીકીટ ? તે વ્યસન પાછળ ખર્ચશે કે સારૂ ફળ લેશે ? તેનાં પરથી તેનાં સંસ્કાર આપણે માપી શકીએ એવી જ રીતે રાજકોટની પ્રજાના પૈસા અમે સન્માર્ગે, એટલે કે લોકોના જે હિત માટે વાપરવાનો સંપૂર્ણ, સંનિષ્ઠ પ્રયાસ કરી રહયા છીએ.**

વર્ષ ૨૦૧૪-૧૫નું રાજકોટ મહાનગરપાલિકાનું અંદાજ પત્ર હું જનરલ બોર્ડ સમક્ષ મુકતા આનંદ અનુભવું છું. જે ફેરફાર જે જોગવાઈ અમે કરીએ છીએ તેમાં ભારોભાર લોકલક્ષી અભિગમ અને શહેરનો સમતોલ વિકાસ જ અગ્રસ્થાને છે, તેની હું ખાત્રી આપું છુ.સૌથી મહત્વની વાત એ છે કે આખા અંદાજ પત્રને અમે વાસ્તવિક બનાવવાનો પ્રયાસ કર્યો છે. માત્ર મોટા પ્રોજેકટ બજેટમાં બતાવીને તેનો અમલ ન થાય તેનો કોઈ અર્થ નથીઆ અંદાજ પત્રમાં અમે લોકોની પ્રાથમીક જરૂરત એવી આવાસની વ્યવસ્થા, જાહેર આરોગ્ય અને પાણીની સુવિધા પર પૂરતું લક્ષ આપ્યું છે. વિધાનસભાની ગત ચુંટણી પહેલા આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરી વિસ્તારોમાં આવાસ બનાવવાની અતિ મહત્વકાંક્ષી યોજના જાહેર કરી હતી તેનો અમલ રાજ્યભરમાં થઇ રહ્યો છે. મને જણાવતા આનંદ થાય છે કે રાજકોટ મહાનગરપાલિકા પણ આ અમલમાં અન્ય શહેરોની હરોળમાં છે જ અને આ વર્ષે આવાસ માટે વિશેષ ધ્યાન અપાયું છે. ઘરનું ઘર, પોતાની માલિકીની એકાદી પણ મિલ્કત દરેક વ્યક્તિનું, પરીવારનું સ્વપ્ન હોય છે. મોંઘવારીના આ સમયમાં ઘર બનાવવું મધ્યમ વર્ગ માટે કપરું હોય છે અને તેથી રાજય સરકારની સહાય અને મુખ્યમંત્રીશ્રીના મજબુત પ્રકલ્પને અમલી બનાવવાના ભાગ રૂપે અમે રાજકોટમાં આવાસની યોજના મૂકી છે જેના માટે <u>રૂ.૬૨૬૩૦ લાખની</u> ફાળવણી કરાય છે. ઉપરાંત મધ્યમ વર્ગના લોકો માટે પણ એફોર્ડેબલ હાઉસિંગ સ્કીમની જોગવાઈ છે. અંદાજે <u>૧૨૦૦ યુનીટ</u> આ યોજના અંતર્ગત બનશે જેની મહતમ વેચાણ કિંમત <u>રૂ.૨૨,૫૦,૦૦૦/-</u> રખાશે. જયારે રાજીવ આવાસ યોજના અંતર્ગત ઝુપડપટ્ટીઓના સ્થળે પુનઃવસન કરી કિટીપરા અને ગોકુલનગરમાં <u>નવા ૬૦૦</u> આવાસનું પણ આયોજન છે જેના માટે કેન્દ્ર અને રાજય સરકારની ગ્રાન્ટ પણ પ્રાપ્ત થવાની છે.

રાજકોટના વિકાસની વાત હોય ત્યારે પાણી પુરવઠાને તો કેમ વિસરી શકાય ? અત્યાર સુધીના પ્રયાસોને લીધે તથા રાજય સરકાર તરફથી મળતા નર્મદાનીર અને અન્ય યોજનાઓને કારણે આ પ્રશ્ન મહદઅંશે ઉકેલી શકાયો છે. આ વર્ષે ન્યારી ઓગ્મેન્ટેશન, બે સ્થળે પાઈપ લાઈન બદલાવવાનું કામ, વોટર મીટર તથા જયુબેલીથી રેસકોર્સ સુધીની પાઈપ લાઈન સહીતના કામો માટે જોગવાઈ કરાઈ છે.

❖ <u>ફ્લાયઓવર બ્રીજ :</u>

વધતા જતા વાહનવ્યવહારના કારણે હાલના રાજમાર્ગો સાંકડા થવા લાગ્યા છે. શહેરના રાજમાર્ગો પહોળા કરવાના વિકલ્પો બહુ ઓછા છે ત્યારે વાહનચાલકો અને રાહદારીઓની આવાગમન સુવ્યવસ્થિત થાય તે જરૂરી છે આ માટે શહેરના વધુ વાહનવ્યવહાર વાળા રાજમાર્ગો પૈકી મવડી રોડ તથા રૈયા રોડ પર ફ્લાય ઓવર બ્રીજ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ માટે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત <u>રૂ.૬૦૦૦ લાખ</u> ફાળવવામાં આવેલ છે.

સાંસ્કૃતિક નગરી રાજકોટના નગરજનોને તેમનાં રોજીંદા ઘટમાળમાં કંઇક નવા ફરવાના સ્થળો મળી રહે તે માટે શહેર આસપાસના પ્રદ્યુમન પાર્ક આજી ડેમ તથા ન્યારી ડેમના સાઈટો તથા તેની આસપાસ મનોરંજન અર્થે

વિવિધ સુવિધાઓ જેવી કે એમ્યુઝમેન્ટ પાર્ક, હયાત બગીચાનું નવીનીકરણ તથા શહેરમાં આવેલ જુદા જુદા બગીચાના કામો માટે ચાલું સાલે રૂ. ૬૨૫ લાખ તથા આગામી સાલમાં રૂ. ૧૨૦૦ લાખની જોગવાઈ કરેલ છે.

❖ **પાણી પુરવઠા વ્યવસ્થાપન:**

રાજકોટ શહેરની સમજુ શાણી અને વર્તમાન જીવનમાં રાચનારી પ્રજાને ગત ચોમાસામાં મેઘરાજાએ ભરપુર વહાલ વરસાવી ધરવી દીધી છે ત્યારે પ્રજાના કરવેરાના પૈસાની સાથોસાથ સરકારશ્રી તરફથી મળનાર અનુદાન માંથી શહેરના પાણી પુરવઠાની વ્યવસ્થા વધુ સુધડ બનાવવા માટે શહેરના પાણી પુરવઠા માટેનો સ્ત્રોત ન્યારી-૧ ડેમની ઊંચાઈ એક મીટર વધારવા તથા તેની જળ સંગ્રહ શક્તિમાં 300 MSFT નો વધારો કરી રૂ.૫૪૦૦ લાખના ખર્ચે કુલ ૧૨૦૦ MSFT ની કેપેસીટી કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

આ ઉપરાંત પાણી પુરવઠાના પંપિંગ સ્ટેશનોની મશીનરીની જરૂરીયાત પ્રમાણે ખરીદી કરવાનું આયોજન છે જેથી ઉનાળામાં જળ સ્તર ઘટે ત્યારે તળિયાના પાણીનું પંપિંગ કરવાનું સરળ બની રહે. આ માટે ત્રણેય ઝોન માટે રૂ.૧૫૦ લાખ ની ફાળવણી કરવામાં આવી છે.

શહેરમાં દરેક વિસ્તારોમાં પાણી વિતરણ માટે જુદા જુદા પ્રકારની પાઈપલાઈનો નાખવામાં આવેલ છે આ જૂની પાઈપ લાઈનો કાઢી તેની અવેજીમાં સારી ગુણવત્તા ધરાવાતી ડી.આઈ. પાઈપ લાઈન નાખવાનું કામ હાથ ધરવામાં આવેલ છે જે પૈકી શહેરના વોર્ડ નં-૩ તથા ૪ માં રેલનગર ખાતે તૈયાર થનાર રેલનગર ESR/GSR આધારિત વિસ્તારમાં જુદી જુદી ડાયામીટરની D.I. ડીસ્ટ્રીબ્યુશન સર્વિસ પાઈપ લાઈન તથા U.P.V.C. નળ કનેક્શન સાથેના નેટવર્કનું કામ હાથ ધરવામાં આવનાર છે. આ કામની ડીઝાઈન મુજબ પ્રથમ તબક્કે ૬૦૦૦ મી.મી. ની આશરે ૬.૩ કી.મી. D.I. મેઈન પાઈપલાઈન નાખવાની કામગીરી પૂર્ણ થવાના આરે છે. બાદમાં આખા વિસ્તારમાં જુદા જુદા ડાયા મીટરની ડીસ્ટ્રીબ્યુશન પાઈપ લાઈન તથા UPVC નળ કનેશન સાથેના નેટવર્કનું કામ હાથ ધરાશે. જેમાં લગભગ રૂ.૧૯૦૦ લાખનું ખર્ચ થવા સંભાવના છે.

આ પ્રકારની D.I. પાઈપલાઈન નાખવાને કારણે લાઈન લોસ ઘટશે. લાઈનો તૂટફૂટની ઘટનાઓ જુજ બનશે તથા લીકેજ પણ ઘટશે તેનાં કારણે લાઈનોનો મેઇન્ટેનન્સ ખર્ચ ઘણો ઘટાડી શકાશે આમ વોટરવર્કસના કામોની પાછળ કુલ રૂ. ૭૨૮૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

❖ **ભૂગર્ભ ગટર યોજના**

પર્યાવરણીય સમતુલા અને લોકોનું આરોગ્ય જાળવવા માટે કોઈપણ પ્રકારે ગંદકી ન ફેલાય તે જરૂરી છે. આ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના થોડાઘણા બાકી રહેલ વિસ્તારોમાં ભૂગર્ભ ગટરની સુવિધા આપવાનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત ફેઇઝ ૧ તથા ૨ પાર્ટ-૧ ના ૪૦ ચો.કી.મી. વિસ્તારમાં કાર્યાન્વિત ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત ૭ ડ્રેનેજ પંપિંગ સ્ટેશનો તથા માધાપર ખાતેનો મુખ્ય ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત છે તે ઉપરાંત ફેઈઝ-૨ પાર્ટ-૨ ગવરીદડ ખાતે ૭૦ એમ.એલ.ડી. ના નવા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ ફેઇઝ-૨ પાર્ટ-૨ કલેકટીવનેટવર્ક અમલીકરણ જી.આર.પી. રાઈડિંગ મેઈન પાઈપલાઈન તથા નવા ૭ ડ્રેનેજ

પંપિંગ સ્ટેશનોની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ સમગ્ર આયોજન માટે **રૂ.૨૫૫૬૨ લાખની** જોગવાઈ કરવામાં આવેલ છે.

❖ ઓડીટોરીયમ કોમ્યુનીટી હોલ અને પાર્ટી પ્લોટ

શહેરના લોકો તેમનાં પ્રસંગો ખુબ જ આસાનીથી ઉજવી શકે તે માટે શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં કોમ્યુનીટી હોલ છે તે સુવિધામાં વધારો કરવાના હેતુસર પૂર્વ ઝોનમાં **રૂ.૧૯૦૦ લાખના** ખર્ચે ઓડીટોરીયમ કોમ્યુનીટી હોલ, સેન્ટ્રલ ઝોનમાં પારડી રોડ પર **રૂ.૧૩૨૦ લાખના** ખર્ચે કોમ્યુનીટી હોલ અને શોપીંગ સેન્ટર તથા પશ્ચિમ ઝોનમાં **રૂ.૨૨૦૦ લાખના** ખર્ચે ઓડીટોરીયમ અને કોમ્યુનીટી હોલ બનવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત જુદા જુદા વિસ્તારમાં **રૂ.૧૦૦૦ લાખના** ખર્ચે ૪ કોમ્યુનીટી હોલ બનાવી લોકોની સગવડતામાં વધારો કરવામાં આવશે અને પાર્ટી પ્લોટ ડેવલોપમેન્ટ કરવામાં આવશે.

❖ રસ્તાકામ

સારા રસ્તા શહેરની જીવાદોરી સમાન છે. વિકાસ યાત્રાનું એક મહત્વનું પરિબળ છે. શહેરના રસ્તા ઉપર જરૂરીયાત મુજબનું મેટલીંગ, રિમેટલીંગ, તથા પેવરકામ કરવા માટે તથા નાનામવા રોડ અને રૈયા રોડને સિમેન્ટ રોડ બનાવવાના કામે ચાલુ સાલના રીવાઈઝ્ડ બજેટમાં **રૂ. ૧૨૦૦ લાખ** તથા આગામી સાલમાં **રૂ. ૪૦૦ લાખ** તેમજ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ચાલું સાલે **રૂ.૭૯૧૨.૬૩ લાખ** તથા આગામી જનભાગીદારી અંતર્ગત રસ્તા-બ્રીજ અને ટ્રાફિક વિ.ભૌતિક માળખાકીય સુવિધાઓ માટે ચાલું સાલે **રૂ.૪૦૦૦ લાખ** તથા આગામી સાલ માટે **રૂ.૩૦૦૦ લાખની** બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

❖ આરોગ્યલક્ષી સેવા :

મહાનગરપાલિકા વિસ્તારના લોકોને કેન્સર-કિડની જેવા અસાધ્ય રોગોની સારવારમાં સહાયભુત થવા માટે સત્યસાંઈ હાર્ટ હોસ્પિટલને **રૂ. ૪૦ લાખ,** બી.ટી. સવાણી કિડની હોસ્પિટલને **રૂ.૩૦ લાખ**, કેન્સર હોસ્પિટલને **રૂ. ૩૦ લાખ**, સદગુરૂ ચેરીટેબલ ટ્રસ્ટને **રૂ.૨૦ લાખ** તથા શ્રી જલારામ રઘુકુળ સાર્વજનિક હોસ્પિટલને **રૂ.૨૦ લાખની** ગ્રાન્ટ આપવા કુલ **રૂ. ૧૦૦ લાખની** જોગવાઈ કરવામાં આવેલ છે.

❖ વૃક્ષારોપણ

શહેરની પર્યાવરણીય સમતુલા જાળવવા તથા હરિયાળી વધારવાના ઉદ્દેશથી શહેરમાં આવેલ ખુલ્લા પ્લોટ હયાત બગીચા તથા આજી ન્યારીના ખુલ્લા વિસ્તારો નદી કાંઠાના ભાગમાં વૃક્ષારોપણ કરવાનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. તેમજ બગીચાઓમાં આપવામાં આવતા પાણીમાં બચાવ થાય તે માટે સ્પ્રીંકલર સિસ્ટમથી પાણી આપવાનું આયોજન કરવામાં આવેલ છે આ માટે **રૂ.૧૨૦૦ લાખની** જોગવાઈ કરવામાં આવેલ છે. ઉપરાંત શહેરના રાજમાર્ગોની સેન્ટ્રલ લાઈનીંગમાં બ્યુટીફીકેશન માટે તથા ટ્રાફિક જંકશનમાં સુંદર વૃક્ષોનું વાવેતર કરવામાં આવનાર છે.

❖ **ઝૂઓલોજિકલ પાર્ક**

પ્રદ્યુમન પાર્ક ખાતે મહાનગરપાલિકા દ્વારા દેશનું શ્રેષ્ઠ પૈકી એક પ્રાણીસંગ્રહાલય બનાવવામાં આવેલ છે. **૧૩૭ એકરમાં** ફેલાયેલ આ ઝૂ માં સિંહ, વાઘ, દીપડા, રીંછ, હરણ વિ. પ્રાણીઓ હાલમાં છે તે ઉપરાંત આગામી વર્ષમાં લોમડી, શિયાળ, વરૂ, સફેદ વાઘ, વિ. પ્રાણીઓને રાખવા માટે પાંજરા બનાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે તેમજ ધુડખર,, સ્મોલ કેટ, મોર, ઇમુ વિ. પ્રાણી-પક્ષીના પાંજરા બનાવવા **રૂ.૬૦૦ લાખની** જોગવાઈ કરવામાં આવેલ છે.

❖ **શહેરી ટ્રાન્સપોર્ટેશન**

વધતા જતા શહેરીકરણના કારણે દિનપ્રતિદિન વાહનોની સંખ્યા વધતી જાય છે તેનાં કારણે ટ્રાફિકની ગીચતા ઘટાડવા માસ ટ્રાન્સપોર્ટેશન સેવા શરૂ કરવા ના ભાગ રૂપે શહેરમાં સીટી બસ સેવા શરૂ કરવામાં આવેલ છે. સૌ પ્રથમ જે અંતર્ગત ૧૫૦' રીંગ રોડ પર માધાપર ચોકડીથી ગોંડલ રોડ ચોકડી સુધીનો વિસ્તાર આવરી લેવામાં આવેલ. બાદમાં આ રૂટ ઉપરાંત શહેરના જુદા જુદા વિસ્તારો માટે મીનીબસ દ્વારા ટ્રાન્સપોર્ટેશનની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. જે દ્વારા રાજકોટ **શહેરના આસપાસના ૧૦ કી.મી.** સુધીના વિસ્તારને આવરી લઇ બસ રૂટ ગોઠવવામાં આવેલ છે. શહેરી જનોને આ બસ રૂટથી જાણકારી મળી રહે તે માટે લગભગ **૧૫૦** જેટલા આધુનિક પીકઅપ પોઈન્ટ ઉભા કરી તેનાં પર ટાઈમ ટેબલની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આવતા દિવસોમાં આ ટ્રાન્સપોર્ટેશન વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવાના આયોજન અંતર્ગત બસની અંદર CCTV કેમેરા, GPS ટ્રેકિંગ સિસ્ટમ તથા પેસેન્જર ટ્રાન્સફોર્મેશન સિસ્ટમની સુવિધા આપવામાં આવશે તથા વધુ **૧૦૦ પીકઅપ સ્ટેન્ડ** ઉભા કરવામાં આવશે.

❖ **બલ્કમીટર અને કન્ઝ્યુમર મીટર્સ(SCADA)**

સ્કાડા(સુપરવાઈઝરી કંટ્રોલ એન્ડ ડેટા એક્વિઝીશન) અંતર્ગત વિતરણ તથા પાણીનો જથ્થો માપી શકાશે ડી.આઈ. પાઈપ લાઈન્સની સાથે મીટરીંગ પ્રથાથી પાણી વિતરણ દરમ્યાન વધતા ઓછા પ્રમાણમાં વિતરણ થતા પાણીના જથ્થા અંગેની પાણી વિતરણ ખામીને દુર કરી શકાશે. પાણી વિતરણ વ્યવસ્થાનો સંપૂર્ણ હિસાબ રાખી શકાશે. પાણી વિતરણ વ્યવસ્થાની ઐતિહાસિક તથા હાલની માહિતીના કારણોસર પાણી પુરવઠાની માંગ તથા વિતરણ વ્યવસ્થા જાળવી શકાશે પાણી વિતરણ વ્યવસ્થામાં કોમ્પ્યુટરાઈઝેશનનો સરળતાથી અમલ કરી શકાશે. પાણી વિતરણ વ્યવસ્થાનું સંપૂર્ણ ઓડીટ કરી શકાશે. પાણી વિતરણ વ્યવસ્થામાં નોન રેવન્યુ વોટર ઘટાડી શકાશે. આ વર્ષે બલ્કમીટર્સ/ કન્ઝ્યુમર મીટર્સ માટે કુલ **રૂ. ૪૯૩ લાખની** જોગવાઈ કરવામાં આવી છે.

❖ **સ્મશાન સુવિધા**

શહેરમાં જુદા જુદા વિસ્તારમાં હયાત સ્મશાનો પૈકી રામનાથપરા સ્મશાન તથા રૈયા રોડ સ્મશાનમાં સુવિધા સુવિધામાં વધારો કરી વધારાની વિદ્યુતભઠ્ઠી તૈયાર કરવાની મોટાભાગની કામગીરી પૂર્ણ થવાના આરે છે. તદુપરાંત આ બન્ને સ્મશાનમાં ગેસ આધારીત ક્રીમેશન ફર્મેશની કામગીરી પણ હાથ ધરવામાં આવેલ છે.

❖ **પુસ્તકાલય**

લોકોની વાંચન ભુખ સંતોષાય અને જ્ઞાન સમૃધ્ધિમાં વધારો થાય તે માટે હયાત લાઈબ્રેરીના વિસ્તૃતીકરણ ઉપરાંત પૂર્વ અને પશ્ચિમઝોનમાં નવી લાઈબ્રેરી બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. પુસ્તકોની ખરીદી માટે **રૂ. ૧૬ લાખની** જોગવાઈ કરવામાં આવેલ છે.

❖ **આજી રીવરફ્રન્ટ યોજના**

શહેરના મધ્યમાંથી પસાર થતી આજી નદીમાં શહેરનું દુષિત પાણી- કચરો ઠલવવાના કારણે ખુબ જ ગંદકી થાય છે તેથી આ ગંદકી ઠલવવાની અટકે, તેમાં થતું દબાણ બંધ થાય તે માટે રક્ષણ દીવાલ બનાવી કચરો, ગંદકી અને દબાણ અટકે તે માટે પ્રાથમિક તબક્કાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

❖ **સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ**

ધન કચરા(વ્યવસ્થાપન અને નિયંત્રણ) નિયમો ૨૦૦૦ અન્વયે રાજકોટ મહાનગર પાલિકાની સોલીડવેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા રાજકોટ શહેરમાંથી ઉત્પન થતા અંદાજીત **૪૫૦ મેટ્રિક ટન** કચરાનો નિકાલ વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા કરવામાં આવે છે.

રાજકોટ શહેરના વોર્ડ નં-૧ થી ૨૩ના વિસ્તારોમાં સફાઈ કરવા માટે વિવિધ વિસ્તારોમાં સફાઈ કરવા માટે મિત્ર મંડળની યોજના અનુસાર **રૂ.૬૦૦ લાખની** જોગવાઈ કરવામાં આવી છે. રાજકોટ શહેરમાં મીની ટીપર દ્વારા ઘરે ઘરે થી કચરો એકઠો કરવા માટે મીની ટીપર **નંગ-૪૭** તથા આગામી વર્ષમાં મીની ટીપર **નંગ-૭૦** ખરીદવા **રૂ.૪૧૭ લાખની** જોગવાઈ કરવામાં આવી છે. સોલીડવેસ્ટ મેનેજમેન્ટના ઉપયોગ માટે **૨૦૦૦ નંગ** વ્હીલબેરો ખરીદવા **રૂ.૧૨૦ લાખની** જોગવાઈ છે. તથા ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર માટે **રૂ.૧૦૦ લાખની** જોગવાઈ છે. તદુપરાંત હાલમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર યશ ધામ પાસે ગાર્બેજ ટ્રાન્સપોર્ટ સ્ટેશન આવ્યું છે. આ ગાર્બેજ સ્ટેશન ઓપન ટાઈપ છે. આ ગાર્બેજ ટ્રાન્સપોર્ટ સ્ટેશનને બંધ કરી રૈયાધાર ખાતે **૧૨૦૦૦ ચો.મી.** ક્ષેત્રેફળ જમીનમાં નવું સેમી ક્લોઝડ ગાર્બેજ ટ્રાન્સપોર્ટ સ્ટેશન બનાવવાનું આયોજન છે. આ અંગે બજેટમાં સિવિલ વર્કના **રૂ. ૫૮૦ લાખ** તથા બે નંગ સ્ટેટિક કોમ્પેકટર, બે નંગ ૨૦ કયુ.મી.ના હોપર તથા ૬ નંગ હુકલોડર ખરીદવા માટે **રૂ. ૪૦૦ લાખની** જોગવાઈ કરવામાં આવેલ છે. આ ઉપરાંત હાલમાં કે.એસ. ડીઝલ પાસે ગાર્બેજ ટ્રાન્સપોર્ટ સ્ટેશન છે જેને સેમી ક્લોઝડ ગાર્બેજ ટ્રાન્સપોર્ટ સ્ટેશનમાં કન્વર્ટ કરવા સિવિલ વર્કના **રૂ.૧૬૦ લાખ** તથા બે નંગ સ્ટેટીક્સ કોમ્પેક્ટર, બે નંગ ૨૦ ક્યુમીના હોપર તથા ૬ નંગ હુકલોડર ખરીદવા માટે **રૂ. ૪૦૦ લાખની** જોગવાઈ કરવામાં આવી છે.

રાજકોટ શહેરમાંથી ઉત્પન્ન થતા ધન કચરાના નિકાલ માટે નાકરાવાડી ગામ ખાતે પ્રોસેસિંગ પ્લાન્ટ બનાવવામાં આવ્યો છે. આ પ્રોસેસિંગમાંથી વધતા કચરાનો વૈજ્ઞાનિક ધોરણે નિકાલ કરવા માટે લેન્ડફીલ સાઈટનો પ્રથમ સેલ બનાવવામાં આવ્યો છે. જે હાલ કાર્યરત છે. લેન્ડફિલ સાઈટનો **૪ લાખ ટન** કેપીસીટીનો સેકન્ડ સેલ બનાવવા માટે **રૂ. ૨૦૦૦ લાખની** જોગવાઈ કરવામાં આવી છે. લેન્ડફિલ સાઈટ માટે ક્રાઉલર ડોઝર ખરીદવા માટે **રૂ. ૮૦ લાખની** જોગવાઈ કરવામાં આવી છે.

જે.એન.એન.યુ.આર.એમ. અને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી વિકાસ યોજના અંતર્ગત સને ૨૦૧૪-૧૫ ના બજેટના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટે અનુક્રમે <u>રૂ. ૨૧૦૦ લાખ</u> તથા <u>રૂ. ૨૨૦૦ લાખની</u> જોગવાઈ કરવામાં આવી છે.

❖ **<u>અગ્નિશામક દળ સુદૃઢીકરણ</u>**

રાજકોટ ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસ માત્ર રાજકોટ શહેર જ નહી પણ સમગ્ર સૌરાષ્ટ્રમાં આપત્તિ વ્યવસ્થાપનનું કાર્ય કરે છે. ચાલું વર્ષે શરૂ થયેલા બે નવા ફાયર સ્ટેશનના નિર્માણના કાર્ય આગામી વર્ષમાં પૂર્ણ થશે. તે માટે ચાર નવા ફાયર ફાયટર વાહનો પણ લેવામાં આવી રહયા છે. આગામી વર્ષમાં પણ પાંચ નવા વોટર ટેન્ડર વાહનો અને જરૂરી સાધનસામગ્રી ખરીદવામાં આવશે.

આ ઉપરાંત હાઈ-રાઈઝ બિલ્ડીંગમાં આગ લાગે તો ૪૫ મીટર ઊંચાઈ સુધી અગ્નિશમન અને બચાવકાર્ય કરી શકે તે માટે નવું હાઇડ્રોલિક પ્લેટફોર્મ વાહન તો વસાવવામાં આવ્યું છે. રાજકોટ અને આસપાસના વિસ્તારમાં બહુમાળી મકાનોની સંખ્યા દિન પ્રતિદિન વધતી જાય છે. રાજકોટ શહેરમાં ઉંચા બિલ્ડીંગમાં ઉત્તરોતર વધારો થતો રહ્યો છે. તેવા સંજોગોમાં આગામી દિવસોમાં હાઈ રાઈઝ બિલ્ડીંગ સલામતીના ધારાધોરણ કડક રીતે અમલમાં આવે, ફાયર ઇન્સ્ટોલેશન્સની જાળવણી, નિભાવણી થઇ છે કે કેમ? એ માટે ખાસ ટેકનીકલ સેલ બનાવવામાં આવશે તેનાં દ્વારા શહેરની બહુમાળી ઈમારતોમાં ફાયર ઈંસ્ટોલેશન સુવિધાનો અભ્યાસ કરી તેમાં રહી ગયેલી ક્ષતિઓ અને નિભાવ મરામતની ઉણપને દુર કરવા માટે કડક પગલાં ભરવામાં આવશે. આ ઉપરાંત આગામી વર્ષમાં હાઈડ્રોલિક પ્લેટફોર્મ સહીત નવા વાહનો/સાધનોની ખરીદી કરવા વિચારાયું છે. આ બધા કાર્યો માટે આગામી બજેટમાં કુલ <u>રૂ.૩૦૦ લાખની</u> જોગવાઈ કરવમાં આવી છે.

❖ **<u>ઈગવર્નન્સ-</u>**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સમય અને આધુનિક ટેકનોલોજી સાથે તાલ મિલાવી શહેરીજનોને ઝડપી અને પારદર્શક સેવાઓ મળી રહે તે માટે ઈ-ગવર્નન્સના પ્રોજેકટ હેઠળ મહાનગરપાલિકાન અલગ અલગ સેવાઓને એક છત્ર નીચે આવરી લઇ RITEeGovernance પ્રોજેકટ અંતર્ગત નાગરીકોને મહાનગરપાલિકાની ઈ-ગવર્નન્સની સેવાઓનો મહત્તમ લાભ મળે તે હેતુથી મહાનગરપાલિકાના માગણા માટે અલગ અલગ વ્યવસ્થા જેવી કે છ નાગરિક સુવિધા કેન્દ્ર, ૨૦ પોસ્ટ ઓફીસ, ચાર કીઓસ્ક, IVRS, મોબાઈલ, ક્રેડીટ કાર્ડ/ડેબિટ કાર્ડ, નેટ બેન્કિંગ તેમજ હપ્તાથી પેમેન્ટ કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જે માટે રાજકોટ સમગ્ર દેશમાં અગ્રેસર છે. આ ઉપરાંત QR Code જન્મ-મરણ, લગ્ન સર્ટીફીકેટ, તેમજ પ્રોપર્ટી ટેક્સ ડીમાન્ડ બીલ, નોટીસમાં પ્રિન્ટ કરવામઅ આવે છે. જેના દ્વારા મહાનગરપાલિકાના દરેક ડોકયુમેન્ટનીશ્રધ્ધેયતાની ઓનલાઈન મોબાઈલ ચકાસણી કરી શકાય છે. આ ઉપરાંત વેબસાઈટ પરથી ડીજીટલ સિગ્નેચર સાથેના દાખલા મળી શકે તે માટેનું અમલીકરણ ચાલું કરવામાં આવનાર છે. દરેક ઝોનમાં કર્મચારીઓની હાજરી માટે ફેઈસ ડિટેક્ટર મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત ચાલું નાણાંકીય વર્ષમાં મહાનગરપાલિકાની દરેક ઓફીસમાં તેમજ વોર્ડ ઓફિસમાં પણ ફેઈસ ડિટેક્ટર મુકવામાં આવનાર છે. આ ઉપરાંત બધી જ વોર્ડ ઓફીસને એક બીજા સાથે જોડવા માટે (wan કનેક્ટીવીટી) માટેની કાર્યવાહી અંતિમ તબક્કામાં છે. આ ઉપરાંત આ સાથે રાજકોટ મહાનગરપાલિકાની તમામ ઓફિસને જોડી RMC INTARNET ચાલું કરવામાં આવશે. સરકારી કામમાં ફાઈલ એક ટેબલ થી બીજા ટેબલ ફરતી રહે છે. નિર્ણય લેવામાં કોઈ વાર વિલંબ

થતો હોય છે. આ પ્રશ્નના નિરાકરણ માટે ફાઈલ ટ્રેકિંગ સિસ્ટમનો કોમ્પ્યુટર પ્રોગ્રામ અમલી બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

રાજકોટ મહાનગરપાલિકા એમ-ગવર્નન્સ આધારિત સેવાઓમાં સમગ્ર દેશમાં અગ્રેસર છે. આ સેવાઓનો વ્યાપ વધારી મહાનગરપાલિકાની તમમાં સેવાઓ સ્માર્ટ ફોન પર જ મળી રહે તે માટેની એપ્લીકેશન RMC-App લોન્ચ કરવમાં આવશે.

આ સાથે આવતા નાણાકીય વર્ષમાં ઈ-વોર્ડ ઓફીસ પ્રોજેકટ પૂર્ણ કરવામાં આવશે. આ માટે આવતા નાણાકીય વર્ષમાં **રૂ. ૪૦ લાખની** જોગવાઈ કરવામાં આવેલ છે. આવતા નાણાંકીય વર્ષમાં રાજકોટના નાગરીકોને વધુ સારી સેવા મળી રહે તે માટે માઈક્રોચીપ અને ઈંગ્લીશમાં QR CODE આધારિત મલ્ટીપર્પઝ RMC SMART CARD (પાઈલોટ પ્રોજેકટ) લોન્ચ કરવામાં આવશે. આ માટે નાણાંકીય વર્ષમાં **રૂ. ૨૫ લાખની** જોગવાઈ કરવામાં આવેલ છે. ચાલું સાલમાં જન્મદાખલા ડીઝીટલ સહી સાથે મળી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવશે. આ સુવિધાનો વ્યાપ વધારી મરણના દાખલા, તેમજ લગ્નના દાખલા પણ ડીઝીટલ સહી સાથે મળી શકે તેવી વ્યવસ્થા આવતા નાણાંકીય વર્ષમાં કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મહાનગરપાલિકાની તમામ સેવાઓનો GIS આધારીત ડેટાબેઝ તૈયાર કરેલ છે જેનું અપડેશન કરવું જરૂરી છે આ માટે GIS સેલની જોગવાઈ આગામી બજેટમાં કરવામાં આવી છે.

આ તમામ કામગીરી માટે આગામી બજેટમાં કુલ **રૂ. ૫૨૫ લાખની** જોગવાઈ કરવામાં આવી છે.

આ અંદાજપત્ર દ્વારા અમે ભારતીય જનતાપાર્ટીના પ્રજાલક્ષી, વિકાસાભીમુખ વલણનું પ્રતિબિંબ આપવા નમ્ર પ્રયાસ કર્યો છે. ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આજે દેશભરમાં વિકાસનો મંત્ર ફૂંકી રહ્યા છે, ત્યારે અમે પણ અમારા વહીવટ અને શાસનમાં સમાજસેવા લક્ષી અભિગમનું પાલન થાય તેવા સંનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છીએ. જે આ બજેટમાં ફલિત થાય છે.

નવી યોજનાઓ

❖ પેડસ્ટલ બ્રીજ

શહેરના ટ્રાફિક ગીચતાવાળા રાજમાર્ગો પર પદયાત્રીઓની સુવિધા માટે પેડસ્ટલ ઓવરબ્રીજ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત શહેરમાં સિવિલ હોસ્પિટલ ચોક, કોર્ટ સંકુલ પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ વિ. સ્થળે **કુલ ૫ પેડસ્ટલ** ઓવરબ્રિજ બનાવવા **રૂ.૧૦૦ લાખની** જોગવાઈ કરવામાં આવેલ છે.

❖ આરોગ્યલક્ષીસેવા

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા લોકોની આરોગ્યલક્ષી સુવિધામાં વધારો કરવાના આશયથી શહેરની સત્યસાંઈ હોસ્પિટલ, કેન્સર હોસ્પિટલ, બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ, જલારામ રઘુકુળ હોસ્પિટલ તથા શ્રીસદગુરૂ ચેરીટેબલ ટ્રસ્ટ હોસ્પિટલને હાલ આપવામાં આવતી સહાયમાં **રૂ.૧૦-૧૦ લાખનો વધારો** કરવા કુલ **રૂ.૫૦ લાખની વિશેષ** જોગવાઈ કરવામાં આવેલ છે.

❖ મેમોગ્રાફી મશીન

રાજકોટના પ્રથમ નાગરિક તરીકે જયારે એક મહિલા છે ત્યારે મહિલાઓની આરોગ્યની ખેવના કરી મહિલાઓના તબીબી પરીક્ષણ માટે ત્રણેય ઝોનમાં **એક - એક મેમોગ્રાફી મશીન** વસાવવા **રૂ.૪૫ લાખની** જોગવાઈ કરવામાં આવી છે. જેના દ્વારા ૪૦ વર્ષથી વધુ વાયની કોઇપણ મહિલાનું તબીબી પરીક્ષણ વિનામુલ્યે કરી આપવામાં આવશે.

❖ સ્ટોર્મ વોટર ડ્રેનેજ

શહેરમાં વેસ્ટઝોનમાં આવેલ શ્રી હરિસિંહજી ગોહેલ વેસ્ટઝોન કચેરીવાળા માર્ગ પર વરસાદીપાણીનો ભરાવો થવાથી લોકો અને વાહન ચાલકોને ખુબ જ મુશ્કેલી પડે છે. આ મુશ્કેલી દુર કરવા વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ પોઈન્ટ ડ્રેઈન બનાવવા માટે **રૂ.૨૦૦ લાખની** જોગવાઈ કરવામાં આવેલ છે.

❖ શિક્ષણ સહાય

વર્તમાન યુગમાં શિક્ષણનું ખુબ જ મહત્વ છે. પરંતુ શિક્ષણ માટે કરવા પડતા ખર્ચમાં સહાય પૂરી પાડવા તથા કન્યા શિક્ષણને પ્રોત્સાહિત કરવાના આશયથી રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારની કોઇપણ સ્કૂલમાં ધો—૧૨ સાયન્સમાં પાસ થઇ ઉચ્ચ અભ્યાસમાં જનાર BPL ધારક વિદ્યાર્થીઓને પ્રત્યેકને **રૂ.૧૦,૦૦૦/-** સહાય આપવા માટે **રૂ. ૧૦ લાખની** જોગવાઈ કરવામાં આવેલ છે.

❖ જમીન ખરીદી

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સામાન્યતઃ પોતાની અથવા સરકારશ્રીમાંથી મેળવેલ જમીનો પર લોકોપયોગી કામો માટે જરૂરી બાંધકામ કરવામાં આવે છે. પરંતુ ઘણી વખત લોકસુવિધા માટે જરૂરી બાંધકામ કરવા જમીન ઉપલબ્ધ ન હોવાના કારણે આયોજન અટકી ન પડે તે માટે આરોગ્ય કેન્દ્રો, આંગણવાડીના મકાનો કે શાળાના મકાનો વિ. પ્રકારના બાંધકામો માટે જરૂરીયાત મુજબની જમીન ખરીદ કરવા માટે **રૂ.૧૫૦૦ લાખ** જેવી જંગી રકમની જોગવાઈ કરવામાં આવેલ છે.

❖ **યુવાનોને રોજગાર લક્ષી માર્ગદર્શન**

યુવાનોને અભ્યાસ પછી રોજગાર લક્ષી તાલીમ વધુ સરળતાથી અને સુવ્યવસ્થિત રીતે મળી રહે તે માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રોજગારલક્ષી માર્ગદર્શન આપવા માટે જરૂરી સેમિનાર, વર્કશોપ સાધન સામગ્રી તથા વર્ગો માટે **રૂ.૨૫ લાખની** જોગવાઈ કરવામાં આવેલ છે.

❖ **રોપા વિતરણ**

પર્યાવરણની જાળવણી અને સંતુલન માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેર અને આજુબાજુના વિસ્તારમાં બહોળી પ્રમાણમાં વૃક્ષારોપણ કરવામાં આવે છે . પરંતુ તેમાં લોકોનો પુરો સહયોગ મળી રહે અને લોકો પણ વૃક્ષરોપણની પ્રવૃત્તિમાં ઉત્સાહભેર ભાગ લે તે માટે શહેરના દરેક વોર્ડમાં વિનામુલ્યે રોપાનું વિતરણ કરવા માટે **રૂ. ૧૨ લાખની** જોગવાઈ કરવામાં આવેલ છે.

❖ **ચકલીના માળનું વિતરણ**

શહેરમાં નામશેષ થઇ રહેલ ચકલીને બચાવવા માટે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લોકોને વિનામુલ્યે ચકલીના માળાનું વિતરણ કરવા માટે **રૂ. ૫ લાખની** જોગવાઈ કરવામાં આવેલ છે.

❖ **સીવીક સેન્ટર**

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તેમની સેવાઓ લોકોના ઘરના આંગણે લઇ જવાના આશયથી શહેરના જુદા જુદા વિસ્તારોમાં લોકમાંગણી ધ્યાને લઇ સીટી સીવીક સેન્ટરો શરૂ કરવામાં આવેલ છે. જેનાથી લોકોને મહાનગરપાલિકા સંબંધી કામકાજમાં ખુબ જ સરળતા થઇ શકે. શહેરના વોર્ડ નં-૧૨માં **નવું સીટી સિવિક સેન્ટર** બનાવવાના જોગવાઈ કરવામાં આવેલ છે.

❖ **સ્મશાનમાં સોલાર હીટર**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ સ્મશાનોમાં જરૂરી સુવિધા પૂરી કરવામાં આવેલ છે હવે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના તમામ સ્મશાનગૃહોમાં આવતા ડાધુઓને ગરમ પાણીની સગવડતા મળી રહે તે માટે સૌર ઉર્જાઆધારીત સોલાર હીટરની સગવડતા કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે **રૂ. ૧૦ લાખની** જોગવાઈ કરવામાં આવેલ છે.

❖ **અપંગ વિદ્યાર્થીઓને ટ્રાઈસિકલ**

રાજકોટ શહેરમાં વસવાટ કરતા અને રાજકોટ મહાનગરપાલિકાની પ્રાથમિક શાળાઓ કે હાઈસ્કુલમાં અભ્યાસ કરતા અપંગ વિદ્યાર્થીઓને ટ્રાઈસિકલ આપવા માટે **રૂ.૫ લાખની** જોગવાઈ કરવામાં આવેલ છે.

❖ **પ્રદ્યુમન પાર્ક ખાતે બેટરી ઓપરેટેડ મીની કાર**

પ્રદ્યુમન પાર્ક ખાતે આવતા સહેલાણીઓ માટે ૪ સીટની બેટરી ઓપરેટેડ કાર **"ફેમીલી કાર"** વસાવવાનું નક્કી કરવામાં આવેલ છે. આ માટે **રૂ. ૧૫ લાખની** જોગવાઈ કરવામાં આવી છે.

❖ **આરોગ્યલક્ષી સેવા**

જુવેનાઇલ ડાયાબીટીસ રોગગ્રસ્ત બાળકોની સારવા-દવા, ઇન્સ્યુલીનનો ઘણો મોટો ખર્ચ હોય છે. ત્યારે શહેરમાં વસતા જુવેનાઇલ ડાયાબીટીસના દર્દીઓની દવા-સારવારનો ખર્ચ કાયમી ધોરણે કોર્પોરેશન ઉઠાવશે. આ માટે વધારાના રૂ. ૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

મહિલાઓ માટે વેસ્ટઝોનમાં જીમ્નેશીયમ શરૂ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ માટે રૂ.૧૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

❖ **અંત્યેષ્ઠી માટેનો સામાન**

શહેરમાં કોઇપણ વ્યકિતનું અવસાન થાય ત્યારે તેમનાં માટે જરૂરી નિહારનો સમાન વિનામુલ્યે આપવા માટે રૂ. ૧૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

રકમ રૂ. લાખમાં

હેડ	કમિશનર સા.	સ્થાયી સમિતી
રોશની	૭.૫	૧૭.૫૦
આરોગ્ય	૧.૦	૪૬.૦૦
બાંધકામ / સ્વર્ણિમ	૬૭૮૫૨.૭૭	૬૭૮૬૨.૭૭
બાંધકામ (સ્વર્ણિમ સિવાય)	૩૨૦૮	૩૪૨૩.૦૦
ડ્રેનેજ	૧૩૦૦૫.૦૦	૧૩૬૦૫.૦૦
જમીન ખરીદી	૪૦૦	૧૯૦૦.૦૦

❖ **ઉપસંહાર**

આ અંદાજપત્ર જ નહી પરંતુ મારા અત્યાર સુધીના કાર્યકાળ દરમ્યાન મને મેયરશ્રી, ડે.મેયરશ્રી, પક્ષના નેતાશ્રી, દંડકશ્રી, મારા તમામ સાથી કોર્પોરેટરશ્રીઓ, કમિશનરશ્રી તથા મહાનગરપાલિકાના તમામ અધિકારી, કર્મચારીઓ તથા પ્રેસ-મીડિયા, ન્યુઝ ચેનલ તમામનો સુસહયોગ પ્રાપ્ત થયો છે, તે માટે તમામનો આભારી છુ તથા ભવિષ્યમાં આવો જ સાથ-સહકાર પ્રાપ્ત થશે એવો વિશ્વાસ છે...

રાજેન્દ્રસિંહ ઝાલા
ચેરમેન,
સ્ટેન્ડીંગ કમીટી
રાજકોટ મહાનગર પાલિકા


બજેટ ઉડતી નજરે

રકમ રૂા. લાખમાં

વિગત	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪ રીવાઇઝ્ડ	૨૦૧૪-૧૫ અંદાજિત
મહેસુલી ખર્ચ	૨૬૮૪૪	૨૮૯૭૫	૩૧૦૫૭	૩૬૭૬૫	૪૪૨૫૦
મૂડી ખર્ચ	૧૮૦૦૪	૧૬૯૨૨	૨૨૮૭૧	૪૪૬૫૬	૧૫૬૬૪૧
અનામત	૧૮૧૧	૮૭૮	૧૫૧૦	૧૬૩૯	૩૩૩૦
કુલ	૪૬૬૫૯	૪૬૭૭૫	૫૫૪૩૮	૮૩૦૬૦	૨૦૪૨૨૧


બજેટના કદમાં ઉત્તરોત્તર વધારો

રકમ રૂા. લાખમાં



આવકની વિગતો

રકમ રૂા. લાખમાં




ગત વર્ષની સરખામણીમાં બજેટમાં કેટલો ફેરફાર ?

રકમ રૂા. લાખમાં


ક્રમ	આવક/ખર્ચ	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫	તફાવત	ટકાવારીમાં ફેરફાર
૧	મહેસૂલી આવક	૪૧૭૯૫	૪૭૭૪૨	૫૯૪૭	૧૪.૨૩%
૨	મૂડી આવક	૩૧૯૦૫	૧૪૧૯૪૬	૧૧૦૦૪૧	૩૪૪.૯૦%
૩	મહેસૂલી ખર્ચ	૩૬૭૬૫	૪૪૨૫૦	૭૪૮૫	૨૦.૩૬%
૪	મૂડી ખર્ચ	૪૪૬૫૬	૧૫૬૬૪૧	૧૧૧૯૮૫	૨૫૦.૭૭%

બજેટ ઉડતી નજરે

રકમ રૂ. લાખમાં



રૂપિયો કયાંથી આવશે ?



કુલ – રૂ. ૧૯૨૪૧૯ લાખ

મહેસૂલી તથા મૂડી આવકનું વિભાજન

રકમ રૂ. લાખમાં


મહેસૂલી આવક

મિલકત વેરો	૧૪૯૦૭-૭૬
જકાત ગ્રાંટ	૧૦૧૦૦-૦૦
ઈમ્પેકટ ફી તથા એફએસઆઈ	૬૫૦૦-૦૦
એડવાન્સ તથા વ્યાજ	૨૬૮૦-૦૦
પાણી ચાર્જ	૨૧૮૧-૯૦
પ્રોફેશનલ ટેક્ષ	૩૦૦૦-૦૦
ડ્રેનેજ ચાર્જ	૧૭૫૨-૮૮
જગ્યા રોકાણ	૬૦૨-૫૦
મહેસૂલી ગ્રાંટસ	૧૨૦૦-૫૦
આવાસની વસુલાત	૩૬૦-૦૦
અન્ય મહેસૂલી આવક	૪૪૫૬-૧૫
કુલ મહેસૂલી આવક	૪૭૭૪૧-૬૯

મૂડી આવક

SJMMSVY ગ્રાન્ટ	૬૧૬૫૧-૩૬
JnNURM ગ્રાન્ટ	૧૪૬૨૦-૨૧
જમીન વેચાણ	૧૧૦૦૦-૦૦
RAY ગ્રાન્ટ	૯૬૨-૧૧
આવાસ મૂડી આવક	૫૨૧૨૮-૦૦
અન્ય મૂડી આવક	૧૫૫૪-૫૦
કુલ મૂડી આવક	૧૪૧૬૪૬-૧૮

રૂપિયો કયાં ખર્ચાશે ?



કુલ – રૂ.૨૦૪૧૬૬ લાખ

મહેસૂલી ખર્ચનું વિભાજન

રકમ રૂા. લાખમાં

મહેકમ ખર્ચ	૨૧૫૬૯-૨૦
વોટર વર્કસ ખર્ચ	૭૫૮૨-૦૦
સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ખર્ચ	૨૮૮૫-૫૦
ડ્રેનેજ ખર્ચ	૯૮૭-૫૦
રસ્તા ખર્ચ	૪૦૦-૦૦
શિક્ષણ ખર્ચ	૧૩૫૯-૮૦
અન્ય બાંધકામ ખર્ચ	૮૦૪-૦૦
સ્ટ્રીટ લાઈટ ઈલે. / મરામત ખર્ચ	૯૪૭-૫૫
સીકયુરિટી ખર્ચ	૭૮૬-૦૦
આઈસીડીએસ ખર્ચ	૭૩૪-૨૫
યુ.આઈ.ડી. ખર્ચ	૧૦૦-૦૦
ટ્રાન્સપોર્ટ ખર્ચ	૧૭૨૬-૦૦

લોન હપ્તા / વ્યાજ	૪૦૦-૦૦
ગાર્ડન ખર્ચ	૫૯૪-૫૦
પેટ્રોલ / ડિઝલ ખર્ચ	૬૦૦-૦૦
આરોગ્ય ખર્ચ	૪૫૦-૭૫
ફાયર એન્ડ ઈમરજન્સી ખર્ચ	૨૨૭-૦૦
સમાજ કલ્યાણ ખર્ચ	૪૧૧-૭૫
એડવાન્સીસ	૩૧૭-૦૦
અન્ય નિભાવ મરામત	૧૩૬૭-૫૮
કુલ મહેસૂલી ખર્ચ	૪૪૨૫૦-૦૦

મૂડી ખર્ચનું વિભાજન

રકમ રૂા. લાખમાં

આવાસ	૬૨૬૨૦-૦૦
મૂળભૂત માળખાકીય સુવિધા	૩૬૨૮૭-૫૬
સામાજિક આંતરમાળખાકીય સુવિધા	૨૨૦૩૩-૨૧
ડ્રેનેજ	૧૩૬૦૫-૦૦
અર્બન મોબીલીટી	૫૬૧૭-૦૦
નવા રસ્તા	૩૯૮૦-૦૦
અન્ય સીવીલ વર્ક્સ	૩૬૪૪-૦૦
વોટર વર્કસ	૨૯૭૩-૫૦
સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ	૨૧૦૦-૦૦
ઇ-ગર્વનન્સ	૫૨૫-૦૦

મોનસૂન ગ્રાન્ટ	૪૦૦-૦૦
ટી-પી- વિકાસ કામ	૩૦૧-૦૦
ફાયર અને ઇમરજન્સી	૧૪૦-૦૦
અન્ય મૂડી ખર્ચ	૨૪૧૪-૬૦
કુલ	૧૫૬૪૦-૮૭

સ્ટે.ક.ઠ.નં.–૫૯૫

ઠરાવ

ધી બોમ્બે પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ–૧૯૪૯ ની કલમ–૯૫ અન્વયે અનુક્રમે ૨૦૧૩–૧૪ ની સાલના અંદાજપત્રમાં વધારો–ઘટાડો કરવા તથા સને ૨૦૧૪–૨૦૧૫ ની સાલનુ ઉત્પન્ન તથા ખર્ચનું અંદાજપત્ર અને તે અંગેની નોંધ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તરફથી તેમના પત્ર નં. ૫૭૬ તા. તા.૨૭–૧–૧૪ ના રોજ સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરાયેલ છે

સૌપ્રથમ સને ૨૦૧૩–૧૪ની સાલના અંદાજપત્રમાં વધારો–ઘટાડો કરવા મ્યુનિ.કમિશ્નરશ્રીએ રજુ કરેલ, આ સાથેના પત્રકના કોલમ નંઃ ૧૦ મુજબની દરખાસ્ત સબંધે ચર્ચા–વિચારણાં કરવામાં આવેલ, ચર્ચા–વિચારણાંના અંતે આ સાથેના પત્રકનાં કોલમ નં : ૧૨ માં દર્શાવ્યા પ્રમાણે ૨૦૧૩–૧૪નું રીવાઈઝ અંદાજપત્ર સુધારા–વધારા સહ મંજૂર કરવા જનરલ બોર્ડને ભલામણમાં આવે છે.

સને ૨૦૧૪–૧૫ની સાલના અંદાજપત્રમાં ઉત્પન્ન તથા ખર્ચ અંગેની કમિશ્નરશ્રીની દરખાસ્ત પરત્વે સંપૂર્ણ ચર્ચા–વિચારણાં કરવામાં આવેલ છે, ચર્ચા–વિચારણાંના અંતે ઉત્પન્ન થતાં ખર્ચનું અંદાજપત્ર 'અ' મહેસુલ આવક તથા ખર્ચ ભાગ–૧ (અ)(બ), મૂડી આવકખર્ચનું અંદાજપત્ર ભાગ–૨ (અ) (બ), અનામત આવક–જાવક અંદાજ પત્ર ભાગ–૪, એસ્ટાબ્લીશમેન્ટ શેડયુલ, સીકીંગ ફંડ આવકખર્ચનું અંદાજપત્ર તથા સ્ટાફ પેન્શન ફંડ આવકખર્ચનું અંદાજપત્ર વિગેરે આ સાથેના પત્રકના કોલમ નં : ૧૩ થી તૈયાર કરવામાં આવેલ છે, જે મંજૂર કરવા આ કમીટી જનરલબોર્ડને ભલામણ કરે છે.

આ ઉપરાંત બી.પી.એમ.સી. એકટ–૧૯૪૯ની કલમ : ૧૨૭, ૧૨૯ તથા ૯૯ હેઠળ સને ૨૦૧૪–૧૫ ના નાણાંકીય વર્ષ માટે સામાન્ય કર, થીયેટર ટેકસ, ખુલ્લા પ્લોટ પરનો ટેકસ, ફાયરટેકસ, વાહનકર, દિવાબતીકર, સફાઈ કર, પાણીદર અને ડ્રેનેજટેકસ વસુલ કરવા પત્રનં.–૫૭૭ તા.૨૭/૦૧/૧૪, તથા વર્ષ ૨૦૧૪–૧૫માં મિલ્કતધારકો સામાન્ય કર, સફાઈકર, શિક્ષણ ઉપકર, ફાયરટેકસ, ડ્રેનેજ કર, દિવાબતી કર, તથા પાણીના ચાર્જ રકમ ભરવા પ્રોત્સાહિત થાય તે માટે વળતર યોજના અમલમાં મુકવા પત્ર નંઃ ૫૭૮ તા.૨૭/૧/૧૪ , કમિશનરશ્રીએ રજુ કરેલ આનુસાંગિક દરખાસ્તો પરત્વે અલગ અલગ ઠરાવો કરવાનું મુનાસીબ જણાય છે, તેથી તે માટે અલગ અલગ ઠરાવો કરવામાં આવેલ છે, તે અંદાજપત્ર સહ મંજૂર કરવા જનરલબોર્ડને ભલામણ કરવામાં આવે છે.

ઘટીત નિર્ણય અર્થે જનરલબોર્ડમાં રજુ કરવું.

તા.૦૬/૦૨/૧૪

સર્વાનુમતે મંજુર

(સહી) રાજેન્દ્રસિંહ ઝાલા
ચેરમેન
સ્ટેન્ડીંગ કમીટી
રાજકોટ મહાનગરપાલીકા

સ્ટે.ક.ઠ.નં.–૫૯૬

ઠરાવ

સને ૨૦૧૪–૧૫ના વર્ષ દરમ્યાન બી.પી.એમ.સી.એકટ–૧૯૪૯ ની કલમ– ૧૨૭, ૧૨૯ તથા ૯૯ હેઠળ જુદા જુદા કરવેરા જેવા કે સામાન્યકર, થીયેટરટેકસ, ખુલ્લા પ્લોટ પર ટેકસ, ફાયરટેકસ, વાહનકર, દિવાબતીકર, સફાઈકર, પાણી દર, તથા ડ્રેનેજટેકસ નિયત કરવા અંગે કમિશનરશ્રીનો પત્ર નં.–૫૭૭ તા.૨૭/૦૧/૧૪નો લક્ષમાં લેવામાં આવે છે.

મ્યુનિસિપલ કમિશનરશ્રીએ રજુ કરેલ કરવેરાની દરખાસ્ત લક્ષમાં લેતા સને ૨૦૧૪–૧૫ના વર્ષ દરમ્યાન બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ની કલમ–૧૨૭, ૧૨૯ તથા ૯૯ અન્વયે નીચે નિર્દેશ કરેલ જુદાજુદા કરવેરા નિયત કરવા આ કમીટી જનરલબોર્ડને ભલામણ કરે છે.

(૧) **<u>સામાન્ય કર :–</u>**

(અ) તા.૧/૪/૨૦૧૪ થી ૩૧/૩/૨૦૧૫ નાં સમય ગાળા માટે, જમીનોની તથા મકાનોની કિંમતોની નીચે જણાવેલ દરો મુજબ સામાન્ય કર લેવા દરખાસ્ત છે. જેમાં બી.પી.એમ.સી.એકટ–૧૯૪૯ ની કલમ–૧૩૨ માં જણાવેલ જમીનો તથા મકાનો કરમુકત રહેશે. નીચે કોલમ–૧ માં જણાવેલ કરપાત્ર કિંમતવાળા મકાનો તથા જમીનો ઉપરનો સામાન્ય કર કોલમ–૨માં, દર્શાવ્યા મુજબનો રહેશે.

કરપાત્ર કિંમત	સામાન્ય કરના દર
કોલમ–૧	કોલમ–૨
રૂા. ૦ થી વધુ રૂા. ૬૦૦ સુધી	કરમુકત
રૂા. ૬૦૧ થી વધુ રૂા.૨૦૦૦ સુધી	૧૨ ટકા
રૂા.૨૦૦૧ થી વધુ રૂા.૫૦૦૦ સુધી	૧૫ ટકા
રૂા.૫૦૦૧ થી વધુ રૂા. ૭૦૦૦ સુધી	૨૩ ટકા
રૂા.૭૦૦૧ થી વધુ રૂા.૧૦,૦૦૦ સુધી	૨૫ ટકા
રૂા.૧૦૦૦૧ થી વધુ માટે	૩૦ ટકા

(૨) **<u>થીયેટર ટેકસ :–</u>**

સને.૨૦૧૪–૨૦૧૫ ના વર્ષ દરમ્યાન થીયેટર ટેકસ નીચે મુજબ વસુલ કરવાનો રહેશે.

સિનેમા પ્રત્યેક શો દીઠ.....રૂા.૫૦–૦૦

(૩) **<u>ખુલ્લા પ્લોટ :–</u>**

સને.૨૦૧૪–૨૦૧૫ ના વર્ષ માટે ખુલ્લા પ્લોટ ઉપર ટેકસ વસુલ કરવાનો દર સને. ૨૦૦૬ –૨૦૦૭ નાં વર્ષમાં જ.બો.ઠ.નં.૪૧ તા.૨૦/૦૨/૦૬ થી મંજુર થયા મુજબ યથાવત રહેશે.

(૪) **<u>ફાયર ટેક્ષ કર :–</u>**

સને.૨૦૧૪–૨૦૧૫ નાં વર્ષમાટે ફાયર ટેક્ષ ના દર સને.૨૦૦૭–૨૦૦૮ ના વર્ષમાં જ.બો.ઠ.નં.૪૫ તા.૧૮/૦૨/૨૦૦૮ થી મંજુર થયા પ્રમાણે યથાવત રહેશે.

(૫) **વાહન કરઃ–**

સને ૨૦૧૪–૨૦૧૫ના વર્ષ માટે વાહનકરના દર સને ૨૦૦૮–૨૦૦૯ના વર્ષમાં જ.બો.ઠ.નં.–૪૨ તા.૨૦/૦૨/૨૦૦૮થી મંજુર થયા પ્રમાણે નીચે મુજબ યથાવત રહેશે.

વાહન નું આયુષ્ય --→		૦-૧	૧-૨	૨-૩	૩-૪	૪-૫	૫-૬	૬-૭	૭-૮	૮-૯	૯-૧૦
વાહનની આયુષ્ય સંદર્ભ વાહન કરની ટકાવારી	વાર્ષિક કર	૧૦૦%	૯૫%	૯૦%	૮૫%	૮૦%	૭૫%	૭૦%	૬૫%	૬૦%	૫૦%
૧)- મોટર લોરી											
ક-૩૦વેટ નો બોજો ખેંચી જવા માટે	૧૨	૧૨૦	૧૧૪	૧૦૮	૧૦૨	૯૬	૯૦	૮૪	૭૮	૭૨	૬૬
ખ-૩૦થી૬૦ હંદ્રવેટનોબોજો ખેંચી જવા માટે	૧૮	૧૮૦	૧૭૧	૧૬૨	૧૫૩	૧૪૪	૧૩૫	૧૨૬	૧૧૭	૧૦૮	૯૯
ગ- ૬૦થી૯૦ હંદ્રવેટનોબોજો ખેંચી જવા માટે	૨૪	૨૪૦	૨૨૮	૨૧૬	૨૦૪	૧૯૨	૧૮૦	૧૬૮	૧૫૬	૧૪૪	૧૩૨
ઘ- ૯૦થી૧૨૦ હંદ્રવેટનોબોજો ખેંચી જવા માટે	૩૦	૩૦૦	૨૮૫	૨૭૦	૨૫૫	૨૪૦	૨૨૫	૨૧૦	૧૯૫	૧૮૦	૧૬૫
ચ- ૧૨૦થી૧૫૦ હંદ્રવેટનોબોજો ખેંચી જવા માટે	૩૬	૩૬૦	૩૪૨	૩૨૪	૩૦૬	૨૮૮	૨૭૦	૨૫૨	૨૩૪	૨૧૬	૧૯૮
છ- ૧૫૦ હંદ્રવેટથી ઉપર	૪૨	૪૨૦	૩૯૯	૩૭૮	૩૫૭	૩૩૬	૩૧૫	૨૯૪	૨૭૩	૨૫૨	૨૩૧
૨) ટ્રેલરો											
ક- ૪૦ હંદ્રવેટથી ઓછું	૬	૬૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩
ખ- ૪૦ હંદ્રવેટથી વધુ	૧૨	૧૨૦	૧૧૪	૧૦૮	૧૦૨	૯૬	૯૦	૮૪	૭૮	૭૨	૬૬
૩) ખાનગી મોટરો											
ક- ૧૫ હંદ્રવેટથી ૩૦ હંદ્રવેટ	૬	૬૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩
ખ- ૩૦ હંદ્રવેટથી વધુ	૧૨	૧૨૦	૧૧૪	૧૦૮	૧૦૨	૯૬	૯૦	૮૪	૭૮	૭૨	૬૬
ગ) ભાડે ફેરવવાની	૬	૬૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩
૪) મોટર સાયકલ/ઓટોરીક્ષા											
ક-૨૦૦ પાઉન્ડ થી ઓછું	૩	૩૦	૨૯	૨૭	૨૬	૨૪	૨૩	૨૧	૨૦	૧૮	૧૭
ખ-૨૦૦ પાઉન્ડ થી વધું	૬	૬૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩

(૬) **દિવાબતી કર :–**

સને.૨૦૧૪–૨૦૧૫ નાં વર્ષ માટે દીવાબતી કર ના દર સને.૨૦૧૦–૨૦૧૧ ના વર્ષમાં જ.બો. ઠ.નં.૫૪ તા.૧૬/૦૨/૨૦૧૦ થી મંજુર થયા પ્રમાણે યથાવત રહેશે.

(૭) **સફાઈ કર :–**

સને.૨૦૧૪–૨૦૧૫ નાં વર્ષમાટે સફાઈ કર ના દર સને.૨૦૧૦–૨૦૧૧ ના વર્ષમાં જ.બો.ઠ.નં.૫૩ તા.૧૬/૦૨/૨૦૧૦ થી મંજુર થયા પ્રમાણે યથાવત રહેશે.

(૮) **પાણીદરઃ–**

સને ૨૦૧૪–૨૦૧૫ના વર્ષ માટે પાણીના ચાર્જના દર જ.બો.ઠ.નં.–૫૧ તા.૧૬/૦૨/૨૦૧૦થી મંજુર થયા મુજબ નીચે પ્રમાણે રહેશે.

(અ) લો–રાઈઝ રહેણાંક તથા ફ્લેટ ટાઈપના મકાનો અને રહેણાંક સિવાયના મકાનો માટે નળ કનેકશન સાઈઝ પ્રમાણે પાણી પુરૂ પાડવા માટે ઉપયોગ પ્રમાણે દર કેલેન્ડર માસ અથવા તેના ભાગ માટે નીચે પ્રમાણે પાણીના દર રહેશે.

૧/૨ ઈંચ કનેકશનનો પ્રકાર	હાલનો દર
રહેણાંક	(વાર્ષિક) રૂા. ૮૪૦
બિનરહેણાંક	(વાર્ષિક) રૂા.૧૬૮૦

(બ–૧) મીટરથી પાણી પુરૂ પાડવામાં આવતું હોય તો તથા મીટર દ્વારા પાણી દેવાનું ફરજીયાત હોય છતાં મીટર બેસાડવામાં આવેલ ન હોય કે મીટર બંધ હોય તો આકારવાનો ઓછામાં ઓછો દર નીચે પ્રમાણે રહેશે.

નળ કનેકશનની સાઈઝ	હાલનો સરકાર માન્ય શાળા તેમજ સરકારી રહેણાંક ઉપયોગ માટે વપરાશનાં નળ કનેકશનનો ઓછામાં ઓછો માસિક દર	બીન રહેણાંક તેમજ બાગબગીચાનાં વપરાશમાં નળ કનેકશનનો ઓછામાં ઓછો માસિક દર
૩/૪" (૨૦ મી.મી.)	504	4060
૧" (૨૫ મી.મી.)	840	6720
૧ ૧/૪" (૩૦ મી.મી.)	1260	10080
૧ ૧/૨" (૪૦ મી.મી.)	2100	16800
૨" (૫૦ મી.મી.)	3360	26880
૨ ૧/૨" (૬૫ મી.મી.)	5040	40320
૩" (૮૦ મી.મી.)	8400	67200
૪" (૧૦૦ મી.મી.)	12600	100800
૬" (૧૫૦ મી.મી.)	18900	151200
૮" (૨૦૦ મી.મી.)	25200	201600
૧૨" (૩૦૦ મી.મી.)	33600	268800

(બ–૨) શહેરનાં હાઈરાઈઝ રહેણાંક મકાનો કે જેમાં મીટરથી પાણી પુરૂ પાડવામાં આવતું હોય તો તથા મીટર ધ્વારા પાણી દેવાનું ફરીજયાત હોય છતાં મીટર બેસાડવામાં આવેલ ન હોય કે મીટર બંધ હોય તો આકારવાનો ઓછામાં ઓછો દર નીચે પ્રમાણે રહેશે.

નળ કનેકશનની સાઈઝ	હાલના રહેણાંક મકાનો માટેનો ઓછામાં ઓછો માસિક દર
૩/૪" (૨૦ મી.મી.)	302
૧" (૨૫ મી.મી.)	504
૧ ૧/૪" (૩૦ મી.મી.)	756
૧ ૧/૨" (૪૦ મી.મી.)	1260
૨" (૫૦ મી.મી.)	2016
૨ ૧/૨" (૬૫ મી.મી.)	3024
૩" (૮૦ મી.મી.)	5040
૪" (૧૦૦ મી.મી.)	7560
૬" (૧૫૦ મી.મી.)	11340
૮" (૨૦૦ મી.મી.)	15120
૧૨" (૩૦૦ મી.મી.)	20160

(ક) મીટરથી લેવામાં આવતાં પાણીના સરકાર માન્ય શાળા માટે રૂા.૧૨/– તેમજ રહેણાંક ઉપયોગ માટે રૂા.૨૪/– દર ૧૦૦૦ લીટર દીઠ તેમજ સરકાર માન્ય શાળા તેમજ રહેણાંક સીવાયનાં જેવા કે બાગ–બગીચા, ઉદ્યોગ વ્યવસાયીક ઉપયોગ માટે દર ૧૦૦૦ લીટર દીઠ રૂા.૪૮/– અથવા લઘુતમ દર એ બે માંથી વધારે હોય તે વસુલ કરવાનો રહેશ. ૩/૮'' (૧૦ મી.મી) સાઈઝના નળ કનેકશનો માટેનો પાણી કર, ૧/૨'' (૧૫ મી.મી.) ના નિયત દરપ્રમાણે પાણીકર નિયત કરી તે પ્રમાણે વસુલ કરવાનો રહેશે.

(૮) <u>ડ્રેનેજ ટેકસઃ–</u>

સને ૨૦૧૪–૨૦૧૫ના વર્ષ માટે સને ૨૦૧૧–૨૦૧૨ના વર્ષ માટે જ.બો.ઠ.નં.–૫૧ તા.૧૯/૦૨/૨૦૧૧થી મંજુર થયા મુજબ ડ્રેનેજ ટેકસ નેટ કરપાત્ર રકમનાં ૫ % અથવા **રૂા.૩૦૦/–** બે માંથી જે વધારે હોય તે પ્રમાણે વસુલ કરવાનો રહેશે.

આ ઠરાવ બજેટની દરખાસ્ત અન્વયે થયેલ સ્ટે.ક.ઠ.નં.–૫૯૫ તા.૦૬/૦૨/૧૪ને આનુસાંગીક ગણવો.

ઘટીત નિર્ણય અર્થે જનરલબોર્ડમાં રજુ કરવું.

તા.૦૬/૦૨/૧૪ સર્વાનુમતે મંજુર

(સહી) રાજેન્દ્રસિંહ ઝાલા
ચેરમેન
સ્ટેન્ડીંગ કમીટી
રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન

સ્ટે.ક.ઠ.નં.–૫૯૭

ઠરાવ

સને ૨૦૧૪–૧૫ ના વર્ષ માટે રાજકોટ મહાનગરપાલીકા ધ્વારા વસુલ કરવામાં આવતા સામાન્યકર, સફાઈકર, શિક્ષણ ઉપકર, ફાયર ટેકસ, ડ્રેનેજ કર, દીવાબતીકર તથા પાણી ચાર્જની રકમ ભરવા માટે મિલ્કત ધારકો પ્રોત્સાહીત થાય તે માટે વળતર યોજના અમલી બનાવવા અંગે કમિશ્નરશ્રીનો પત્ર નં.૫૭૮ તા.૨૭/૦૧/૧૪નો લક્ષમાં લેવામાં આવે છે.

આ સબંધમાં રીપોર્ટ કરતા મ્યુનિસિપલ કમિશનરશ્રી જણાવે છે કે સને.૨૦૧૪–૨૦૧૫ ના વર્ષ માટે મહાનગરપાલિકા દ્વારા વસુલવામાં આવતાં સામાન્યકર, સફાઈકર, શિક્ષણ ઉપકર, ફાયરટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબતી કર, તથા પાણી ચાર્જની રકમ મિલ્કત ધારકો પોતાની ભરવાપાત્ર રકમ માટે પ્રોત્સાહિત થાય તેમજ મહાનગરપાલિકાની લેણી નિકળતી રકમ માંગણા નોટીસ વગર સહેલાઈથી મળી રહે તે માટે નિર્દેશ કરેલ વિગતે વળતર યોજના જાહેર કરવાં ઘટીત ઠરાવ અર્થે દરખાસ્ત રજુ કરેલ છે.

મ્યુનિસિપલ કમિશનરશ્રીનો ઉપરોકત રીપોર્ટ લક્ષમાં લેતા સને.૨૦૧૪–૨૦૧૫ ના વર્ષ માટે મહાનગરપાલિકા ધ્વારા વસુલવામાં આવતાં સામાન્યકર, સફાઈકર, શિક્ષણ ઉપકર, ફાયરટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબતી કર, તથા પાણી ચાર્જની રકમ ભરવા માટે મિલ્કત ધારકો પ્રોત્સાહિત થાય તેમજ મહાનગરપાલિકાની લેણી નિકળતી રકમ માંગણા નોટીસ વગર સહેલાયથી મળી રહે તે માટે નીચે જણાવેલ વિગતે વળતર યોજના અમલી બનાવવા આ કમીટી જનરલબોર્ડને ભલામણ કરે છે.

(૧) નવા નાંણાકીય વર્ષ વસુલાત શરૂ કર્યાની તારીખથી ૩૧ મે સુધીમાં સામાન્ય કર, સફાઈકર, શિક્ષણ ઉપકર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ કર, દિવાબતી કર, તથા પાણીચાર્જની વ્યાજ/નોટીસ ફી સહીતની પુરેપુરી રકમ ભરપાઈ કરી આપનારને સને.૨૦૧૪–૨૦૧૫ની સામાન્ય કર, સફાઈકર, શિક્ષણ ઉપકર, ફાયર ટેકસ ડ્રેનેજકર, દિવાબતીકર, તથા પાણી ચાર્જની રકમનાં ૧૦ % વળતર આપવું.

(૨) ઉપરોકત (૧) માં જણાવેલ મુદત પુરી થયેલ ત્યાર પછીના ૩૦ દિવસની અંદર એટલે કે ૧ જુન –૨૦૧૪ થી ૩૦ જુન–૨૦૧૪ સુધીમાં સામાન્ય કર, સફાઈકર, શિક્ષણ ઉપકર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ કર, દિવાબતી કર, તથા પાણીચાર્જની વ્યાજ/નોટીસ ફી સહીતની ચડતવેરાની પુરેપુરી રકમ ભરપાઈ કરી આપનારને સને.૨૦૧૪–૨૦૧૫ની સામાન્ય કર, સફાઈકર, શિક્ષણ ઉપકર, ફાયર ટેકસ ડ્રેનેજકર, દિવાબતીકર, તથા પાણી ચાર્જની રકમનાં ૫ % વળતર આપવું.

(૩) ઉપરોકત (૧) તથા (૨) માં જણાવેલ વિગતે ફકત મહિલાઓના નામેજ હોય તેવી મિલ્કતોમાં આપવામાં આવનાર વળતર ઉપરાંત વિશેષ ૫ % વળતર આપવુ.

આ ઠરાવ બજેટની દરખાસ્ત અન્વયે થયેલ સ્ટે.ક.ઠ.નં.–૫૯૫ તા.૦૬/૦૨/૧૪ને આનુસાંગીક ગણવો.

ઘટીત નિર્ણય અર્થે જનરલબોર્ડમાં રજુ કરવું.

તા.૦૬/૦૨/૧૪

સર્વાનુમતે મંજુર

(સહી) રાજેન્દ્રસિંહ ઝાલા
ચેરમેન
સ્ટેન્ડીંગ કમીટી
રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન

પરિપત્ર નં.૩૫ આ.નં.૦૧

જ.બો.ઠ.નં.૬૭ તા.૧૮/૦૨/૨૦૧૫

ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ની કલમ-૯૫ અન્વયે અનુક્રમે ૨૦૧૪-૧૫ની સાલના અંદાજપત્રમાં વધારો-ઘટાડો કરવા તથા સને ૨૦૧૫-૨૦૧૬ની સાલનું ઉત્પન્ન તથા ખર્ચનું અંદાજપત્ર અને તે અંગેની નોંધ મ્યુનિસિપલ કમિશનરશ્રી તરફથી તેમના પત્ર નં.૫૧૦ તા.૨૭/૦૧/૨૦૧૫ તથા તે પરત્વેનો સ્ટે.ક.ઠ.નં.૫૨૯ તા.૦૬/૦૨/૨૦૧૫ના લક્ષમાં લેવામાં આવે છે.

સૌપ્રથમ સને ૨૦૧૪-૧૫ની સાલના અંદાજપત્રમાં વધારો-ઘટાડો કરવા મ્યુનિસિપલ કમિશનરશ્રીએ રજુ કરેલ, આ સાથેના પત્રકના કોલમ નં.૧૦ મુજબની દરખાસ્ત તથા તે સંબંધે સ્થાયી સમિતિ તરફથી કરવામાં આવેલ ભલામણ પરત્વે ચર્ચા-વિચારણા કરવામાં આવેલ છે. ચર્ચા-વિચારણાના અંતે, આ સાથેના પત્રકના કોલમ નં.૧૨માં દર્શાવ્યા પ્રમાણે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિને આપવાના ફાળા સહિતનું ૨૦૧૪-૧૫નું રીવાઈઝ અંદાજપત્ર સુધારા-વધારા સહ મંજુર કરવામાં આવે છે.

સને ૨૦૧૫-૧૬ની સાલના અંદાજપત્રમાં ઉત્પન્ન તથા ખર્ચ અંગેની કમિશનરશ્રીની દરખાસ્ત પરત્વે સંપૂર્ણ ચર્ચા-વિચારણા કરવામાં આવેલ છે. ચર્ચા-વિચારણાના અંતે, ઉત્પન્ન થતા ખર્ચનું અંદાજપત્ર "અ" મહેસુલ આવક તથા ખર્ચ ભાગ-૧(અ)(બ), મૂડી આવકખર્ચનું અંદાજપત્ર ભાગ-૨(અ)(બ), અનામત આવક-જાવક અંદાજપત્ર ભાગ-૪, એસ્ટાબ્લિશમેન્ટ શેડ્યુલ, સીંકીંગ ફંડ આવકખર્ચનું અંદાજપત્ર તથા સ્ટાફ પેન્શન ફંડ આવકખર્ચનું અંદાજપત્ર વિગેરે આ સાથેના પત્રકમાં કોલમ નં.૧૩ થી તૈયાર કરવામાં આવેલ છે, જે મંજુર કરવામાં આવે છે.

આ ઉપરાંત ધી બી.પી.એમ.સી.એક્ટ-૧૯૪૮ની કલમ ૧૨૭,૧૨૯ તથા ૯૯ હેઠળ સને ૨૦૧૫-૧૬ના નાણાકીય વર્ષ માટે સામાન્ય કર, થીયેટર ટેક્સ, ખુલ્લા પ્લોટ પરનો ટેક્સ, ફાયરટેક્સ, વાહનકર, દીવાબતી કર, સફાઈ કર, પાણી દર અને ડ્રેનેજ ટેક્સ વસુલ કરવા પત્ર નં.૫૧૧ તા.૨૯/૦૧/૨૦૧૫ તથા વર્ષ ૨૦૧૫-૧૬માં મિલકતધારકો સામાન્ય કર, સફાઈ કર, શિક્ષણ ઉપકર, ફાયર ટેક્સ, ડ્રેનેજ કર, દીવાબતી કર તથા પાણીના ચાર્જની રકમ ભરવા પ્રોત્સાહિત થાય તે માટે વળતર યોજના અમલમાં મુકવા પત્ર નં.૫૧૨ તા.૨૯/૦૧/૨૦૧૫, કમિશનરશ્રીએ રજુ કરેલ આનુષાંગિક દરખાસ્તો પરત્વે અલગ અલગ ઠરાવો કરવાનું મુનાસિબ જણાય છે, તેથી તે માટે અલગ અલગ ઠરાવો કરવામાં આવેલ છે, તે અંદાજપત્ર સહ મંજુર કરવામાં આવે છે.

તરફેણ – ૫૩
વિરુદ્ધ – ૦૭

(ભીખાભાઈ વસોયા)

બહુમતે મંજુર
R. R. Baliyar
મેયર
રાજકોટ મહાનગરપાલિકા

(કમલેશભાઈ મીરાણી)

પરિપત્ર નં.૩૫ આ.નં.૦૨

જ.બો.ઠ.નં.૬૮ તા.૧૮/૦૨/૨૦૧૫

સને ૨૦૧૫-૧૬ના વર્ષ દરમ્યાન ધી બી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ની કલમ-૧૨૭,૧૨૯ તથા ૯૯ હેઠળ જુદા જુદા કરવેરા જેવા કે, સામાન્ય કર, સફાઈ કર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ ચાર્જ, પાણી ચાર્જ/ટેક્ષ તથા થીયેટર ટેક્ષ, દીવાબત્તી કર નિયત કરવા અંગે કમિશનરશ્રીનો પત્ર નં.૫૧૧ તા.૨૯/૦૧/૨૦૧૫ તથા તે પરત્વેનો સ્ટે.ક.ઠ.નં.૫૩૦ તા.૦૬/૦૨/૨૦૧૫નો લક્ષમાં લેવામાં આવે છે.

મ્યુનિસિપલ કમિશનરશ્રીએ રજુ કરેલ કરવેરાની દરખાસ્ત લક્ષમાં લેતા, સને ૨૦૧૫-૧૬ના વર્ષ દરમિયાન ધી બી.પી.એમ.સી.એક્ટ-૧૯૪૯ની કલમ-૧૨૭, ૧૨૯ તથા ૯૯ અન્વયે નીચે નિર્દેશ કરેલ જુદા જુદા કરવેરા નિયત કરવાનું મંજુર કરવામાં આવે છે.

૧. સામાન્ય કર:-

તા.૦૧/૦૪/૨૦૧૫ થી ૩૧/૦૩/૨૦૧૬ના સમયગાળા માટે, જમીનોની તથા મકાનોની કિંમતોની, નીચે જણાવેલ દરો મુજબ સામાન્ય કર લેવા દરખાસ્ત છે. જેમાં ધી બી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ની કલમ-૧૩૨માં જણાવેલ જમીનો તથા મકાનો કરમુક્ત રહેશે. નીચે કોલમ-૧માં જણાવેલ કરપાત્ર કિંમતવાળા મકાનો તથા જમીનો ઉપરનો સામાન્ય કર, કોલમ-૨માં દર્શાવ્યા મુજબનો રહેશે.

કરપાત્ર કિંમત	સામાન્ય કરના દર
કોલમ-૧	કોલમ-૨
રૂ.૦થી વધુ રૂ.૬૦૦ સુધી	કરમુકત
રૂ.૬૦૧ થી વધુ રો.૨૦૦૦સુધી	૧૨ ટકા
રૂ.૨૦૦૧ થી વધુ રૂ.૫૦૦૦સુધી	૧૫ ટકા
રૂ.૫૦૦૧ થી વધુ રૂ.૭૦૦૦સુધી	૨૩ ટકા
રૂ.૭૦૦૧ થી વધુ રૂ.૧૦૦૦૦સુધી	૨૫ ટકા
રૂ.૧૦૦૦૧ થી વધુ માટે	૩૦ ટકા

૨. થીયેટર ટેક્ષ:-

સને ૨૦૧૫-૧૬ના વર્ષ દરમિયાન થીયેટર ટેક્સ નીચે મુજબ વસુલ કરવાનો રહેશે.

(અ) સિનેમા પ્રત્યેક શો દીઠ ----------રૂ.૫૦-૦૦

૩. ખુલ્લા પ્લોટ:-

સને ૨૦૧૫-૧૬ના વર્ષ માટે ખુલ્લા પ્લોટ ઉપર ટેકસ વસુલ કરવાનો દર સને ૨૦૦૬-૨૦૦૭નાં વર્ષમાં જ.બો.ઠ.નં.૪૧ તા.૨૦/૦૨/૨૦૦૬થી મંજુર થયા મુજબ, યથાવત રહેશે.

૪. ફાયર ટેક્ષ:-

સને ૨૦૧૫-૧૬ના વર્ષ માટે ફાયર ટેક્ષના દર સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં જ.બો.ઠ.નં.૪૫ તા.૧૮/૦૨/૨૦૦૮થી મંજુર થયા મુજબ, યથાવત રહેશે.

૫. વાહન કર:-

સને ૨૦૧૫-૧૬ના વર્ષ માટે વાહન કરના દર સને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં જ.બો.ઠ. નં.૪૨ તા.૨૦/૦૨/૨૦૦૮થી મંજુર થયા મુજબ, નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબનો આજીવન વાહન કર વસુલ કરવો.

Scanned with OKEN Scanner

વાહનનું આયુષ્ય→		૦-૧	૧-૨	૨-૩	૩-૪	૪-૫	૫-૬	૬-૭	૭-૮	૮-૯	૯-૧૦
વાહનના આયુષ્ય સંદર્ભ વાહન કરની ટકાવારી	વાર્ષિક કર	૧૦૦%	૯૫%	૯૦%	૮૫%	૮૦%	૭૫%	૭૦%	૬૫%	૬૦%	૫૦%
૧)- મોટર લોરી											
(૧.૧) -૩૦વેટ નો બોજો ખેંચી જવા માટે	૧૨	૧૨૦	૧૧૪	૧૦૮	૧૦૨	૯૬	૯૦	૮૪	૭૮	૭૨	૬૬
(૧.૨) -૩૦થી૬૦ હંદ્રવેટનોબોજો ખેંચી જવા માટે	૧૮	૧૮૦	૧૭૧	૧૬૨	૧૫૩	૧૪૪	૧૩૫	૧૨૬	૧૧૭	૧૦૮	૯૯
(૧.૩)- ૬૦થી૯૦ હંદ્રવેટનોબોજો ખેંચી જવા માટે	૨૪	૨૪૦	૨૨૮	૨૧૬	૨૦૪	૧૯૨	૧૮૦	૧૬૮	૧૫૬	૧૪૪	૧૩૨
(૧.૪)- ૯૦થી૧૨૦ હંદ્રવેટનોબોજો ખેંચી જવા માટે	૩૦	૩૦૦	૨૮૫	૨૭૦	૨૫૫	૨૪૦	૨૨૫	૨૧૦	૧૯૫	૧૮૦	૧૬૫
(૧.૫)- ૧૨૦થી૧૫૦ હંદ્રવેટનોબોજો ખેંચી જવા માટે	૩૬	૩૬૦	૩૪૨	૩૨૪	૩૦૬	૨૮૮	૨૭૦	૨૫૨	૨૩૪	૨૧૬	૧૯૮
(૧.૬)- ૧૫૦ હંદ્રવેટથી ઉપર	૪૨	૪૨૦	૩૯૯	૩૭૮	૩૫૭	૩૩૬	૩૧૫	૨૯૪	૨૭૩	૨૫૨	૨૩૧
૨) ટ્રેલરો											
(૨.૧)- ૪૦ હંદ્રવેટથી ઓછું	૬	૬૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩
(૨.૨)- ૪૦ હંદ્રવેટથી વધુ	૧૨	૧૨૦	૧૧૪	૧૦૮	૧૦૨	૯૬	૯૦	૮૪	૭૮	૭૨	૬૬
૩) ખાનગી મોટરો											
(૩.૧)- ૧૫ હંદ્રવેટથી ૩૦ હંદ્રવેટ	૬	૬૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩
(૩.૨)- ૩૦ હંદ્રવેટથી વધુ	૧૨	૧૨૦	૧૧૪	૧૦૮	૧૦૨	૯૬	૯૦	૮૪	૭૮	૭૨	૬૬
(૩.૩) ભાડે ફેરવવાની	૬	૬૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩
૪) મોટર સાયકલ/ઓટોરીક્ષા											
(૪.૧)-૨૦૦ પાઉન્ડ થી ઓછું	૩	૩૦	૨૯	૨૭	૨૬	૨૪	૨૩	૨૧	૨૦	૧૮	૧૭
(૪.૨)-૨૦૦ પાઉન્ડ થી વધું	૬	૬૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩

૬. દીવાબત્તી કર:-

સને ૨૦૧૫-૧૬ના વર્ષ માટે દીવાબત્તી કરના દર સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં જ.બો.ઠ.નં.૫૪ તા.૧૬/૦૨/૨૦૧૦થી મંજુર થયા મુજબ, યથાવત રહેશે.

૭. સફાઈ કર:-

સને ૨૦૧૫-૧૬ના વર્ષ માટે સફાઈ કરના દર સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં જ.બો.ઠ.નં.૫૩ તા.૧૬/૦૨/૨૦૧૦ થી મંજુર થયા મુજબ, યથાવત રહેશે.

૮. પાણી દર:-

સને ૨૦૧૫-૧૬ના વર્ષ માટે પાણી વેરાના દર જ.બો.ઠ.નં.૫૧ તા.૧૬/૦૨/૨૦૧૦થી મંજુર થયા પ્રમાણે, નીચે મુજબના રહેશે.

Scanned with OKEN Scanner

(અ) લો-રાઈઝ રહેણાંક તથા ફલેટ ટાઈપના મકાનો અને રહેણાંક સિવાયના મકાનો માટે નળ કનેકશન સાઈઝ પ્રમાણે પાણી પુરૂં પાડવા માટે ઉપયોગ પ્રમાણે દર કેલેન્ડર માસ અથવા તેના ભાગ માટે નીચે પ્રમાણે પાણીના દર રહેશે.

૧/૨ ઈંચ કનેકશનનો પ્રકાર	હાલનો દર (રૂ.)
રહેણાંક કનેકશન	વાર્ષિક રૂ.૮૪૦/-
બીન રહેણાંક કનેકશન	વાર્ષિક રૂ.૧૬૮૦/-

(બ-૧) મીટરથી પાણી પુરૂં પાડવામાં આવતું હોય તો તથા મીટર દ્વારા પાણી પુરૂં પાડવાનું ફરજીયાત હોય છતાં મીટર બેસાડવામાં આવેલ ન હોય કે મીટર બંધ હોય તો આકારવાનો ઓછામાં ઓછો દર નીચે પ્રમાણે રહેશે.

નળ કનેકશનની સાઈઝ	હાલનો સરકાર માન્ય શૈ.સં, તેમજ સરકારી રહેણાંક ઉપયોગ માટે વપરાશના નળ કનેકશનનો ઓછામાં ઓછો માસિક દર(રૂ.)	બીન રહેણાંક તેમજ બાગબગીચાનાં વપરાશમાં નળ કનેકશનનો ઓછામાં ઓછો માસિક દર (રૂ.)
3/4" (૨૦મી.મી.)	૫૦૪	૪૦૬૦
૧" (૨૫મી.મી.)	૮૪૦	૬૭૨૦
૧ ૧/૪" (૩૦મી.મી.)	૧૨૬૦	૧૦૦૮૦
૧ ૧/૨" (૪૦મી.મી.)	૨૧૦૦	૧૬૮૦૦
૨" (૫૦મી.મી.)	૩૩૬૦	૨૬૮૮૦
૨ ૧/૨" (૬૫મી.મી.)	૫૦૪૦	૪૦૩૨૦
૩" (૮૦મી.મી.)	૮૪૦૦	૬૭૨૦૦
૪" (૧૦૦મી.મી.)	૧૨૬૦૦	૧૦૦૮૦૦
૬" (૧૫૦મી.મી.)	૧૮૯૦૦	૧૫૧૨૦૦
૮"(૨૦૦મી.મી.)	૨૫૨૦૦	૨૦૧૬૦૦
૧૨" (૩૦૦મી.મી.)	૩૩૬૦૦	૨૬૮૮૦૦

(બ-૨) શહેરના હાઈરાઈઝ રહેણાંક મકાનો કે જેમાં મીટરથી પાણી પુરૂં પાડવામાં આવતું હોય તો તથા મીટર દ્વારા પાણી પુરૂં પાડવાનું ફરજીયાત હોય છતાં મીટર બેસાડવામાં આવેલ ન હોય કે મીટર બંધ હોય તો આકારવાનો ઓછામાં ઓછો દર નીચે પ્રમાણે છે.

નળ કનેકશનની સાઈઝ	હાલનાં રહેણાંક મકાનો માટેનો ઓછામાં ઓછો માસિક દર (રૂ.)
3/4"(૨૦ મી.મી.)	૩૦૨
૧"(૨૫ મી.મી.)	૫૦૪
૧ ૧/૪"(૩૦ મી.મી.)	૭૫૬
૧ ૧/૨"(૪૦ મી.મી.)	૧૨૬૦
૨"(૫૦ મી.મી.)	૨૦૧૬
૨ ૧/૨"(૬૫ મી.મી.)	૩૦૨૪
૩"(૮૦ મી.મી.)	૫૦૪૦

Scanned with OKEN Scanner

૪"(૧૦૦ મી.મી.)	૭૫૬૦
૬"(૧૫૦ મી.મી.)	૧૧૩૪૦
૮"(૨૦૦ મી.મી.)	૧૫૧૨૦
૧૨"(૩૦૦ મી.મી.)	૨૦૧૬૦

(૪) મીટરથી લેવામાં આવતાં પાણીના દર સરકાર માન્ય શાળા માટે રૂ.૧૨/- તેમજ રહેણાંક ઉપયોગ માટે રૂ.૨૪/- પ્રતિ ૧૦૦૦ લીટર દીઠ તેમજ સરકાર માન્ય શાળા તેમજ રહેણાંક સિવાયના જેવા કે બાગ-બગીચા, ઉદ્યોગ, વ્યવસાયિક ઉપયોગ માટે પ્રતિ ૧૦૦૦ લીટર દીઠ રૂ.૪૨/- અથવા લઘુતમ દર આ બેમાંથી વધારે હોય તે વસુલ કરવાનો રહેશે. ૩/૮"(૧૦ મી.મી.) સાઈઝના નળ કનેકશન માટેનો પાણી કર, ૧/૨"(૧૫ મી.મી.) ના નિયત દર પ્રમાણે પાણી કર નિયત કરી તે પ્રમાણે વસુલ કરવાનો રહેશે.

૯. ડ્રેનેજ ટેક્ષ:

સને ૨૦૧૫-૧૬ના વર્ષ માટે સને ૨૦૧૧-૨૦૧૨ના વર્ષમાં જ.બો.ઠ.નં.૫૧ તા.૧૯/૦૨/૨૦૧૧ થી મંજુર થયા મુજબ ડ્રેનેજ ટેક્ષ નેટ કરપાત્ર રકમનાં ૫% અથવા રૂ. ૩૦૦/- આ બેમાંથી જે વધારે હોય તે પ્રમાણે યથાવત રહેશે.

આ ઠરાવ, બજેટની દરખાસ્ત અન્વયે થયેલ સ્ટે.ક.ઠ.નં.૫૨૯ તા.૦૬/૦૨/૨૦૧૫ તથા તે પરત્વેના જ.બો.ઠ.નં.૬૭ તા.૧૮/૦૨/૨૦૧૫ને આનુષાંગિક ગણવો.

(કમલેશભાઈ મીરાણી)

(લીખા ભાઈ વસોયા)

સર્વાનુમતે મંજુર
R. R. Baliyej
મેયર
રાજકોટ મહાનગરપાલિકા

જ.બો.ઠ.નં.૬૯ તા.૧૮/૦૨/૨૦૧૫

સને ૨૦૧૫-૧૬ના વર્ષ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વસુલવામાં આવનાર સામાન્ય કર, સફાઈ કર, શિક્ષણ ઉપકર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ ચાર્જ, દીવાબત્તી કર તથા પાણી ચાર્જની પોતાની ભરવાપાત્ર રકમ ભરવા માટે મિલકત ધારકો પ્રોત્સાહિત થાય તેમજ મહાનગરપાલિકાની લેણી નીકળતી રકમ માંગણા નોટીસ વગર સહેલાઈથી મળી રહે તે માટે વળતર યોજના જાહેર કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.૫૧૨ તા.૨૯/૦૧/૨૦૧૫ તથા તે પરત્વેનો સ્ટે.ક.ઠ.નં.૫૩૧ તા.૦૬/૦૨/૨૦૧૫નો લક્ષમાં લેવામાં આવે છે.

આ સંબંધમાં રીપોર્ટ કરતા કમિશનરશ્રી જણાવે છે કે, સને ૨૦૧૫-૧૬ના વર્ષ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વસુલવામાં આવનાર સામાન્ય કર, સફાઈ કર, શિક્ષણ ઉપકર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ ચાર્જ, દીવાબત્તી કર તથા પાણી ચાર્જની પોતાની ભરવાપાત્ર રકમ ભરવા માટે મિલકત ધારકો પ્રોત્સાહિત થાય તેમજ મહાનગરપાલિકાની લેણી નીકળતી રકમ માંગણા નોટીસ વગર સહેલાઈથી મળી રહે તે માટે નિર્દેશ કરેલ વિગતે વળતર યોજના જાહેર કરવા ઘટીત ઠરાવ અર્થે કમિશનરશ્રીએ દરખાસ્ત રજુ કરેલ છે.

મ્યુનિસિપલ કમિશનરશ્રીનો ઉપરોક્ત રીપોર્ટ તથા તે પરત્વેનો સ્ટે.ક.ઠ.નં.૫૩૧ તા.૦૬/૦૨/૨૦૧૫નો લક્ષમાં લેતા, સને ૨૦૧૫-૧૬ના વર્ષ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વસુલવામાં આવનાર સામાન્ય કર, સફાઈ કર, શિક્ષણ ઉપકર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ ચાર્જ, દીવાબત્તી કર તથા પાણી ચાર્જની પોતાની ભરવાપાત્ર રકમ ભરવા માટે મિલકત ધારકો પ્રોત્સાહિત થાય તેમજ મહાનગરપાલિકાની લેણી નીકળતી રકમ માંગણા નોટિસ વગર સહેલાઈથી મળી રહે તે માટે નીચે મુજબ વળતર યોજના જાહેર કરવાનું મંજુર કરવામાં આવે છે.

(૧) નવા નાણાકીય વર્ષમાં વસુલાત શરૂ કર્યાની તારીખથી ૩૧મે, ૨૦૧૫ સુધીમાં સામાન્ય કર, સફાઈ કર, શિક્ષણ ઉપકર, ફાયરટેક્ષ, ડ્રેનેજ ચાર્જ, દીવાબત્તી કર તથા પાણી ચાર્જ અને વ્યાજ/નોટિસ ફી સહિતની ચડત વેરાની પુરેપુરી રકમ ભરપાઈ કરી આપનારને સને ૨૦૧૫-૧૬ની સામાન્ય કર, સફાઈ કર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ ચાર્જ, દીવાબત્તી કર તથા પાણી ચાર્જની માંગણાની રકમના ૧૦% વળતર આપવું.

